તુરકી સામે,

ઈટાલીયન કાવતરૂં.

લખનાર,

નાનજી ગોવિંદજી ત્રીવેદી.

અમરેલી-કાઠીયાવાડ.

પ્રકાશક,

શાહ મંગળદાસ લલ્લુભાઈ બુકસેલર.

લીમડાચોક-સુરત.

આ ટાઈટલ પેજ સુરત લીમડાચોકમાં આવેલા "શ્રી નારાયણ" પ્રિન્ટીંગ પ્રેસમાં મંગળદાસ લલ્લુભાઈએ છાપ્યું.

કીંમત ૧-૪-૦

તુરકી સામે

ઈટાલીયન કાવતરૂં.

લખનાર,

વાલજી ગોવિંદજી ત્રીવેદી.
અમરેલી-કાઠીયાવાડ.

પ્રકાશક,

શાહ મંગળદાસ લલ્લુભાઇ બુકસેલર.

લીમડાચોક-સુરત.

સને ૧૯૨૧.

શ્રી નારાયણ પ્રિન્ટીંગ પ્રેસ લીમડાચોક-સુરત.

કીંમત ૧-૪-૦

આ બુકના પા. ૧ થી ૧૭૮ પેજ અમરેલી (કાઠીયાવાડ) અબદુલ્લા ઈસમાઇલે પોતાના ઇસલામ સદ્ર પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યા.

આ પુસ્તકનું ટાઈટલ પેજ સુરત લીમડાચોકમાં આવેલા 'શ્રી નારાયણ' પ્રિન્ટીંગ પ્રેસમાં મંગળદાસ લલ્લુભાઇએ પોતાને માટે છાપી ત્યાંથીજ પ્રગટ કર્યું.

તુરકી સામે

ઈટાલીયન કાવતરૂં.

લડાઇનું કારણ.

આ વાર્તાની શરૂઆત કરતા પહેલાં, તેમાં જે કાવતરૂં રચાય છે, તેની ઉત્પત્તિનું કારણ વાંચનારાઓ સામે રજુ કરવાની અગત્યતા અમોને એટલા માટે જણાય છે કે, વાંચક વર્ગ પાછલા બનાવોથી માહીતગાર હોય તો આગળ જતાં ગુંચવાય નહીં.

હમેશાં તોફાન પહેલાં ઉછાળો હોવોજ જોઇએ, એ બાબત તરફ જોતાં સ્વાભાવીક જાણવાની ઇચ્છા થાય કે લડાઇની ઉત્પત્તિ, તુરકીની હાડમારી, તેની નાસીપાસી, વીગેરે બાબતોનું કારણ તો કંઇ હોવુંજ જોઇએ. જો કે સાદી નજરે આ કારણ બહુજ ગંભીર દેખાશે, પરંતુ રાજદ્વારી કુનેહ તરફ દ્રષ્ટી લંબાવતાં એક ચાલાક ભેજાંની કુનેહ-કારસાજીનો ખ્યાલ આપણને આવી શકશે.

શરૂઆતમાં ફ્રેન્ચને મૌરોક્કો સાથે લડાઇમાં ઉતરવું પડયું હતું. લડાઇ એટલા જોશ પર હતી કે બંને પક્ષમાંથી એક પણ પક્ષ પાછું હઠતું ન હતું. મુરીસ્યસો પોતાના દેશના રક્ષણ માટે કમર કસી ફ્રાંસને હંફાવી રહ્યા હતા. આ હંફાવનારાઓનો મુખ્ય ભાગ કીનારા પરના અરબોનો હોવાથી તેનું જુદીજ રીતે કાસળ પતાવી મોરોક્કોને નબળું પાડી, હાથ કરવાની ચટપટ ફ્રાન્સના ભેજાંમાં થવા માંડી. યુરોપના બધાં રાજ્યો કરતાં એવી કુનેહ–કારસાજીની બાબતમાં ફ્રાન્સ ઠીક ગણાય છે.

ફ્રાન્સના ભેજાંમાં એ વખતે એવોજ વાયરો આવ્યો કે આ વખતમાં જો ઇટલીને ત્રીપોલીને બહાને ટરકી સામે ઉશકેરી મુકવામાં આવે તો કીનારા પરના અરબો તેના બચાવમાં રોકાઇ જાય; અને એમ થવાથી આપણી ફતેહ માટે જે શંકાઓ છે તે દુર થઈ જાય.

બસ ફ્રાન્સે ઇટલીને ઉશકેરી મુકયું !

અહીંથી હવે આપણી વાર્તાનો પ્લૅાટ રચાય છે. ઇટલીએ સીધી રીતે લડાઇ ન માગતાં લડાયક તૈયારી કરતાં સુધી, ટરકી સામે એક એવું ભયંકર કાવતરૂં રચ્યું કે તેમાં જો તેને ફતેહ મળે તો, બહુજ થોડી મહેનતે ટરકી હાથમાં આવી જાય. પરંતુ છેવટે તે કાવતરૂં ફુટયું અને અંતે કાવતરાંખોરોજ તેનો ભોગ થઇ પડયા. અને છેલ્લી ઘડીએ નીરાશ થઇ ગયેલું ટરકી નવા જોશ પર આવ્યું; ત્યાં સુધીની કલ્પના આ પુસ્તકમાં રજુ કરવામાં આવી છે.

ખાનાખરાબીનું મંડાણ.

ટેકરી પર આવેલું નેપલ્સ શહેર, બારાનાં કાળાં પાણીમાં ડૂબતા સુર્યનાં લાલ કીરણોથી હંમેશ કરતાં પણ વધુ રળીયામણું બની રહ્યું હતું. સાંજ–તેમાં પણ સમીસાંજના વખતે તો પોતાની ગોલાબી ચાદરથી ગોયા આખા શહેરને રંગી તેની સુંદરતામાં ઓર વધારો કર્યો હતો. આગથી ધગ ધગતો ઝનુની વિસુવીયસ પણ આ શાન્ત સીનેરી જોવા અત્યારે નરમ થઇ ગયો હતો. આવી શાન્ત અને સુંદર સાંજ સાથે આપણુને કામ નથી, પરંતુ એજ વખતે એક 'ખાણા ખરાબી' ના કારસ્તાનની શરૂઆત ત્યાં થઈ રહી હતી તે આપણે જોવાનું છે, કે જે કારસ્તાને દુનીનાની એક મોટી ઇસ્લામી શહેનશાહતને પાયામાંથી હચમચાવી દીધી છે.

જે કાવતરાંથી આખી દુનીઆં અજાણુ હતી તે કાવતરૂં શું હતું તે આપણે જોઇએ. થોડા કલાકથી શહેરની ઉંચામાં ઉંચી ટોચપર આવેલાં મકાનમાંથી બે માણુસો બારામાં દાખલ થતી દરેક સ્ટીમરને ઉંચી જાતનાં દુરબીનોથી જોયા કરતા હતા.

" હજુ પણ આપણી યાટ કેમ દેખાતી નથી? કંઇ અકસ્માત તો નહીં થયો હોય ! " તે બેમાંના એક ઉંચા દેખાતા માણુસે દુરબીન મુકી દઈ કંઇક કચવાટથી કહ્યું, " તારમાં તો સાફ લખેલું છે કે 'કમર અલ જમાન' નામની સ્ટીમ યાટ ગઇ કાલે મળસકે સ્ટ્રેટ્સ ઓફ મસીના પસાર કરી ગઇ છે, ત્યારે અહીં તો બહુ વાર પહેલાં આવી જવી જોઇએ."

" ત્હારૂં ધારવું ખરૂં છે." બીજો બોલ્યો. "પરંતુ તું ભુલી જાય છે કે 'કમરઅલ જમાન' એક ખાનગી બોટ છે. વખતે એમ પણ હોય કે પવન માફક હોવાથી તેના માલીકે કોલસાના બચાવ ખાતર પવનને આધારે આવવું વધુ પસંદ કીધું હોય."

" ધિક્કાર પડજો તેની આવી કંજુસાઇ ઉપર." પેલો લાંબો બબડયો. " તે નહીં જાણતો હોય કે તેની યાટને બારામાં દાખલ થએલી જોવાને આપણે કેટલા આતુર છીએ."

" એટલું છતાં તેમાં જે આપણા દોસ્તો છે તેઓની સલામતી ખાતર એ ટરકીશ બચ્ચો નહીં જાણે તેમાંજ સારૂં છે." બીજે માણસે જવાબ આપ્યો. " જો તેના જાણવામાં આવે તો આપણું સત્યાનાશજ વળી જાય. આપણે જેની રાહ જોઇએ છીએ તેની રાહ માંજ જીંદગી વીતાવીએ અને કારસ્તાન ખુલ્લું પડી જાય એટલે કોને કેટલું સોચવું પડે તેનો ખ્યાલ તને નહીં આવતો હોય !"

" શું તુ મને એમ તદન ગધેડો સમજે છે !" પેલો કડક થઈ બોલ્યો. " બેશક એ બધું હું જાણું છું, છતાં મ્હારી આતુરતા કમી કરી શકતો નથી. તું આપણી બાજીનો ખ્યાલ કર. દુનીયા પરની એક મહાન શહેનશાહત અને તેની પ્રજાને કાયર કરી, ધુળમાં રગદોળવાની આવી તક કંઇ હમેશાં મળતી નથી. હવે જો થોડા વખતમાં એ સ્ટીમર બારામાં દાખલ નહીં થાય તો આપણી બધી યુક્તિઓ ધુળમાં મળી જશે એ ખ્યાલજ મને ગભરાવી મુકે છે."

"તેણી પોતાનો ટાઇમ ચુકે તેવી નથી." તેના સાથીએ ધીરજ આપી. "તેણીએ હજુ સુધી કોઈ વાર આપણને નિરાશ કર્યાં નથી એટલે તું ફીકર ના કર."

"હું કબુલ કરૂં છું કે પોતાની મરજીથી તો તેણી તેમ કરે નહીં." બીજો બોલ્યો, "પણ આ બાબતમાં તો કદાચ તેણી પોતાની મરજી માફક ન પણ ચાલી શકે. તેણી એક મનહરણ દેખાવની ખુબ સુરત અબળા છે, અને આ તરફીશ પાશા તેણી સાથે વધુ વખત ગાળવાની ઇચ્છાથી પોતાની ચાટને ઇરાદા પુર્વક ચકરાવો ખવારી લઈ આવે. વખતે તે તેણીને સીધો ઇસ્તંબુલ લઈ જાય તો પછી આપણું શું થાય ?"

"એમ કરે ત્યારે તો ઘણું સારૂં ! કારણ તેમ કરીને તો તે સામો અજાણપણે તેણીને મદદગાર થઇ પડે."

એ બીજો માણસ કંઈ બોલ્યો નહિ, પરંતુ મારાં તરફ એક અધીરાઇની આંખ ફેરવી ઓરડામાં ફેરા ખાવા લાગ્યો. તે કદમાં ઉંચો અને ત્રીશેક વરસની ઉમરનો જવાન હતો, અને એક મજબુત સીપાઈ બચ્ચાની અદાથી ચાલતો હતો. તેના ખામી વગરના પોષાક અને સભ્ય ચાલ ચલણથી તેને ઉંચી મંડળીમાં ફરનાર તરીકે કોઇ પણ ઓળખી કાઢે. બીજા હાથ તરફ તેનો સાથી ઠીંગણો પણ મજબુત હતો. તેના વાળ બહુજ ટુંકા કાપેલા હતા, તેની ટુંકી ગરદન અને ચપળ આંખો જોઇને કોઈ પણ કહી શકે કે તે ઘણો ચાલાક હોવો જોઇએ. જે ઓરડામાં તેઓ હતા તે બહુજ નાહનો અને

તદ્દન સગવડતા વગરનો હતો, તો પણ નેપલ્સનું આખું બારૂં સાફ જોઈ શકવાના કામ માટે આખા શહેરમાંના કોઇ પણ કીંમતી ઓરડા કરતાં તે વધુ સરસાઇ ભોગવતો હતો.

આખરે પેલો જવાન ફેરા મારતાં થાકી ગયો અને એક ખુરશી પર બેશી સીગારેટ સળગાવી. થોડીક મીનીટ સુધી તો તે બન્ને વચ્ચે કંઇ વાતચીત થઇ નહીં. પેલો ઠીગણો માણસ તો બીલાડીની નજરે બારાં તરફ જોઇ રહ્યો હતો. એકાએક તેણે બુમ મારી તેથી પેલો લાંબો ખુરશીમાં ઉછળી ઉભો થયો.

" કેમ શું છે ? " તેણે પુછ્યું, " તને કંઇ દેખાય છે ? "

" મને લાગે છે કે હવે તે આવે છે." પેલો બોલ્યો, " જો તું સીધી નજરે જોશે તો ઘણે દુર કંઇ સફેદ ધાબા જેવું દેખાશે. "

તેણે જોયું તો જણાયું કે તેનો સાથી તદન સાચો હતો, પરંતુ એ સફેદ ધાબું પેલી યાટજ છે કે કેમ ? તેની ખાત્રી કરવાને માટે તેઓને લગભગ એક કલાક થોભવું પડયું.

આખરે તેઓની શંકા દુર થઇ અને એક શોભાયમાન સફેદ યાટે બારામાં દાખલ થઈ લંગર નાખ્યું. તેઓએ હવે યાટ પર જવા કીનારે જવાની તૈયારી કરવા માંડી, અને ઓરડામાંથી બહાર નીકળતાં પહેલાં પેલા ઉંચા જવાને પોતાના પોશાકમાં થોડો ફેરફાર કરી લીધો.

" ખુદા આપણને માફ કરે. " તે એક પાદરી જેવી ટોપી ખુટી પરથી લેતાં હસીને બોલ્યો, " આવા ઢોંગ કોણ જાણે ક્યાં સુધી

કરવા પડશે. પણ જો આપણી ખુબસુરત કાઉન્ટેસ પોતાની બાજી બરાબર રમી હશે તો પેલો તરકીશ ઉમરાવ આગળ જતાં આપણને બહુ ઉપયોગી થઇ પડશે. આપણે તેને પ્રથમથીજ ગભરાટમાં નાખવો નહીં જોઇએ, એટલા માટે તારે યાદ રાખવું કે હું જાણે તેણીનો વકીલ છું. અને તેણીની એસ્ટેટોના સંબંધમાં જરૂરી વાતચીતને માટે નેપલ્સ આવ્યો છું. આમ કરવાથી આપણી બાબતમાં તે તરકીશ પાશાને પણ વહેમ આવશે નહીં.

વાત કરતાં કરતાં તેણે ડગલો પણ પહેરી લીધો. ગંભીર ચ્હેરે એક સાંકડો દાદર ઉતરી તેઓ રસ્તા પર આવ્યા, તે દિવસે ગરમી બહુજ પડેલી હોવાથી આખું નેપલ્સ શહેર સાંજની ઠંડીથી જરા શાન્ત હતું, પણ પેલા બે જણને તેની કંઇ પરવા ન હતી. તેઓ તો આ મુલાકાતનું છેવટ કેવું આવશે તેના તર્ક વિતર્કમાં રસ્તો કાપે જતા હતા. કીનારા પરથી એક મછવો ભાડે કરી સીધા તેઓ પેલી સુંદર યાટ પાસે આવી પહોંચ્યા. બારાના કસ્ટમ ઓફીસરે યાટની તપાસ કરી લીધી હતી અને મળવા આવનારાઓ માટે સીડી નાંખવામાં આવી હતી. જ્યારે તેઓ તે યાટની નજીક જઇ પહોંચ્યા ત્યારે પેલા ઉંચા દેખાતા પુરૂષે યાટના ક્વાર્ટર માસ્તરને પુછ્યું." મેહેરબાની કરી જણાવશો કે, મેડમ બીંગ વેલેન્સ્ટાઇન આ યાટ પર છે કે કેમ ! અને હોયતો તેણી મુલાકાત લેવા ખુશી છે કે કેમ એ બાબત તેણીને પુછી શકશો ? "

તે લાંબો માણસ શુદ્ધ અંગ્રેજી ભાષામાં બોલ્યો હતો. તેને સાંભળી લીધા પછી ' જરા થોભો ' કહી ક્વાર્ટર માસ્તર અંદર

ગયો અને થોડીવાર પછી પાછો આવી કહ્યું કે, જો તે ગૃહસ્થો યાટ પર આવશે તો મેડમ ઘણી ખુશીથી તેઓની મુલાકાત લેશે. તેઓ ક્વાર્ટર માસ્તરની સાથે પેલી નીસરણી મારફતે યાટ પર ગયા અને જ્યારે તેઓ મેડમના ભભકાદાર સલુન તરફ વળ્યા ત્યારે તે યાટનો તુરકી માલેક તે સલુન છોડી બહાર જતો રહ્યો.

" અંદર જાવ. " માલેકે જતાં જતાં કહ્યું, " કાઉન્ટેસ તમોને મળવા માટે ઇન્તેજાર છે. " તે એમ બોલતો હતો પણ તે જરા ઉંડી શકની નજરે તે મળવા આવનારા તરફ જોઇ રહ્યો હતો. અ-ત્યારે તરકીશ પ્રજા અને ઉમરાવ વર્ગને દરેક પરદેશી પ્રજા તરફ શ-કની નજરથી જોવાનો ગોયા હકજ હતો, પરંતુ તેણે આ અંગરેજો-માં તેવું કાંઇ જોયું નહીં. અગર તો કે તેને તેવું કંઇ લાગ્યુંજ નહીં. જ્યારે એ બન્ને અંદર દાખલ થયા ત્યારે તે બારણાં બંધ કરી બ-હાર ડુટક પર ચાલ્યો ગયો.

એક પળ સુધી તે ઓરડામાં ચુપકીદી ફેલાઈ રહી. બારીમાંથી જે કંઇ પ્રકાશ આવતો હતો તે બતાવતો હતો કે એક લાંબી આ-રામ ખુરશીપર એક અપ્રીતમ ખુબસુરત અબળા લેટેલી હતી. તેણીએ પેલા ગ્રહસ્થોને જેટલી સભ્યતા ભરેલો જવાબ મોકલ્યો હતો, તેટલી તેની મુલાકાતથી ખુશી થયેલી દેખાતી ન હતી; કારણ તેઓને આ-વકાર આપવા તેણી ઉભી તો શું પણ ખુરશીમાં પણ બેઠી થઈ નહીં. આવકાર આપવાનું કામ એક પાકી ઉમ્મરના બુઢાએ બજાવ્યું જે પેલી ખુબસુરત નાજનીના બાપ જેવા લાગતો હતો.

" મ્હારા વહાલા લીઓનાર્ડ અને કોકરેન, " તે બુઢાએ પોતાનો એક હાથ તે બેઉના હાથમાં મુકતાં કહ્યું. " તમો અમોને આટલા ઉતાવળે મળવા આવ્યા એ જોઇ હું ખુશ છું. કાઉન્ટેસ પણ આજે થાકેલી છે, તે છતાં તમોને જોઇને તેણી બહુજ ખુશ થઇ છે."

બુઢો આમ બોલતો હતો ખરો, પરંતુ તે વખતે જો તેઓની નજર કાઉન્ટેસ ઉપર હતે તો સમજી શક્તે કે બુઢાનું કહેવું તદ્દન ખોટું છે. કાઉન્ટેસ તો તીરસ્કારના મરડાટમાં બેઠેલી છે.

" અમો આજ આખો દિવસ તમારી રાહ જોઇ " કોકરેન બોલ્યો, " તમોને ઘણોજ જરૂરી સંદેશો પહોંચાડવા અમે આવ્યા છીએ. એક પળ પણ ખોવી નકામી છે. "

પેલી કાઉન્ટેસે પહેલીજવાર હવે હોઠ ખોલ્યા.

" એટલે શું તું એમ કહેવા માગે છે કે માહરે હજુ પણ વહેલું દાખલ થવું જોઇતું હતું ? " તેણીએ કંઇક તીરસ્કારથી કહ્યું, " તારે ભુલવું ન જોઇએ કે, જો આ ટરકીશ ઉમરાવની મહેરબાની ન હતે તો અહી આવતાં મને આથી પણ મોડું થતે."

કોકરેન જો કે ઘણો બેચેન હતો, તો પણ તે તેણીથી ગભરાતો ન હોય એવો દેખાવ કરી બોલ્યો, " શું તમોએ મન પર લીધું હતે તો ઓરીએન્ટલ એક્સપ્રેસમાં આવી ન શકાત ? જો તમે તેમાં આવત તો આપણે ટયુરીનમાંજ મળત અને તેથી આપણો ઘણો કીમતી વખત બચી શકત."

પેલી કાઉન્ટેસ મોઢું કુમળાવી તેના સાથી તરફ ફરી અને પુછ્યું, " તમારો સંદેશો શું છે ? કંઈ લખેલો પેગામ હોય તો તે મને આપો."

" નહીં બાનુ, અમોને તે રૂબરૂ કહેવાનો હુકમ થયેલો છે. " લીઓનાર્ડ બોલ્યો, " મ્હારી ઉપર ભરોસો મૂકી, તમારી પાસે આવવાનું માન મને કાઉન્સીલે આપ્યું છે. અત્યાર સુધી બધું પાર પડી ચુક્યું છે, અને ઇશ્વરની મદદ, કાઉન્સીલની ગોઠવણ અને તમારી ખરા અંતઃકરણની કોશીશથી હમણા સુધીના દાવ સીધાજ આવતા જાય છે. અમોએ સાંભળ્યું છે કે, તમો તે વખતે કોન્સ્ટાનટીનોપલમાં હતાં અને કાઉન્સીલના સેક્રેટરીએ તમોને એક તાર મોકલવાનું માથે લીધું હતું. આપણો દોસ્ત કોકરેન કદાચ જાણતો નહીં હશે કે ઓરીએન્ટલ એકસપ્રેસમાં તમારૂં આવવું બીલકુલ જોખમ ભરેલું હતું, અને તેથી હું તમારી નેપલ્સ આવવાની આ રીતને પસંદ કરૂં છું. તમોએ આ તરકીબ ઉમરાવ એહમદ પાશાને જે હાથમાં લીધો છે તેને માટે હું તમોને મુબારકબાદી આપું છું."

" મેહેરબાની કરી તેમ કરવાની તકલીફ લેતા ના. " તેણી કંઇક કચવાટથી બોલી, " કારણ એવાં ફેલ ફીતુરથી કોઈની મહેમાનદારી ચાખવાનું મને બિલકુલ પસંદ નથી, છતાં કાઉન્સીલને ખાતર તેમ કરવાની મને ફરજ પડે છે. તમારે હવે આટલેથીજ સંતોષ પકડવો જોઇએ છીએ કે હું વખતસર અતરે આવી છું અને કાઉન્સીલનો જે કંઇ હુકમ હોય તે બજાવવા તૈયાર છું. હવે મહેરબાની કરીને તમારો પેગામ કહેશો ? "

"તેને માટે આ જગો સલામતી ભરી છે ?" લીઓનાર્ડે ચો તરફ શકની નજર ફેંકતાં પુછ્યું.

"હું નથી ધારતી કે આ સ્થળ કરતાં વધુ સલામતી ભર્યું બીજું સ્થળ હોય !" કાઉન્ટેસ બોલી, "આ ચાટ એક તરફીશ બચ્ચાની છે. આપણને એ લોકો માટે ફાવે તેવો વિચાર હોય, પરંતુ એક સીધો તુરક બચ્ચો બે જણ વચ્ચેની વાતચીત બરાઇ છુપાઇને સાંભળવાનું કદી પણ પસંદ કરતો નથી. હવે મહેરબાની કરીને તમારો પેગામ શરૂ કરશો ?"

લીઓનાર્ડ જવાબ દેવાને બદલે ફરી પાછો ચો તરફ જોવા લાગ્યો. અત્યાર અગાઉ તે યુરોપની સૌથી જબરદસ્ત એનારકીસ્ટ મંડળીનો પેગામચી હતો. અને અત્યારે પણ ઘણા જીવ સટોસટના મામલામાં ફતેહમંદીથી કાઉન્સીલનું કામ કરી રહયો હતો. મરદોની સોબતમાં તો તે ફીકર જેવી જાતને પણ જાણતો ન હતો, પરંતુ આ કાઉન્ટેસની હાજરીમાં તેને કંઇ અજબ જેવી નબળાઈ લાગતી હતી.

"ચાલ જલદી બોલ !" તેને વિચાર કરતો જોઇ કાઉન્ટેસ બોલી, "શું તને ત્હારો પેગામ સંભળાવતાં મુશકેલી લાગે છે ? મને નથી લાગતું કે પેલી 'હુકમની રાણી' વાળી બાબતની તને યાદ આપવી પડે."

તે 'હુકમની રાણીવાળી' બાબત ફાવે તે હોય, પરંતુ તેણી પાસે સંદેશો લાવનાર એ જણને પસંદ તો નહોતીજ. એમાં કાંઈ શક ન હતો, કારણ તે સાંભળતાંજ લીઓનાર્ડ ગભરાયો અને કોકરેન પોતાની ખુરશીમાં બેચેનીથી જરા ફર્યો.

"તમો નામદાર જે તાણો મારો છો તે હું સમજું છું," લી-ઓનાર્ડ બોલ્યો, "પરંતુ એવા તાણા સહન કરવાની મ્હારી આદત થઈ ગઈ છે. હું જાણું છું કે 'હુકમની રાણીવાળી બાબત' માં મારાથી જરા કાચું કપાઇ ગયું હતું, પરંતુ હમણા જે બાબત હાથ ધરી છે તેમાં ફતેહ મળશે તેથી તેનો બદલો વળી રહેશે."

"પણ એ બાબત શું છે તે હજી તેં મને કહ્યું નથી," કાઉન્ટેસ બોલી, "જો તું મને જલદીથી નહીં કહે તો મને ભય છે કે આજે રાતના હું ત્હારી વાત સાંભળી શકીશ નહીં. તારે યાદ રાખવું જોઇએ કે, આ યાટની હું પોતે મુખત્યાર નથી, તેથી યાટના માલેકને તેની મહેરબાનીના બદલામાં વધારે વખત દૂર રાખવામાં વિવેક અને ડહાપણ જળવાય નહી."

"ત્યારે હવે હું તમારો વખત રોકીશ નહીં," લીઓનાર્ડ બોલ્યો. "તમારી રજાથી હવે હું મ્હારો—અરે કાઉન્સીલનો સંદેશો રજુ કરૂં છું. બેશક તમો નામદાર જાણો છો કે, યુરોપમાંથી ઇસલામી સલતનતનો પાયો નાબુદ કરવા ત્રીપોલીને બ્હાને જંગ ઉભું કરવાની શરૂઆત થઈ ચુકી છે, તેમાં તમોને સોંપવામાં આવેલા કાર્યમાં જો ફતેહમંદી ન મળે તો, છેવટે તે જંગને ક્રુઝેડનું નામ આપીને ધાર્મિક લડાઇનો ઝુંડો ઉભો કરવો; અને પરીણામે દરેક ખ્રીસ્તી રાજ્યોની સામેલગીરીથી ધારેલું કાર્ય પાર પાડવું. જો તમોને સોંપવામાં આવેલા કામનું પરીણામ આપણા ધારવા પ્રમાણેજ આવે તો આપણું કામ ઘણું સહેલું થઇ પડશે. ત્રીપોલી ૭ કલાકમાં કબજે લઇ શકાશે

અને ત્યાર પછી આગળ વધવામાં વધુ મુશ્કેલી જણાશે નહીં, પરંતુ તેમ થવા ન પામ્યું તો શુરવીર અરબ લડવૈયા જોડે ખુનખાર જંગમાં ઉતરવું પડશે અને ધારવા પ્રમાણે ફતેહમંદી મળશે કે કેમ, તે ચોક્કસ નથી, તો પણ આપણે જાણીએ છીએ કે હમણાં તુરકસ્તાન અંદરો અંદરના ઝઘડા ચુકાવવામાં રોકાયું છે. વળી સુધારકનો ડોળ ઘાલી સુલતાન અબદુલહમીદને પદભ્રષ્ટ કરી તેઓ ડાહ્યામાં ખપાવા માગે છે, પરંતુ એ શાહનું પદભ્રષ્ટ થવું એજ તુરકીની ખુવારીનું મંડાણ છે. કુનેહબાજ કરવૈયા વગર જરૂર તુરકી હાર ખાશે. અને જો તે ઇટલી સામે ટક્યું તો પછી બીજાં રાજ્યોની ગોઠવણ તો છેજ. મતલબ એજ કે ફાવે તેમ કરી એ કાંટા મીસાલ ખુંચી રહેલી શહેનશાહતને આપણે ઉખેડી નાખવી જોઇએજ. તમોએ કોન્સ્ટાંન્ટીનોપલમાં રહી ઇસ્લામી ધર્મ તરફ જે વીદાગીરી બતાવી તે અત્યારે આપણને મજબુત હથીયાર જેવી થઇ પડશે. તમે કોન્સ્ટાન્ટીનોપલમાં હતાં, તેથી તમારી મુલાકાતનો હુકમ મળતાંજ મેં સેક્રેટરીને જણાવ્યું તેમ તેણે આપને તાર કર્યો."

" મને તે મળ્યો અને એટલા માટેજ હું અહીં આવી છું. હવે મ્હારે શું કરવાનું છે તે જણાવશો."

" તમો નામદારે જરા પણ વખત ખોયા વગર રોમને રસ્તે પેરીસ ઉપડી જવું જોઇએ. મી૰ જેકસન ત્યાં છે, તે આપને મળશે અને ત્યાં તમામ ગોઠવણ કહી સંભળાવશે."

" તેને મળવાને માટે મારે નેપલ્સ ક્યારે છોડવું ? "

"જેમ બને તેમ જલદી." લીઓનાર્ડે જવાબ આપ્યો, "હવે આપણા હાથમાં એક મીનીટ પણ નકામી નથી. તમોને આ પેગામ પહોંચાડવાનો અને તમારા ઉપડવાનો વખત તારથી જણાવવાનો હમેશ માફક કાઉન્સીલનો હુકમ થયો છે."

"ત્યારે હવે હું તમોને અહીં વધુ વખત રોકવા ચાહતી નથી." તેણીએ સભ્યતાનું ડોળ ઘાલી કહ્યું, "જો મને તમારી જરૂર પડશે તો હું તમારા હમેશાંને સરનામે લખીશ."

"પણ—"

"પણ શું ? વળી કંઇ કહેવાનું રહી ગયું છે?"

"હા, એક વાત રહી જાય છે અને તે એ કે મને તમારી સાથે જવાનો હુકમ થયેલો છે." કાકરેન બોલ્યો, "મને આસા છે કે તમો નામદારને તેમાં કંઇ હરકત નહીં થશે."

તે તેણી તરફ તદન કાલાવાલા કરતી ઢપે જોઇ રહ્યો. તેણીના ચહેરા પર ખુશી યા નાખુશીનું કંઇપણ ચીન્હ નહીં હતું. તેણીને આવી સ્થિતીમાં જોઇ કોશીશ કરવા છતાં પણ કાકરેનથી એક નરમ પણ દીર્ઘ નિશ્વાસ નાંખ્યા વગર રહેવાયું નહીં. તેણે આખો દિવસ એવીજ ઉમેદમાં કાઢયો હતો, કે કાઉન્ટેસ જ્યારે તેને સાથે આવવાનું સાંભળશે ત્યારે ખુશ થશે, પરંતુ અહીં તો જુદોજ મામલો જોઇ તેનું દીલ બરફ જેવું ઠંડુ થઇ ગયું. તેને તેણી સાથે રહી જીવ સટોસટના વખતે મોતના પંજામાં વખત પસાર કરવાની ઘણા દિવસ થયાં ઇચ્છા હતી.

" જો ત્હારે અમારી સાથે આવવું હોય તો એકદમ બધી તૈયારી કરી લેવી. " તેણી તેના તરફ જોયા વગરજ બોલી, ' જ્યાં સુધી આપણે ઇટલીની સરહદ પસાર કરીએ ત્યાં સુધી જુદાજ મુસાફરી કરીશું. પછી શું કરવું તે—"

" હવે અમે આપની રજાથી કીનારે જઈશું. " લીઓનાર્ડને આ વાત જે વલણ લેતી હતી તે નહી ગમવાથી તેણે વચ્ચેજ પૂછ્યું, " મેં મારૂં કામ બજાવ્યું છે હવે મને એ બાબત સાથે કંઈ સબંધ રહ્યો નથી. "

પાંચ મીનીટમાં તો તેઓ બોટ છોડી કીનારે આવી પહોંચ્યા. અને કાઉન્ટેસ બી૦ વેલેન્ટાઇને એહમદ પાશા પાસે તેણીના વકીલો બોટ પર આવવાથી તેને જે તકલીફ થઈ હોય તેને માટે માફી માગી.

" બહુજ કંટાળા ભર્યું છે, " તેણીએ મોહક અવાજે ચલાવ્યું " એ લોકો મને બીલકુલ આરામ લેવા દેતા નથી. મ્હારો ધણી જ્યારે મરી ગયો અને મને એ બધી મીલકતોનો વારસો આપ્યો ત્યારે તેને ખ્યાલ પણ નહીં હશે કે તેનો વહીવટ ચલાવતાં મને કેટલી હાડમારી પડશે. મ્હારા વકીલો હું તેઓને વખત સર મળતી ન હોવાથી હંમેશાં કચવાય છે, તેઓએ મને તકલીફ આપ્યા વગર એ કામ શા માટે કરી ન લીધું તેની મને સમજ પડતી નથી. પણ તમોને જે તકલીફ પડી છે તેને માટે તમો તો મને માફ કરશોજ, નહીં વારૂ?"

તે ખુબસુરત અબળાને એવી રીતે બોલતી સાંભળી ઉમરાવનું જીગર હરખથી ધડકવા લાગ્યું. તે આ કાન્ટેસને ત્રણેક માસ પર

પહેલો ઈસ્તંબુલમાં મળ્યો હતો. અને તેણીને જોતાંજ કંઇ અજબ રીતે તેના તરફ ખેંચાયો હતો, તેમાં પણ તેણી ઇસ્લામી ધર્મમાં સામીલ થવાની છે એવી વાત બહાર આવ્યા પછી તેના તે ખેંચાણે કંઈ ગંભીર રૂપ પકડયું અને કોન્સ્ટાંટીનોપલથી નેપલ્સ લઇ જવાની મહેરબાનીનું કામ તેનાજ હાથમાં આવ્યું ત્યારે તો તેની ખુશીનો પારજ રહયો નહીં. તેણે કેટલીક ઉંડી આશાઓને આ મુસાફરી દરમ્યાન જન્મ આપ્યો.

" તેઓ તમોને એમ સતાવે છે એ ઘણુંજ શરમ ભરેલું છે." તે તેણીની દયા ખાતો બોલ્યો, " મારા વકીલો પણ મને એમજ કંટાળો આપ્યા કરે છે. હું ધારૂં છું કે તેના કરતાં તો આપણે પોતે કામ કરીને એ લોકોના પગારનો ખર્ચ બચાવીએ તો બહેતર, પણ કાઉન્ટેસ, મુશ્કેલી તો ત્યાં છે કે હું તમારા જેવો ચાલાક અને હોશીઆર નથી."

" હું ચાલાક અને હોશીઆર છું એમ કહેવાનો તમોને શું સબબ મળ્યો વારૂ ? " તેણીએ નિર્દોષપણે તેના તરફ જોઇ પુછ્યું.

" તે હું કેમ કહું ? " તેણે જવાબ આપ્યો, " પણ તમારી ચાલાકીના એકાદ બે દાખલા હું જોઈ ચુકયો છું. તમોને યાદ હશે કે કોન્સ્ટાંટીનોપલમાં એક ગ્રીક ફકીર આપણને બહુ કંટાળો આપતો હતો, ત્યારે તમે તેના કાનમાં કંઈ ફુંક મારીને કેવો કાઢી મુકયો ? વળી હમણાં આવતાં આવતાંજ એક ફ્રેન્ચ મેનને તમે વાતની વાતમાં કેવો રસ્તે પાડી દીધો ! તમોએ શું કર્યું તે તો હું જાણતો નથી,

પરંતુ એ ચીકણાઓ જેને વળગે તેનો પીછો એકદમ છોડતા નથી, તેને ખેરવી કાઢવાની તમારી ચાલાકી જોઈ હું તો દંગજ થઈ ગયો."

કાઉન્ટેસે તેની તરફ એક સેકંડ બારીકાઈથી જોયું. તે ખરાં અંતઃકરણથી બોલતો હતો કે ટકોરમાં ? પણ નહીં ! એક સેકંડમાં તો તેણીની ચકોર આંખોએ જોઇ લીધું કે, તે ભોળો ઉમરાવ ખરા દીલની સાદાઇથી બોલતો હતો. તેને તેણી પર કોઇ જાતનો શક હતોજ નહીં. તેણી ત્યાંથી ચાલી અને ચાટના કીનારા તરફની બાજુએ ગઇ, જ્યાં થોડાક ઇટાલીયન ભીખારીઓ એક મછવામાં બેશી રાગડા તાણી ભીખ માગતા હતા.

" કેવી વિચીત્ર જીંદગી !" એહમદે ત્યાં આવી એક ચાંદીનો સીક્કો ફેંકતાં કહ્યું, " એ લોકોને કંટાળો પણ નહીં આવતો હોય ! ઇટલી એક અજબ દેશ છે. અહીંના લોકો જાહેરમાં ચોર, સીપાઇ યા વગાડનારા એ ત્રણમાંથી એકજ ધંધો કરે છે, પરંતુ તેના ખરા ભેદ શોધવા જઇએ તો આપણને તુરત જણાય કે એમાંનો દરેક માણસ એક યા બીજી છુપી મંડળીનો મેમ્બર છે. વારૂ, કાઉન્ટેસ ! એવી એકાદ મંડળીમાં શામેલ રહીને હમેશાં પકડાઇ જવાની ધાસ્તીમાં રહેવું તમોને ગમે ખરૂં કે ? "

નીરદોશપણે બોલાયલા ઉપલા બોલો સાંભળી કાઉન્ટેસ મોત જેવી ફીકી મારી ગઇ. તેણી રેલીંગનો સરીયો પકડી ગંભીરાઈથી બોલી.

" તમો મને કોઈ મ્હોટી હીમ્મતવાન અબળા ધારવાની ભૂલ ખાઓ છો. જો તમે એવી બીહામણી વાતો કરશો તો મ્હારે તમા

રી પાસેથી મ્હારાથી જવું પડશે. વારૂ એ વાત જવા દો, પણ તમોએ મને અને મ્હારા પીતાને તમારી યાટમા અહીં સુધી લાવી જે ઉપકાર કર્યો છે, તેનો બદલો કેમ વાળવો તે હું સમજી શકતી નથી. જો તમારી મહેરબાની ન હતે તો અમો આજે નેપલ્સ પહોંચી શકતે નહીં, અને જે દોસ્તો સાથે અમે પેરીસ જવાના છીએ તેને મળી શકતે નહીં."

"શું તમે પેરીસમાંજ રહેવાનાં છો ?" એહમદે પુછ્યું.

"ના હું જલદીથી ત્યાંથી પાછી ફરીશ." કાઉન્ટેસ બોલી, "મને કોન્સ્ટાન્ટીનોપલની હવા બહુ અનુકુળ હોવાથી હવે હું લાંબી મુદ્દત સુધી ત્યાંજ રહેવાને પાછી ફરીશ. તમો જાણો છો કે ઇસલામી મઝહબ તરફની—"

"હા, હા, તે હું જાણું છું," એહમદે ખુશીમાં આવી જઇ વચ્ચેજ પુર્યું. "પણ તમે કોન્સ્ટાન્ટીનોપલમાં કયાં મુકામ રાખશો ?"

"તેને માટે હજુ હું ચોકસ નથી." કાઉન્ટેસ બોલી, "પરંતુ હવે લાંબો વખત રહેવાનું હોવાથી હું ખાસ સગવડ કરી ઘરજ રાખી લઇશ."

"ત્યારે તમારાં એ નવાં ઠેકાણાની ખબર મને કરશો ખરાં કે ?" એહમદે કહ્યું.

"મ્હોટી ખુશીથી. અને જ્યારે તમો મને મળવા આવશો ત્યારે તમારી આ મહેરબાની માટે હું બીજી વખત ઉપકાર માનીશ." કાઉન્ટેસે બાજી સંકેલતાં કહ્યું.

આ વખતે પેલો કે જેને તેણીએ પોતાના બાપ તરીકે ઓળખા- વ્યો હતો તે ત્યાં આવ્યો

" મ્હારી વહાલી," તે બોલ્યો, " તનેં ખ્યાલ નથી આવતો કે હવે આપણે નામદાર ઉમરાવનોં ઉપકાર માની તેનાથી છુટા પડવું જોઇએ ? આપણે જેમ જલદી કીનારે જવાય તેમ સારૂં."

રાતનું ખાણું સાથે લીધા વગર જવા દેવાની એહમદ પાશાએ સાફ ના પાડી અનેં તેથી કાઉન્ટેસ અને તેણીના બાપ, જ્યારે મછવામાં બેશી કીનારે ઉતર્યા ત્યારે તદ્દન અંધારૂં થઇ ગયું હતું. આ વખતે એહમદ પણ તેઓને વળાવા આવ્યો હતો. તેણે એકાદ હોટલ સુધી સાથે આવવાની જીદ કરી, પરંતુ કાઉન્ટેસે તેમ કરવા દીધું નહિ.

" તમોએ અમારી ઉપર એટલો તો ઉપકાર કર્યો છે કે;" કા- ઉન્ટેસ બોલી, " તમોને હવે તકલીફ આપવાની અમારી હીમત ચા- લતી નથી. આપણે હમણાં છેલ્લી સલામ તો નહીં કરીએ; પરંતુ પાછા મળીએ ત્યાં સુધી ગુડનાઇટ, કારણ હું ધારૂં છું તેમ આપણે જલદીજ ફરી મળીશું."

" હું ખરાં દિલથી ચાહું છું કે એમજ થાય." એહમદ બોલ્યો, અને તેઓની ગાડી નજરથી બહાર થઇ ત્યાં સુધી એકીનજરે જોયા કર્યા પછીજ યાટ પર પાછો ફર્યો.

કાઉન્ટેસનો મુકામ નેપલ્સમાં બહુ થોડોજ હતો. કારણ બીજી સવારે તો તેણી રોમ જતી ટ્રેનમાં ઉપડી ગઈ. એહમદ પાશાએ રોમની

ટ્રેનો ક્યારે ઉપડતી હતી તે જોઇ રાખ્યું હતું. પહેલી ટ્રેનજ તે સ્ટેશન પર હાજર થયો અને પ્યાર ભરી આતુર આંખો ચોતરફ ફેરવી પણ જેને માટે આવ્યો હતો તે નજરે પડયું નહીં. બીજી ટ્રેનના વખતે પણ તે પ્લાટ ફાર્મ પર આવી ઉભો, પરંતુ આ વખતે પણ તેને નીરાશ થવું પડયું. ટ્રેન તો ખીચોખીચ ભરેલી હતી; પરંતુ તેમાં તેની મનમોહનીને મળતો એક પણ ચ્હેરો હતો નહીં. તે તેણીને મળ્યા વગર નહીં જવા હેવાના ખ્યાલમાં એટલો તો ગુંથાઇ ગયો હતો કે ટ્રેન ઉપડવા અગાઉ એક બ્લાંકીટમાં લપેટેલા બુઢાને બેસાડીને ચલાવવામાં આવતી ખુરશી જોડે અથડી પડતો સહેજમાં બચી ગયો. તે ખુરશીની જોડે એક હોસ્પીટલ નર્સ બ્લ્યુ ચશ્મો પહેરીને ચાલતી હતી. જો તેઓ વેશ બદલવાનાં છે એમ તે ઉમરાવ જાણતો હતે, તો પણ ગઇ રાતનાં પરોણા તરીકે ઓળખી કાઢતાં તેને મુશકેલી પડતે.

તેઓને કંઇ આ પહેલીજવાર વેશ ધારણ કરવો પડયો હતો એમ ન હતું. તેજ દીવસે સહવારમાં તેઓને ખબર આપવામાં આવી હતી કે જો તેઓ નેપલ્સથી સહીસલામત નીકળી જવા ચાહતા હોય તો, તેઓએ આગળ ઘણી વખત ધારણ કરેલો વેશ આ વખતે પણ ધારણ કરવો. તે બુઢા માંદા માટે એક ડબ્બો રીઝવર્ડ કરવામા આવ્યો હતો, તેમાં બુઢાને એક સીટ પર બેસાડી નર્સ તેની સામે બેઠી. નેપલ્સથી બહુ દુર ગયા પછીજ પેલીએ પોતાનો બીહામણો ચશ્મો કાઢયો, અને પેલો દેખીતો બુઢો બ્લાંકીટ બાજુએ મુકી ટટાર થઇને બેઠો.

"આજે આપણે સહેજમાં બચી ગયાં છીએ." બુઢો બોલ્યો, "પોલીસનો વડો પ્લાટફાર્મ પર હતો, અને બે ડીટેકટીવોને બીડમાં ફરતાં મેં જોયા. તેઓને આ કામની માહીતી નથી, પરંતુ જવા દો આપણું સરવૈયું આપણે તપાસવાનો હમણા વખત નથી."

એક વાગ્યા પછી ટ્રેન રોમ જઇ પહોંચી, અને તેઓ તેમાંથી ઉતર્યા.

તેજ સાંજે અંધારૂં થવાની થોડી વાર પહેલાં એક સુંદર પોશાકમાં મદાયલી નાજુક અબળાને આપણે વીયા સીસટીના રસ્તા પર પીઆઝા-ટ્રીનીટી-ડીમોન્ટી તરફ જતી જોઇએ છીએ. જો કે તેણીને ત્યાં કોઇ સાથે ઓળખાણ નહીં હતી. જતાં જતાં તેણી કાસાઝુકેરીમાં પહોંચી કે કોઇ ઉંચા ચીતારાએ તેણીને અટકાવી, તેના હાથમાં ચીત્ર કામના સામાનનો બેગ હતો. રસ્તે ચાલતાં લોકોને શક પડે નહીં એટલા માટે પેલાએ એક પ્રખ્યાત ચીતારાનું ઠેકાણું પૂછ્યું. જવાબમાં એ અબળાએ તેને ત્યાં લઈ જવાનું માથે લીધું. તેણીનો ઉપકાર માની તે તેણીની સાથે ચાલવા લાગ્યો. વીયા સીસટીના મહોલ્લામાંથી બહાર પડતાંજ પેલા ચીતારાએ શુદ્ધ ઇટાલીયન ભાષામાં કહ્યું. 'હું તો એમજ સમજ્યો કે તું આવશેજ નહીં. તને આવતાં બહુ મોડું થયું."

"તે હું જાણું છું." પેલી સુંદર છોકરીએ જવાબ આપ્યો. "મારી ઉપર છુપી નજર રાખવામાં આવે છે એવો મને શક હતો. હવે તું મને શું કહેવાનો છે?"

" તું નેપલ્સમાં લીઓનાર્ડને મળી તો હશેજ ? "

" તે મને ત્યાં કોકરેન સાથે મળ્યો હતો. " તે છોકરીએ કહ્યું. " હું ધારૂં છું કે એમ કરવામાં તેણે ભુલ કરી છે."

" લીઓનાર્ડ હમેશને માટે એવો હુલ્લડ છે, પણ કોઇ કોઈ વાર તેની હુલડાઇ આપણી હોશીયારીને ટક્કર મારે છે. તેણે તને કાઉન્સીલના વિચારો તો જણાવ્યા હશે ? "

" હા, તોપણ તેણે મને કહ્યું કે તે ગોઠવણ તું મને વીગતેથી સમજાવશે." પેલી અબળા બોલી.

" હું તેમ કરવા તૈયાર છું. " એમ કહેવાની સાથે તે તેણીને જાહેર રસ્તા પરથી અંધારી ગલીમાં લઇ ગઈ ગયો, અને તેઓની પુઠે કોઇ નથી આવ્યું તેની ખાત્રી કર્યા પછી કાઉન્સીલની બધી ગોઠવણ તેણીને સમજાવી. જરા પણ ભુલ થવા ન પામે માટે તેણે તે ગોઠવણ ત્રણ ત્રણ વાર કહી અને પેલી અબળાએ ત્રણે વખત ધ્યાનથી સાંભળી.

" છેવટે મારે કહેવું જોઇએ કે, " બધી વાત પુરી થયા પછી પેલો બોલ્યો. " કોન્સ્ટાન્ટીનોપલની કોઇ પણ ત્હારી પસંદગીની બેંકમાં ત્હારે નામે નાણાં ભરવામાં આવશે. કોન્સ્ટાન્ટીનોપલના ફેશનેબલ અને આગેવાન લતા પર એક બધાથી સરસાઇ ભોગવતું બાદશાહી મકાન ત્હારે નામે રોકવામાં આવ્યું છે, અને પારીસથી ત્યાં પહોંચ્યા પછી તે ત્હારા હાથમાં આવશે. હાલના જોખમો વીશે તો

તને સમજાવવાની જરૂરજ નથી. મને એમ પણ જણાવવાની બલામણ થઈ છે કે, કાઉન્સીલ ત્હારા પર વિશ્વાસ રાખે છે, વળી એથી પણ વધારે સલાહ કે મદદની જરૂર તને પડશે તો તે પણ પહોંચાડવામાં આવશે."

"હવે આપણા ધંધાનું પહેલું પગલું પેરીસમાંથી ભરવાનું છે." પેલી અબળા બોલી, "તને બરાબર ખબર છે કે, કરનલ નાઝીમ પાશા હજુ કોન્સ્ટાન્ટીનોપલ ખાતે પાછો ફર્યો નથી."

"ખબરની સાથે ખાત્રી પણ છે કે તે હજી પેરીસમાંજ છે," પેલાએ જવાબ આપ્યો, "અમોને ખબર મળી છે કે આવતા શનીવારે તે કોન્સ્ટાંન્ટીનોપલ જવા માટે ઉપડશે."

"આવતે શનીવારે ?" તેણી બોલી. "ત્યારે આપણે હવે વખત ખોવો ન જોઇએ તે તો આપણા ચોકઠાંની ચાવી જેવો છે."

"હા, હાઉન્સીલનું પણ એમજ ધારવું છે." ગીતારો બોલ્યો. "ચાલો સાહેબજી ! ખુદા તમારી મદદે થાય."

એટલી વાત કરી તેઓ જાહેર રસ્તા પર આવ્યાં અને એકમેકથી છુટાં પડયાં.

બીજી સહવારે પહેલીજ ટ્રેનમાં કાઉન્ટેસ પી૦ વેલેન્ટાઇન પોતાના પીતા અને પીતરાઇ કોકરેન સાથે રોમ છોડી પારીસ જવા માટે રવાના થઈ.

પ્રકરણ પહેલું.

કામીલ પાશા પેરીસમાં.

માહરે અહીં ખુલાસો કરવો જોઇએ કે લગભગ દસ વરસ થયાં પેરીસ શહેર અને ત્યાં રહેતા ટરકીશ કોન્સલ નીશાત બેક સાથે મને સારી ઓળખાણ છે. નીશાત બેક જો કે દરેક રીતે વખાણવા લાયક દોસ્ત છે, પરંતુ તેનામાં એક કમાલ એબ એવી છે કે તે કદી પણ પોતાના ઠરાવેલા વખતે હાજર થતો નથી. મેં એ બાબતમાં ઘણી વખત તેને સમજાવ્યો પરંતુ તેની અસર તેના પર બીલકુલ થવા પામી નહીં. વળી જ્યારે તે એમ મોડો થતો ત્યારે એવા તો ખુશાલ ચહેરે ભેટતો કે તેની ઉપરનો ઉપજેલો કંટાળો ઉતરી ગયા વીના રહેજ નહીં.

જે બપોરની હું વાત કરૂં છું તે બપોરે તે મારા ' ટરકીશ રેસ્ટોરાં ' માં મળવા આવવાનો હતો અને ત્યાંથી અમારે એક મીત્રના કુટુંબને મુલાકાત આપવા જવાનું હતું. તેણે આપેલો વખત ત્રણ વાગ્યાનો હતો, તે છતાં લગભગ વીસ મીનીટ ઉપર થઇ ગઇ તો પણ તેનો પત્તો નહીં હતો.

બારી આગળ બેશીને આવતાં જતાં લોકોને ધ્યાનથી જોતાં હવે હું કંટાળી ગયો. આખરે એક ગાડી આવીને બારણા આગળ ઉભી. જેની પર નજર પડતાં વાર તે રેસ્ટોરાંનો માલેક ઘણાજ માનથી તેનો સતકાર કરવાને માટે દોડયો. વળી તેજ વખતે બારણા આગળ બેઠેલો

એક માણસ પણ તે ગાડી આગળ ગયો. ગાડીમાં એક જવાન ખુબ સુરત બાનુ અને એક મોટી ઉમરનો લશ્કરી દમામનો કે જે તેણીના પીતા જેવો લાગતો હતો, તે બે બેઠેલાં હતાં. તેને લેવા ગયેલો ત્રીજો માણસ પણ ઉપલાં બન્ને સાથે આ બનાવમાં મુખ્ય ભાગ ભજવનારે હોવાથી એ ત્રણે ઇસમોની ઓળખાણ વાંચનારને કરાવવી અહીં બહુ અગત્યની થઇ પડશે.

પેરીસ–કહો કે આખી આલમના ધારા પ્રમાણે સ્ત્રી જાતીના માનને માટે એ ઓળખમાં પણ હું સ્ત્રી જાતીનો પહેલો મરતબો આપીશ. તેણી કંઈ અંગ્રેજ અથવા ફ્રાન્સની રહીશ નહીં હતી, તે છતાં તેણીનો દેશ પારખવાનું કામ અચોકસ હતું. તેણીનો ચ્હેરો જોતાની સાથેજ મને અજબ ખેંચાણ થયું. જો કે તેણી ખુબસુરત હતી, પરંતુ તે ખુબસુરતીથી નહીં, પરંતુ કોઈ બીજાંજ કારણથી હું તેણી તરફ ખેંચાયો હતો. તેણીનો ચ્હેરો એક વખત જોયા પછી ભુલી જવો મુસ્કેલ હતો. તેણીની આંખો મોટી અને વિચારવંત લાગતી હતી. અને યુરોપના દક્ષીણ ભાગ તરફની તે રહીશ હોય એવું મને લાગ્યું. સફેદ દુધ જેવા સીધા દાંતની બત્રીશી પરના ભરેલા હોઠોથી તેણીનો નાજુક ચ્હેરો વધુ ખીલી રહ્યો હતો. તેણીના વાળ લાંબા કાળા અને નરમ રેશમ જેવા હતા. જો કે તેણીનો પોશાક ખામી કાઢવા જેવો નહીં હતો, તે છતાં ચાલુ ફેશનને બંધ બેસતો પણ ન હતો. કદાચ બીજે ફેશન ઉપર ધ્યાન નહીં અપાતું હોય, પણ પેરીસમાં તો તે તરી નીકળ્યા વગર રહેજ નહીં.

તેણી સાથે ગાડીમાંથી ઉતરનાર તેણીના બાપ જેવો લશકરી દેખાવ વાળો માણસ કંગવાયલો અને કદાવર આંગનો લાગતો હતો, અને ડાબે પગે જરા ખોડાંગતો હોવાથી લાકડીના આધારે ચાલતો હતો. તેની કાળી આંખો સફેદ થવાને લીધે વધારે દમામદાર લાગતી હતી. તેનો પોશાક પણ પેલી જવાન બાનુની માફક ફેશનેબલ નહીં હતો.

તેઓની રાહ જોતો બેઠેલો ત્રીજો માણસ તે બન્નેથી જુદો પડતો હતો. તેનો પોશાક છેલ્લામાં છેલ્લી ફેશનનો હતો. ઉંચોં ખુબ સુરત અને બરાબર છાજતાં કપડામાં સજ થયેલો તે જવાન ખરેખર કોઈ ખીસ્સાનો તર બેશીકર લાગતો હતો. તેના ચ્હેરા પર બારીકાઇથી જોતાં તે મજબુત મનનો માણસ લાગતો હતો. ગાડીમાંથી ઉતરતાં તેણે પુરતા વીવેકથી તે જવાન અબળાને પોતાના હાથનો ટેકો આપ્યો. તેઓ બે ચાર પળ પગથીયાં પાસે ઉભાં રહ્યાં અને પછી હોટેલમાં દાખલ થયાં.

અત્યાર સુધી એ ત્રણે જણ પર મ્હારૂં મન રોકાયલું હોવાથી મ્હારી પોતાની વાત હું ભુલી ગયો હતો, પણ જેવાં તેઓ અંદર ગયાં અને મ્હારી નજર સામેથી ગુમ થયાં કે તરતજ મારા મીત્ર નીશાતબેકની ગેરહાજરી પર મ્હારૂં મન ખેંચાયું. હજુ તો મનમાંજ બબડું તેટલામાં એક ગાડી હોટલના બારણા પાસે આવી અને એકાદ પળમાં તો તે મ્હારી આગળ આવી ઉભો.

" દસ હજાર વખત તમારી માફી માગું છું, " આવતાની સાથે જ તેણે સલામ અલેક કરતાં કહ્યું " મને લાગે છે કે મેં તમોને

બહુજ ખોટી કર્યા, પણ મને માફ કરો હું જરા દિલગીરીમાં છું તેથી આમ મોડું થયું."

મોઢેથી તે આમ દિલગીરી દેખાડતો હતો, પરંતુ તેનો ચ્હેરો તો હંમેશની માફક ખુશાલજ હતો. જો કે તેના આવ્યા અગાઉ મને ખોટી કરવા માટે હું તેની સાથે ચીથરાં ફાડવાનો હતો, પરંતુ તેને જોતાંજ મ્હારા બધા વિચારો હવામાં ઉડી ગયા. અને જાણે કંઈ બન્યુંજ ન હોય એમ હું તેની સાથે ખુશ વાતોમાં રોકાયો.

થોડીવાર પછી અમે ઉઠયા અને ગાડીમાં બેસી કબુલાત મુજબ એક મિત્રની મુલાકાતે ગયા. તે કુટુંબ મી૦ મેલવીલના નામે ઓળખાતું હતું અને તેની સાથે મને સારો બનાવ હોવાથી હું તેમાં પલોટાઇ ગયેલો હતો. વીવેક વાણીની રીતભાતમાં તુરક કરતાં ફ્રેંચો કેટલી હદ સુધી વધેલા છે તે અહીં લખી નકામી જગ્યા રોકવા કરતાં હું મુદ્દાની વાત પરજ આવીશ. તેઓએ મને ઘટતો આવકાર આપ્યા પછી ટરકીશ પ્રધાન મંડળમાં નવો હુદ્દો જે મેં કબુલ રાખ્યો તે માટે મને મુબારક બાદી આપી.

"તમે તમારાં બળ ઉપર મજબુત રહેજો, પણ તે સાથે દયા કરવાનું ભુલશોમાં" મી૦ મેલવીલે ગંભીરાઇથી કહ્યું, અને પછી જરા હસીને વધાર્યું, "યાદ રાખજો કે આખા યુરોપની સુલેહ તમારા હાથમાં છે, અને તમારા હોદ્દાની મુદત પુરી થયે એવીજ સુલેહ ભર્યો મામલો અમે જોવા ઇચ્છીએ છીએ."

" યુરોપની રાજ્યદ્વારી જીંદગી પરથી મને એવું લાગે છે કે," મ્હારો મીત્ર નીશાત બેક બોલ્યો, " જ્યારે દરેક દેશ એક બીજાની ગરદન મારવા તૈયાર હોય ત્યારેજ યુરોપની સુલેહ માટે ખાત્રી રહે છે, એ બાબત ઘણા રાજ્યદ્વારીઓ ભુલી જાય છે. અમારો ભલો સુલતાન પણ બધાઓને શમશેર છોડી દઇને હળ ફેરવવા કહે છે, તે છતાં મને લાગે છે કે હવે તે નામદાર પણ પોતાના એ વિચારો માટે શંકા શીળ થયો હશે. કદાચ તમોને મ્હારૂં બોલવું અજબ જેવું લાગશે, પણ લડાઇની તૈયારીઓથીજ સુલેહની વધુ ખાત્રી રહે છે. વારૂ નાજીમ પાશા ! ઇટલી જોડેની તમારી લડાઇથી વખતે બીજાં ખ્રીસ્તી રાજ્યો સાથે પણ આપણુને સંડોવાવું પડે એવું કંઇ લાગે છે ખરૂં કે?"

" જો તમારા મતને મળતો થાઉં તો મને લાગે છે કે બીજી લડાઇની વકી નથી." મેં કહ્યું. " તો પણ મને ભય છે કે હું હજુ એટલો ચોકસ નથી. મામલો ગંભીર છે. જો કે મને ખાત્રી છે કે, તુરકસ્તાન પોતાનું સમતોલ પણું જાળવી રાખશે તે છતાં મને ફીકર થાય છે કે, વખતે ધારવાથી ઉલટું પણ બની જાય અને વધુ ખાણા ખરાબી પણ થાય. "

ત્યાર પછી બનેલા બનાવો મારા ઉપલા બોલો ખરા પડવાની આગાહી તરીકે ગણાય, પણ હવે તે માટે બોલવું ફોકટ સમજી હું વાંચનારાઓને ભલતીજ બાબતનો સાથે દોરવીશ નહીં, આ વાતચીત પુરી થતાંજ હું મારા મીત્ર સાથે ફરવા નીકળ્યો અને એ બધો વખત પેલી ખુબ સુરત અબળાની આંખો મ્હારા મગજમાંથી ખસીજ નહિ.

મ્હારે કબુલ કરવું જોઇએ કે. એ જવાન અબળાના ખુબસુરત ચ્હેરાએ નહિં, પણ તેણીની આંખોની કંઈ અદ્દભુત શક્તિએ મ્હારૂં મગજ જરા અસ્થિર બનાવ્યું. આખો દિવસ, અને રાત્રે નાટકમાં ગયો ત્યાં પણ તે ચ્હેરો અને તે આંખો મ્હારા મગજમાંથી ખસ્યાંજ નહીં. મેં તે વિચાર મનમાંથી કાઢી નાખવાને ઘણી કોશીશ કરી પણ ફોકટ. હોટેલમાં જવા પછી પણ મ્હારી હાલત તેવીજ રહેવાથી સુઈ જવાનો વિચાર કરી હું બીછાના પર પડયો. મજબુતીથી આંખો બંધ કરી હું બીજા વિચારમાં પડયો, પણ યા ખુદા ! તે કરામતી આંખોએ મ્હારો કેડો મુકયોજ નહીં, આખરે કંટાળીને હું બીછાણામાંથી ઉભો થયો અને બત્તી વધારીને ઓરડામાં આમથી તેમ ફરવા લાગ્યો; મેં તે દિવસે કંઇ ભારે ખોરાક લીધો ન હતો; કે મ્હારા મગજની સ્થીતી આમ કઢંગી થવાનું તે કારણ હોય. ત્યારે આમ થવાનું કારણ શું ! જો કદાચ આમજ રહ્યું તો રખેને મ્હારે દિવાના શાળાની મુલાકાત લેવી પડે ! શું મ્હારા મગજ પરનો કાબુ કમી થયો ? મ્હારી વિચાર શક્તિ ઘટી ગઇ ? ના એવું કંઇ નહી, પણ ત્યારે એ બે આંખો બસ જ્યાં હોય ત્યાં મ્હારી સામેને સામે ભમ્યા કાં કરે છે? એ શો ભેદ હશે ? ફક્ત થોડા કલાક પહેલાં જે બાને મ્હેં જોઈ પણ નહતી, તેણીની આંખોની આવી જાદુઇ અસર એ ખરેખર એક મોજેજોજ હતો. આ દુનીયામાં ઘણીક ચીજો નહીં સમજ પડે એવી હોવી જોઇએ, કારણ કે તેમ ન હોય તો આ બે આંખો કે જેને મ્હેં ફક્ત એક કે બે મિનીટ જોઇ હતી, તે દિવસે તથા રાત્રે આખો વખત મ્હારી નજર સામે ભમ્યા કરે તેનો ખુલાસો શું ?

જ્યારે આમથી તેમ ફર્યા છતાં પણ મ્હારા મનનું સમાધાન ન થયું ત્યારે સવારે વાંચવા લીધેલી એક ઘણીજ રસીલી ચોપડી લઇ વાંચવા બેઠો, જોકે આ ચોપડી મ્હેં સહવારે ઘણી ઉલટથી વાંચી હતી, અને હમણાં તેમાં મન પરોવા ઘણી કોશીશ કરી, પણ યા પરવરદેગાર ! જે અક્ષર વાંચું તે અક્ષર બસ પેલી બે આંખોના આકારનાજ થઇ જાય! વાંચતી વખતે પણ જાણે મ્હારી સામે કોઇ આવીને ઉભું હોય તેવો ધખારો લાગતો, અને ચોપડીમાંથી માથું ઉંચકી જોતાં તેમાનું કંઇ મળે નહીં. અંતે નાસીપાસી અને નીરાશીથી મ્હેં તે ચોપડી મૂકી દીધી અને બારી આગળ જઈ ઉભો. આ વખતે ત્રણ વાગવાનો વખત થવા આવ્યો હતો. મને લાગ્યું કે હવે વખતે મને શાન્તી વળશે, પણ નહીં. મ્હારા મનને શાન્તી મળીજ નહીં. હવે ઇટલીની લડાઇએ મ્હારૂં મન રોક્યું. જો લડાઇના નેહસ્ત કદમ અંતે લંબાય તો પછી તુરકીની શી હાલત થાય તે પર મ્હારૂં મન દોડયું. છેલ્લી મોટી લડાઇને ઘણાં વરસ થઇ ગયાં હતાં તેથી રખેને તુરકીનું લડાયક બળ કાટ ખાઈ ગયું હોય ? અવાર નવાર હાર ખાવાની અને પાછું ટટાર થઇ રહેવાની હીમત હજુ ટરકીમાં રહી છે કે કેમ ? વળી પ્રથમની માફક આપણા જનરલો કુનેહબાજ છે કે લાંબા વખતની સમાધાનીથી તેઓ કાટ ખાઇ ગયા છે? એવા ગંભીર વિચારોએ મ્હારૂં મન રોકયું અને એ પરથી તુરકીની હાલત વીશે મને કંઈ ચીન્તાતુર મામલો દેખાયો. એકલવાઈ હાલત માટે જે કેટલાક રાજદ્વારીઓ મીજાજથી તુરકીને સર્વોપરીમાં લેખાવતા હતા. તેઓ પર મને સ્હેજ ધિઃકાર છુટયો. શા માટે એવી અહંકાર

ભેરી એકલવાઈ હાલત આપણી પડતીનું કારણ થઈ ન પડે ? એ વિચારોએ પ્રધાન મંડળના એક ખાસ હોદ્દેદાર તરીકે મને જે ચીન્તા ઉપજાવી હતી તેમાં મારૂં સઘળું ધક ધ્યાન રોકાઈ ગયું. અને મ્હારા થી બોલાઈ જવાયું, " યા ખુદા ! તું ત્હારી અપાર શક્તિથી એટલી રહેમત વરસાવ કે તુરકીને એવો દહાડો દેખવો ન પડે." એવી ઇબાદત મ્હારે મોઢેથી નીકળી અને તેજ પળે પેલી બે આંખો પાછી મ્હારી નજરે પડી. મારૂં ધ્યાન પાછું તે કમબખ્ત આંખો તરફ લાગ્યું, અને બીજા બધા વિચારો મગજમાંથી કુચ કરી ગયા.

" એમ તે કેમ ચાલશે ? " હું મનમાંજ બોલ્યો, " જો આમજ રહ્યું તો પછી મ્હારે ડાકટરની સલાહ લેવી પડશે. તે છતાં કેવું અજબ જેવું છે કે, એ સ્ત્રીની આંખોની આટલી અસર થવાનું કારણ મને સમજાતું નથી. "

આવી તાસવીસમાં રાત પસાર કરી. હવે આજનો દીવસ મ્હારે માટે પારીસમાં છેલ્લોજ હતો. ઠંડા પાણીએ નાહવાથી મ્હારા શરીરમાં નવું જોર આવ્યું, અને જયારે મ્હારો ઓરડો છોડયો ત્યારે હું અસલ હાલતમાં હતો.

મ્હારા દોસ્તો હમેશાં મ્હારી મશ્કરી કરે છે કે, હું જ્યાં જાઉં છું ત્યાં દરેક હોટલમાં ફક્ત એક ચોકસ ઓરડામાંજ રહેવાનું મને ગમે છે. હું કોઇ પણ શહેરમાં જાઉં પછી તે રોમ હોય કે પારીસ, બરલીન હોય કે મોસ્કો, પણ હું જે હોટલમાં જાઉં ત્યાંના મ્હારા હમેશના ઓરડામાંજ રહેવાનું પસંદ કરૂં છું. કોઈ અજબ કે વિચીત્ર

સંજોગને લીધે નવા ઓરડામાં રહેવાનું મને ગમતુંજ નથી. પેરીસમાં પણ તેજ પ્રમાણે હું એકજ ચોક્કસ ઓરડામાં ઉતારો લઉં છું. ત્યાંના માલેક પણ હમેશાં મ્હારી ઇચ્છા જાણી જઇને તેજ ઓરડામાં ઉતારો આપવાની મહેરબાની કરે છે, પેરીસના હોટલના મારા ઓરડામાં હું દીવસે કે રાત્રે કોઈ પણ વખતે સહેલાઈથી જતો આવ કરી શકું છું. પેરીસની મ્હારી મુલાકાતને છેલ્લે દીવસે હું મ્હારા ઓરડામાંથી નીકળતો હતો ત્યારે બરોબર મ્હારી સામેના ઓરડાનું બારણું ઉઘડયું અને એક સ્ત્રી બહાર નીકળીને દાદર ઉતરવા લાગી.

દાદરનો પહેલો ભાગ ઉતરતાંજ કંઇ ચીજ પડી જવાનો ખખડાટ મ્હારે કાને પડયો, અને જ્યારે હું તે તરફ જઈ પહોંચ્યો ત્યારે મ્હેં ત્યાં એક હીરાજડીત બાંગડી પડેલી જોઈ. આ બાંગડી હમણા ઉતરનાર સ્ત્રીનીજ હોવી જોઇએ એમ ધારી મેં તે ઉઠાવી લીધી, અને હું ઉતાવળે પગલે તે તેણીને હવાલે કરવા પછવાડે ગયો, પણ તેણી બહુ જલદીથી ઉતરી ગઈ અને હું તેણીને પકડી પાડું તેટલાં તેણી એક ગાડી કે જે ત્યાં પ્રથમથીજ ઉભેલી હતી તેમાં ચઢી ગઈ. હું તરતજ આગળ ગયો અને બોલ્યો, “ બાનુ મને લાગે છે કે આ બાંગડી તમારીજ છે, દાદર પરથી તે મને મળી. જે તેના ખરા માલેકને સોંપતાં મને ખુશાલી ઉપજે છે.”

“ આહઃ તે મ્હારીજ છે.” તેણી ફરેન્ચ ભાષામાં બોલી, “એ મ્હારા મનથી ઘણી કીમતી છે. આવી બાંગડી પાડી નાખવા માટે હું મારી બેદરકારીને દોષ દઉં છું, પણ સારૂં થયું કે તમારી મહેર

આનીથી તે પાછી મળી. હું તમારી એ મહેરબાની માટે ઉપકારી થઈ છું." એટલું બોલી તેણી નમી, અને ઇશારત થતાંજ ઘોડાવાળાએ ગાડી દોડાવી મુકી.

હું પાછો ફર્યો અને હોટેલના માલેકને તેણી કોણ હતી તે વીશે પુછ્યું, જેના જવાબમાં તેણે કહ્યું કે તેણીનું નામ કાઉન્ટેસ બી૦ વેલેન્ટાઇન હતું.

આ નામ ક્યાંઇ સાંભળેલું હોવાનો તરતને માટે મને ખ્યાલ થયો પણ એક ગૃહસ્થ તરીકે મ્હારાથી કંઇ વધુ પુછી શકાય તેમ ન હોવાથી હું ધીમે પગલે પાછો ફર્યો અને હોટેલના ઓટલા પર ખુરશી લઇ એક તાજું પેપર વાંચવા બેઠો.

પેરીસનાં વર્તમાન પત્રોમાં તે વખતે ટરકીની વિરૂદ્ધ લાગણી પ્રમાણે જેટલાં મોઢાં તેટલાં વીશેષણો વાપરેલાં જોયાં. ખરૂં કહું તો તે પત્રમાં આવેલી ઇટલી ટરકીશ લડાઇની ખબરો ટરકીની ભયંકર સત્યાનાશીની આગાહી હોય તેવી લખેલી હતી. તે પેપરના જણાવવા મુજબ તરકીની સામે એક એવી ગંભીર મુશ્કેલી ઉભેલી હતી કે જે વાંચતાંજ મ્હારાં રૂવાડાં ઉભાં થયાં, પણ મ્હેં વિચાર્યું કે જો એવો કઢંગો સંજોગ બનવાજ પામ્યો, અને તુરકીને બાલકનનાં રાજ્યો જોડે પણ લડાઇમાં ઉતરવાની તજવીજ કરવી પડી, તો પછી ફાવે તેવા જોખમે તેમાં પાર ઉતરવાની ખાસ જરૂર હતી. તુરકીના પ્રધાન મંડળના એક હોદ્દેદાર તરીકે મેં મ્હારો વિચાર બાંધ્યો, અને આસ પાસના બનાવોથી મને ખાત્રી હતી કે મ્હારો એ વિચાર કંઇ તદન એકલવાયો ન હતો.

એટલું છતાં પણ તે પત્રની ખબરો મને કમકમાટ ઉપજાવનારી હતી, તેથી મેં ખીજવાઇને તે પત્ર ફેંકી દીધું. તે વખતે મને એમજ લાગ્યું કે બળવાન ટરકીશ સીંહને વગોવનારા દરેક વર્તમાનપત્રવાળા દુષ્મનને સારી રીતે મેથીપાક ચખાડવો જોઇએ. આ પહેલી વખતજ મને પેરીસ શહેર સામે અણગમો ઉત્પન્ન થયો.

" જે પત્ર તમે હમણાં નાખી દીધું તે પત્ર મને લેવાની જરી રજા આપશો સાહેબ, " મ્હારી પછવાડેથી કોઇનો સાદ આવ્યો. " હોટલમાં મેં પત્ર મેળવવાની તજવીજ કરી, પણ ત્યાંથી મળી શક્યું નહીં."

પાછું ફરીને જોતાં જે બે માણસોને પેલી સ્ત્રીની સાથે જોયા હતા, તેમાંના લગાર મોટી ઉંમરના માણસને મ્હારી પછવાડે ઉભેલો જોયો.

" લ્યો, અને તે તમેજ રાખો." મેં લગાર અણગમાથી કહ્યું, " પણ મને ભય છે કે તેમાં તમે તુરકી અને તેના લશકરીઓનાં હડહડતાં અપમાન સીવાય બીજું કંઇ જોશો નહીં. હમણાં પેરીસનાં દરેક પત્રોમાં એવુંજ નજરે પડે છે."

" બહુ દિલગીર થવા જેવું છે. " તે માણસે પત્ર લેતાં ગંભીરાઇથી ધીમો જવાબ આપ્યો, " વધારે દિલગીર થવા જેવું તો એટલા માટે છે કે એ પત્રો પ્રજાનો અવાજ બિલકુલ રજુ કરતાં નથી."

તેના જેવા એક તદ્દન અજાણ્યા સાથે રાજદ્વારી તકરારમાં ઉતરવાનું ઠીક ન હોવાથી મ્હેં તેનો જવાબ વાળ્યો નહીં. પેલું પત્ર

બઇને તે જરાં દુર બેઠો કે થોડીવારે એક ગાડી આવી ઉભી અને તેમાંથી પેલીજ કાઉન્ટેસ ઉતરી, તેણીને જોતાંની સાથેજ પેલો માણસ ઉઠીને સામે લેવા ગયો.

હજુ થોડી પળ નહીં ગઇ તેટલાં બીજી ગાડી તેની પાછળ આવી ઉભી, અને પેલો તેઓનો બીજો સાથી ઝડપથી તેમાંથી ઉતરીને તેઓની આગળ આવ્યો. તેના દેખાવ પરથી જાણી શકાતું હતું કે કંઇ નવાજુનીના ખબર તે લાવ્યો હતો. તેણે ઘણા વીવેકથી ટોપી ઉતારી સલામ કરી અને પછી ધીમેથી કંઇ બોલ્યો: તેના બોલ જો કે ધીમા હતા, પણ તેની અસર વીજળીના જેવી થઇ. તેના બેઉ સાથીના ચ્હેરા પર ગભરાટ અને ભયની નીશાની માલુમ પડી; અને બેઉના ચ્હેરા ફીકા મારી ગયા. તરતજ ત્રણે જણાં હોટલમાં ચાલી ગયાં. હું નજદીક બેઠેલો હોવાથી તેઓની આ હીલચાલ જોવા પામ્યો હતો, તે છતાં તેની મતલબ હું જરા પણ સમજી શક્યો નહીં. કદાચ સમજી શકયો હતે તો આ પછીના બનાવોમાં મોટા ફેરફાર કરવાને શક્તિવાન થતે; એ મતલબને મ્હારી સાથે અગત્યનો સબંધ હતો, પણ હવે અફસોસ કરવામાં સાર શો ?

પ્રકરણ બીજું.

કામીલ પાશા અને કાઉન્ટેસ.

પારીસ છોડી જવાની સઘળી તૈયારીઓ મેં કરી રાખી હતી, અને મ્હારા દોસ્ત નીશાત બેકનો ઘણો આગ્રહ છતાં હું તેજ દીવસે ત્યાંથી ઉપડી જવા નીકળ્યો. ઇટલી સાથેની ખટપટને લીધે લશકરી અમલદારોને હુકમો આપવા અગાઉ પ્રધાન મંડળને બહુજ કામ આટોપવાનું હોવાથી કોન્સટાન્ટીનોપલ જવાની મને ખાસ જરૂર પડી. હું બરાબર ટાઇમે રેલવે સ્ટેશન પર ગયો. મ્હારા નોકર સલીમે એક કંપાર્ટમેન્ટ ખાસ રીઝવર્ડ કરાવી રાખ્યો હતો, તેમાં બેઠક લીધી, મ્હારો એ નોકર બહુજ કાળજીવાળો છે. તેણે મ્હારી સગવડતાને માટે થોડાં વર્તમાન પત્રો અને બે ચાર ચોપડીઓ અગાઉથીજ મ્હારી બેઠક આગળ તૈયાર રાખ્યાં હતાં. ટ્રેન આખી ચીકાર હતી તે ઉપડવાને ફક્ત ત્રણજ મિનીટની વાર હોવાથી સ્ટેશન પરના બધા અમલદારો હમેશની માફક દોડધામમાં હતા.

ગાર્ડે સીટી દીધી અને હજુ તો હું સ્વસ્થ થઇ બેસું તેટલાં સલીમને કોઇની સાથે બબડતાં મેં સાંભળ્યો.

" પણ સાહેબ, આ કંપાર્ટમેન્ટ રીઝવર્ડ કરેલો હોવાથી તમોને તેમાં જગા મળશે નહીં."

" પણ ભલા માણસ ટ્રેન ચીકારછે, બીજે કયાંઇ જગ્યા નથી." સલીમને સામો જવાબ મળ્યો, જે અવાજ મેં ઓળખ્યો, " તું ત્હારા માલીકને પુછ અમોને ખાત્રી છે કે તેઓ ના પાડશે નહીં."

આ તકરાર સાંભળી હું બારણાં આગળ ગયો અને ત્યાં પેલી સ્ત્રી અને તેના બે સાથીઓને સલીમ સાથે રકઝક કરતાં જોયાં. એ ત્રણે જણાંની ઓળખાણ હું વાંચનારને પહેલા પ્રકરણમાં કરાવી ગયો છું.

મને જોતાંજ પેલો મોટી ઉમરનો દેખાતો માણસ બોલ્યો, “ એઅદબી માફ, પણ સાહેબ અમો અત્યારે ઘણી કફોડી સ્થિતીમાં આવી પડયાં છીએ. અમો ગાડી રીઝર્વ કરાવાનું ભુલી ગયાં અને અત્યારે બિલકુલ જગો મળતી નથી. આપની મહેરબાની માગવાની બેઅદબી અમે ન કરત, પરંતુ અમારે આ ટ્રેનમાંજ ઉપડી જવાનું હોવાથીજ આ અણુઘટતી મહેરબાની માગીએ છીએ. ટ્રેન ઉપડવાનો વખત પણ થઇ ગયો છે.”

જો કે એવી કોઇ ટોળી સાથે મુસાફરી કરવાનું મને ગમતું ન હતું. તોપણ વિવેકને ખાતર મારે તેઓને જગ્યા આપવી પડી.

“ આવો, અંદર આવો ” હું બોલ્યો “ રેલવેવાળાઓની ફરજ છે કે, તેઓએ પુરતી ગાડીઓ રાખવીજ જોઇએ. બાનુ તમે કઇ જગો પસંદ કરશો ? ”

મ્હારો ઉપકાર માનતાં તેણીએ મ્હારી સામેનીજ બેઠક પસંદ કરી. તેણીના સોબતીઓ પણ ગોઠવાયા અને ટ્રેન ધમધમાટ કરતી આગળ વધી.

ટ્રેન ઉપડયા પછી અમારી મુસાફરીમાં જે બન્યું તેની યાદ અમો પૈકીના બેને તો હમેશાં તાજીજ રહેશે. મ્હારે કહેવું જોઇએ કે શરૂઆતમાં તો તેઓનો સંગાત મને બિલકુલ પસંદ પડયો નહીં, એટ

કુંજ નહીં પણ સામે મને અણગમો છુટવા લાગ્યો. જો કે એક અ-હસ્થ તરીકે તે અણગમો મેં તદન છુપાવીજ રાખ્યો હતો, તો પણ પેલી ચતુર કાઉન્ટેસ તે પામી ગયેલી હોવી જોઇએ. તેણીએ મ્હારા પેપરોમાંથી એક જોવા માગ્યું અને એ રીતે અમો વચ્ચે વાતચીતની શરૂઆત થઇ.

ઘણો વખત નીકળી ગયા પછી કાઉન્ટેસ બોલી, “ મને અને મ્હારા પીતાને થોડા વખત ઉપરજ તમારા એક જુના દોસ્ત સાથે મુલાકાત થઈ હતી, અને તે મુલાકાતથી હું બહુજ ખુશી થઇ હતી.”

“ ખરેખર ! ” હું અજબ થઇ બોલ્યો, “ વારૂ, એવો તે દોસ્ત કોણ છે ? ”

“ ટરકીનો માનવંતો ઉમરાવ એહમદ પાશા.” તેણીએ જવાબ આપ્યો.

“ ખરો, એ મ્હારો ખરાં જીગરનો બાહ્યબંધ. ” મેં જવાબ આપ્યો, “ પણ હું તો ધારતો હતો કે તે હમણાં ભુમધ્ય સમુદ્રમાં સફર કરતો હશે.”

“ હા, તેમજ છે.” તેણી બોલી, “ અમે અકસ્માત તને કોન્સ્ટાન્ટીનોપલમાં મળી ગયાં, અને અમો નેપલ્સ જલદી પહોંચવાની આતુરતામાં હતાં તે જાણીને તેણે અમોને પોતાની બોટમાં સફર કરવાનું આમંત્રણ કર્યું. તે વખતે વાત થતાં તેણે તમારૂં નામ ઘણી માયાળુ લાગણીથી યાદ કર્યું હતું.”

“ ભલો માણસ, ” હું બોલ્યો, “ અમો બેઉએ સાથે એકજ શાળામાં કેલવણી લીધી હતી, અને એકજ યુનીવરસીટીમાં ગયા હતા.”

મ્હારા જુના દોસ્ત એહમદ પાશાનાં તેઓ પરોણાં હતાં એમ જાણીને તેઓ તરફની અણગમાની મ્હારી લાગણી દુર થઇ, અને કોઇની નહીં તો મ્હારા જુના મીત્રની ભલી યાદને ખાતર, મ્હેં તેઓ તરફ વધુ વિવેકથી જોવા માંડયું. અત્યાર સુધી તેઓ ઉપર મને જે વહેમ હતો, તે પણ હવે દુર થઇ ગયો, તે છતાં મેં આડકતરી રીતે સવાલો પુછી મ્હારી ખાત્રી કરી લીધી કે તેણીનું કહેવું ખરૂં હતું. મારો બધો વહેમ દુર થવા પછી હું વધારે છુટથી તેણીની સાથે વાતે વળગ્યો. કાઉન્ટેસ ઘણી બોલકણી અને વખત પસાર થાય તેવી મીઠી વાતો કરવામાં હોશીયાર હતી તેથી વખત જતાં જણાયો નહીં. તેણીના સોબતીઓ વખતેજ એકાદ બે શબ્દો બોલતા અને પાછા પેપરમાં ધ્યાન લગાડતા હતા.

નેપલ્સ સુધી તો અમારી મુસાફરી સાધારણ નીવડી. કોઇ પણ બાબતની ગંભીર વાતચીત વગર અમો વખત પસાર કરતાં હતાં. જ્યારે મ્હેં જાણ્યું કે તેણી પણ નેપલ્સથી કોન્સ્ટાન્ટીનોપલ આવવાની છે, ત્યારે મ્હારા દિલમાં છુપી અને ઉંડી ખુશાલી ઉભરાઇ આવી.

અંતે અમો ટ્રેનમાંથી ઉતરીને આગબોટ પર ગયાં. દરીયો શાન્ત હોવાથી એ સુંદર ચાંદનીમાં સમુદ્રની સફર અમોને બહુજ આનંદદાયક નીવડી.

" મને કહેવા દેશો કે, તમારી ગાડીમાં બેસવા દઇ તમે અમારી ઉપર કંઇ થોડો ઉપકાર કર્યો નથી. " કાઉન્ટેસ બોલી, " જો તમારી મહેરબાની ન થતે તો અમો હજુ પારીસમાંજ ગોથાં ખાતાં હતે, જ્યારે હમણાં તો લગભગ સફર પુરી કરવા આવ્યાં છીએ.

તેણીના લાયકી ભર્યા શબ્દોનો તેત્રોજ જવાબ વાળી તુટક પર
ા મુકતાં મ્હેં કહ્યું, “ જ્યારે તમે એહમદ પાશાની યાટમાં મુસા-
ી કરી છે ત્યારે તો કાઉન્ટેસ તમોને દરીયો તો નહીં લાગતો હોય,
ા વારૂ ? ”

“ હા, તેમ છે ખરૂં. ” તેણી સ્હેજ હસીને બોલી, ” પણ મને
ક સવાલ પુછવા દેશો કે, મ્હારૂં નામ તમોએ કયાંથી જાણ્યું ?”

“ હોટેલમાં તમારૂં નામ બોલાતાં મ્હેં સાંભળ્યું હતું, ” મ્હેં
હ્યું, “ તમારી બાંગડી તમોને પાછી આપવા પછી તમારૂં નામ મેં
ાણ્યું. ”

એ વખતે તેણીના પીતાએ આવીને ઘરેણાંનો દાબડો બરાબર છે
નહીં તેની તપાસ કરી. થોડીવારે આગબોટનો પંખો ફરવા લાગ્યો
ાને અમે અમારી મુસાફરીનો છેલ્લો ભાગ પસાર કરવા લાગ્યાં.
ાઉન્ટેસને કંઇક ઠંડી લાગતી હોય એમ મને જણાયું, કારણ તેણી
ન્રી ધ્રુજી અને પછી પોતાનો ગરમ ડગલો બરાબર ફીટ કરી પહેરી
ીધો.

“ હું નથી સમજી શકતી કે, કોઈ મથક છોડતાં જે લાગણી મને
ાય છે, તેવી બીજા કોઇને થતી હશે કેમ ? ” કાઉન્ટેસ મ્હારી
રફ જોઇ બોલી, “ નવાઇ જેવું તો એ છે કે, નેપલ્સનું બારૂં છો-
તાં, મને કંઇ અજબ નાખુશી અથવા અણુગમો લાગે છે. જો કે
એમ થવાનું કારણ સમજાતું નથી, તો પણ એમ થાય છે એ તો
ાકીજ છે. ”

"હું આશા રાખું છું કે કોન્સ્ટાન્ટીનો પલની મુલાકાતથી એવો અણગમો નહીં આવે" મેં જરા મુછમાં હસતાં કહ્યું, "વારૂ, તમે કોન્સ્ટાન્ટીનો પલમા તો બહુ વખત આવી ગયેલાં છો નહીં ?"

"ઓ. ઘણી વખત." તેણીએ હસીને જવાબ આપ્યો, "ત્યાં મ્હારા ઘણા મીત્રો છે."

"ત્યારે તેઓની યાદીમાં મ્હારૂં એક વધુ નામ દાખલ કરવાની મેહેરબાની ન કરો ?" મેં લગાર આતુરતાથી કહ્યું.

"અલબત મોટી ખુશીથી." તેણીએ જવાબ આપ્યો, અને તરતજ પાસે પડેલા એક વર્તમાન પત્રને લઇને વાંચવામાં રોકાણી. હું પણ બીજું એક પત્ર વાંચવા બેઠો. તેમાં આવેલા તાજા સમાચાર પર નજર ફેંકતાં મને જણાયું કે તુરકીનો ઇટલી સાથેનો સંબંધ ઘણોજ બારીક થયો હતો, અને સુલતાનની સામેની ટોળી વાળાઓ તેમાં જે હરકત નાખતા હતા તેથી ટરકીશ સરકારના હાથ બહુજ સંકોચાઇ ગયા હતા.

"મને લાગે છે કે હવે તો લડાઇ વગર છુટકો નથી," પેલી કાઉન્ટેસનો બાપ મારી તરફ જોઇને બોલ્યો.

"ખચીત તેમજ છે. મને પણ ખાત્રી છે કે બધું રંધાઇ ચુક્યું છે. જો આ વર્તમાન પત્ર પર ભરોસો રાખીએ તો થોડાજ વખતમાં ધડાકા થશે અને લડાઇનું બ્યુગલ વાગ્યા વીના રહેશે નહીં." મેં કહ્યું,

કાઉન્ટેસે જો કે આ વાતચીતમાં સીધો ભાગ લીધો નહીં, તો પણ તેણી ધ્યાનથી સાંભળતી હતી એમ મને લાગ્યું. હવે એ વાત વધુ લંબાવવામાં ડહાપણ નહીં જોઇ મેં પાછું મારા પત્રમાં ધ્યાન રોકયું અને એ પ્રમાણે થોડો વખત નીકળી ગયો.

કાઉન્ટેસે હવે પોતાનું પત્ર મુકી દીધું અને બહારનો દેખાવ જોવા લાગી.

" અરે, વળી કોઈ નવા એનારકીસ્ટની ધરપકડ થઈ" મ્હેં પેપરમાં વાંચીને કહ્યું. " આમાં જે વીગત પ્રગટ થઇ છે, તે પરથી લાગે છે કે હજુ બીજાં પણ ઘણાં ભોપાળાં બહાર આવશે. "

" ખરેખર " કાઉન્ટેસ બોલી ઉઠી, " પોલીસ હવે તો એવી ધરપકડ કરવામાં ઘણી હોશીયાર થઇ છે. અલબતાં પકડેલા ગુનેહગારો પાસેથી ગુનાહને લગતી સાબેતીઓ મેળવતાં મુશ્કેલી પડે છે, પણ વારૂ, જે માણસને પકડયો છે તે કોણ છે ? "

" એ માણસ પોલ ફરેરાના વિચીત્ર નામથી ઓળખાય છે. " મેં કહ્યું. " એવું જણાય છે કે પોલીસે ઘણા વખતથી તેની પુંઠ પકડી હતી, અને હમણાં સુધી તે પોલીસને હંફાવવામાં ફાવી રહ્યો હતો. "

" ગરીબ બિચારો. " કાઉન્ટેસ ધીમે અવાજે બોલી, " જો તમેં મ્હારે માટે કંઇ નબળો ખ્યાલ ન લાવો તો કહું કે મને એવા બિચારાઓની દયા આવે છે. ફાવે તેમ હોય, પરંતુ એ બીચારાઓ બીજાના સુખની આશામાં એવાં કામો કરે છે, જો કે એટલું ખરૂ

છે કે કામ કરવાની તેઓએ ધારણ કરેલી રીત તદન ઉલટી છે." એટલું બોલીને તેણીએ પાછું પોતાના પત્રમાં માથું ખોસ્યું. તેણીનો પીત્રાઈ આ વાતચીત દરમ્યાન બારીના કાચ સાથે ચેડાં કરતો હતો અને હું આમ બહુજ ભેળાઇને વાત કરતો હતો તેની તેને અદેખાઇ આવતી હતી.

હવે અમારી મુસાફરીનો છેડો આવતો ગયો તે જોઇ મેં કાઉન્ટેસને પુછ્યું કે તેણી કોન્સ્ટાન્ટીનોપલમાં કેટલી મુદત સુધી રહેનારછે.

" ઘણુંખરૂં અમો કોન્સ્ટાન્ટીનોપલમાં ત્રણ ચાર મહીના રહેવાનો વિચાર ધરાવીએ છીએ." તેણીએ જવાબ આપ્યો, " પણ હું આશા રાખું છું કે જો તમોને વખત મળે તો તમે મ્હારી મુલાકાતે પધારશો. મેં હમણાજ 'ઉસમાનીયા' વાળું જાણીતું મકાન ભાડે લીધું છે, અને હું તમોને ત્યાં આવેલા જોવાને બહુજ ખુશી થઇશ."

મ્હારે અહીં કબુલ કરવું જોઇએ કે, આ ખબરથી હું બહુજ અજબ થયો. 'ઉસમાનીયા' વાળું મકાન એટલું મોટું અને ખરચાળ હતું કે એ મકાન માટેની એક વખતની મ્હારી મજબુત ઇચ્છાને મ્હારે લાચારીથી દબાવી દેવી પડી હતી. કારણ કે એ મકાનને તેની ચાલુ હાલતમાં રાખવા માટે પુષ્કળ નાણાની જરૂર છે. અને તેથીજ તેણીના શબ્દો સાંભળી મને અજાયબી ઉત્પન્ન થઇ હોય તો કંઇ નવાઇ નહીં.

અત્યાર સુધી તો મને ખ્યાલ વટીક નહોતો આવ્યો. પરંતુ હમણાંજ મને લાગ્યું કે, મ્હારી નવી ઓળખાણવાળી કાઉન્ટેસ મ્હોટી

દોલતવાન હતી. વધુ અજાયબી એમ લાગી કે, તેણું પૈસાવાળી હોવા ઉપરાંત કોન્સ્ટાન્ટીનોપલના બહુજ ખરચાળુ અને મોટાં મકાનની થોડા વખતને માટે માલેક થઇ હતી. કહેવાની જરૂર નથી કે, મ્હારી અજાયબી મ્હેં બહાર કાઢી નહીં, પણ તેણીનો ઉપકાર માની થોડા વખતમાં તેણીની મુલાકાતે જવાની ઉમેદ બતાવી.

" પણ સંભાળજો, તમારી જાહેર ફરજો અને જંજાળોમાં મને મળવા આવવાની તમારી કબુલાત ભુલી જતા નહીં. " છુટાં પડતી વખતે તેણીએ સલામ ઇચ્છતાં મને કહ્યું.

" નહીં, નહીં તમારે ખાત્રી રાખવી કે હું તે ભુલીશ નહીં." મ્હેં જવાબ આપ્યો.

" ઠીક છે ત્યારે સાહેબજી.'' તેણી બોલી, " તમારી મહેરબાની માટે હું ફરી ઉપકાર માનું છું."

" એમાં મહેરબાની શાની ? ઉલટો હું તો ખુશી થયો કે તમારી સાથે પીછાણ થઇ, " મેં કહ્યું. અને તે કહેવું ખરૂં હતું, છતાં મ્હારે કબુલ કરવું જોઇએ કે, શરૂઆતમાં ગાડીમાં જગ્યા આપતી વખતે મને જરા કચવાટની લાગણી થઇ હતી ખરી, પરંતુ તે થોડાજ વખતમાં દુર થઇ અને લાંબી ઓળખાણવાળાના સાથમાંથી છુટા પડતી વખતે માણસને જે દીલગીરી લાગે છે, તેવીજ દીલગીરી કાઉન્ટેસથી છુટાં પડતી વખતે મને લાગી.

પ્રકરણ ત્રીજું.

ભયંકર સ્વપ્નું.

મને ઘેર આવેલો જોણતાંજ મ્હારા સંખ્યાબંધ મિત્રોએ મળવાને માટે દોડધામ કરી મુકી. મુસાફરીનો થાક ઉતારવા મેં ગરમા ગરમ પાણીથી નાહી લીધું અને કપડાં બદલી ખાણું લીધા પછી હું મ્હારા સંખ્યાબંધ મિત્રોને મળવા લાયબ્રેરી રૂમમાં આવી બેઠો.

જો કે હું બહુ થોડા વખતને માટેજ પારીસ ગયો હતો, છતાં ત્યાંથી ઇસ્તંબુલ આવતાં મને માલુમ પડયું કે મ્હારે નવી ખબરો બહુ જાણવાની હતી. કોઈ કોઇ તો મ્હારી આગળ આવીને એવી વાતો કરતા કે જાણે હું લાંબી દેશ નીકાલની સજા ભોગવી આસ્ટ્રેલીયાના જંગલોમાંથીજ આવ્યો હોઉં ! મ્હારો એક જુવાન દોસ્ત મહંમદ એફંદી તો મોટી હોંશથી નવી નવી ખબરો આપવા લાગ્યો. તે બિચારાને તો એમજ લાગ્યું કે, હું પરદેશથી તુરતનો આવેલો હોવાથી રાજદ્વારી ખબરોથી તદન અજાણ્યોજ હોઇશ. મને વધુ અજાયબી તો એટલા માટે લાગી કે, તે જાણતો હતો કે હું પ્રધાન મંડળનો એક સભાસદ હતો, છતાં તે મને તદન અજાણ્યો સમજી તરેહવાર ખબરો અને તેના પર પોતાના બનાવતાજ અભીપ્રાયો મ્હારા મગજમાં ઉતારવા લાગ્યો.

“ બહુજ ભેદ ભરેલું છે, ” તે મને કહેવા લાગ્યો, “ પણ નાજીમ પાશા, આ વખતે જો હું તમારી જગાએ હોઉં તો મ્હોટું માન ખાધી ગયા વીના રહું નહી. ”

"પણ દોસ્ત ! ખુબીજ એ છે કે તું એ જગ્યાએ નથી." મ્હા-રી પાસે બેઠેલા એક લશ્કરી અમલદારે ટકોર કરતાં કહ્યું, "અને તેનું કારણ એજ છે કે તું જરૂર કરતાં વધુ જાણે છે. રાજદ્વારી પુરૂષો બરાબર જાણે છે કે, નાઝીમ પાશા ભરોસાદાર માણસ છે. અને તેથીજ પ્રધાન મંડળમાં એને હોદો આપવામાં આવ્યો છે. ભેદ છુપો રાખવામાં જે મઝાહ છે, તે ખુલ્લો પડી ગયા પછી રહેજ નહીં અને એટલા માટેજ નાઝીમ પાશા એ બાબતમાં ચુપ છે. પણ વારૂ, ભેદની વાત પરથી મને કંઈ યાદ આવી ગયું. પેલું 'ઉસમાનીયા' વાળું મકાન કોણે લીધું ? મ્હેં સાંભળ્યું છે કે, આખા યુરોપ ખંડમાં સર્વેથી ખુબસુરત અબળાએ એ મકાન ભાડે રાખ્યું છે. તમારામાંથી કોઇ તેણીને ઓળખો છો ?"

"હા, હું તેણીને બરાબર જાણું છું." મહંમદ એફંદી બોલ્યો, "એ મકાનને લગતી ગોઠવણ થતી હતી ત્યારે મ્હારો એક દોસ્ત ત્યાં હાજર હતો તે કહેતો હતો, કે તેણી સ્પેન તરફની વતની છે અને ચ્હેરો જરા કાળાશ પર છે."

"હ્યો !" એક ત્રીજા સાંભળનારનું પાકી આવવાથી તેણે ટકોર કરવા માંડી, "એફંદીને કંઇ પણ વાત પુછો, પછી તે ફાવે તેવી હોય પણ એ વીષે તે હમેશાં માહીતગારજ હોય છે. તેની આ બાહોશી માટે હું એટલુંજ જણાવીશ કે, લડાઇમાં તેને ખાસ ખબરપત્રી તરીકે મોકલવો, અને તેનો ખર્ચ આમની સભાએ પગાર કરવો. આમ કરવાથી એફંદી જેવા લાયકની કદર બુજાશે અને સરકારને હમેશાં તાજી ખબરો મળ્યા કરશે !"

" અરે ના, ના." પેલા લશકરી અમલદારે ગંભીરાઈથી શીખામણ દેવાનો દેખાવ કરી કહ્યું. " એફ઼ંદીનું ભેજું કંઈ નવું નવું ઉપજાવી કાઢવામાં ચંચળ છે. બાકી લડાઇના મેદાનમાં તેઅ તે તદ્દન નીરૂપયોગી થઈ પડે. પણ હજુ મારા સવાલનો જવાબ નથી મળ્યો, 'ઉસમાનીયા' વાળું મકાન ભાડે રાખનાર અબળા કોણ છે એ કોઇ કહેતું જ નથી."

" હું પ્રથમથીજ તમને કહી ચુકયો છું." એફ઼ંદીએ પોતાની બડાઇ ચાલુ રાખી, " તમે કોઇ ખરૂં ખોટું પીછાણી શકતા નથી."

હવે મારી ધીરજ ખુટી ગઇ તેથી હું બોલી ઉઠયો." ખુદાને ખાતર એવી ખોટી ખબર ના ઉડાડતા. એફ઼ંદી હમેશને માટે ખોટા છે."

" હેં! ત્યારે તમે કેમ જાણ્યું તેણી કોણ છે?" એફ઼ંદીએ મારી તરફ શકની નજર નાખતાં કહ્યું.

" તેનો જવાબ સહેલો છે. મેં પારીસથી અહીં સુધીની મુસાફરી તે બી સાથેજ કરી છે."

" એમ છતાં તમે અત્યાર સુધી બધાને બકબકારો કરવા દીધો?" એક જણે કહ્યું. " ખચીત! તમારા જેવા ઉંડા પુરૂષો થોડાજ હશે. તમે વખતે જાણતા નહીં હશો કે એ ભેદે અહીં કેટલી ચરચા ઉભી કરી છે, પણ હવે તમારે બધી હકીકત કહેવી પડશે. તેણી કોણ છે? તેણીનો દરજ્જો શું? નામ શું? તેણી ખુબસુરત છે કે નહીં? એ સઘળું સાંભળ્યા વગર હવે અમે ઉઠવાના નથી."

" તેણી કાઉન્ટેસ ઓફ઼ વેલેન્ટાઈનનું નામ ધરાવે છે." મેં જવાબ આપ્યો, " કયાંની રહેવાશી છે તે ચોકસ કહી શકાતું નથી.

પણ એટલું લાગે છે કે તેણી દક્ષિણ ભાગની વતની હોવી જોઇએ. વળી તેણી પૈસાવાળી હોવીજ જોઇએ, કારણ તેમ ન હોયતો 'ઉસમા નીમા' વાળું મકાન લઈ શકે નહીં, હવે તેણીની ખુબસુરતીની બાબત-માં-પણ તમે જ્યારે તેણીને નજરે જોશો ત્યારે તમે પોતેજ એ બાબતનો તમારો વિચાર બાંધી શકશો.

" વાહવા !" લશ્કરી અમલદાર બોલી ઉઠયો, " એફંદી કરતાં નાજીમ પાશાનો ખુલાસો ચોખ્ખો છે, પણ તેણી પરણેલી છે કે ? "

" હું જાણું છું ત્યાં સુધી તેણી વિધવા છે. " મેં કહ્યું, "વળી પ્રથમ પણ તેણી કાન્સ્ટાંન્ટીનોપલમાં રહી ગયેલી છે, અને ઇસ્લામ તરફ તેણીનો ચાહ એટલો તો વધ્યો છે કે, જો કે હજુ ચોકસ નથી, તો પણ જે વખત જાય છે તેમાં તેણી ઇસ્લામી થવા સંભવ છે. "

" વિધવા ! અને તે પણ ઇસ્લામી થવાની ! ત્યારે તો ઓર બી બહેતર ! " તે લશ્કરી અમલદાર મજાકથી બોલ્યો, " જો તેણી મ્હારી તરફ માયાળુ નજરે જોશે તો હું તેણીનો મરતબો ઠીક વધારીશ, પણ નાજીમ પાશા, તમારી નજર તો કંઇ નથી ભરાણી કે ? "

" ખુદા પનાહમાં રાખે તમારા જેવા ગપ ઉડાડનારાઓથી; " મેં જરા ખીજવાટથી કહ્યું, " તમારામાંના કેટલાકને કામ ધંધોજ લાગતો નથી. "

કેટલીક એલાર પેલારની ખબરો પછી મળવા આવનાર મંડળી ઉઠી. હું થાકેલો હોવાથી બીછાને ગયો. પોલીસની બેચેની અને મુસાફરીનો થાક એ બધાનો બદલો લેવાનો વિચાર કરી હું સુતો, પરંતુ

આ ખુદા ! હું હાવે તેવો થાકેલો છતાં મને બિલકુલ ઉંઘ આવી ન-
નહીં. બે કલાક નીકળી ગયા પણ હું જેવોને તેવો જાગતોજ રહ્યો.
પારીસની માફક પેલીજ બે આંખોએ મ્હારો પીછો પકડયો. અંતે
મ્હારો મીજાજ ગયો. હું કંટાળીને ઉઠયો અને મ્હારા વાંચવા લખવા
ના ઓરડામાં ગયો અને બત્તી બરાબર તેજ કરી એક ચોપડી લઈ
વાંચવા બેઠો. થોડીવારમાં હું ત્યાંજ ઉંઘમાં પડયો અને મને તરેહવા
ર સ્વપનાં આવવા લાગ્યાં. ઉપરા સાપરીના ઉજાગરાને લીધે અથવા
તો તુરકીની રાજદ્વારી મુશકેલ સ્થિતીને લીધે મ્હારા મનમાં અજબ
જેવા લડાયક ખ્યાલો આવવા લાગ્યા. મને એવું સ્વપનું આવ્યું કે,
હું એક લશકરી બોટમાં બેશીને ત્રીપોલી તરફ જતો હતો. રસ્તામાં
એ બોટ ખરાબે લાધી જવાથી અંદર પાણી ભરાઈ ગયું અને સેંકડો
માણસો સાથે હું પણ પાણીમાં પડયો. અમો જ્યારે પાણીમાં મોજા
ઓ સાથે આવલાં મારતા હતા, ત્યારે સામેથી એક સ્ટીમ લાંચ
આવતી જણાઈ. મ્હેં જોયું તો મ્હારી અત્યંત અજાયબી વચ્ચે
તેમાં પેલી કાઉન્ટેસ બી. વેલેન્ટાઈન ઉભેલી હતી; વધુ અજાયબી તો
એ હતી કે તેણીના હાથમાં એક મજબુત બાલો હતો; અને જ્યારે
કોઇપણ ડુબતો માણસ બોટને પકડતો ત્યારે પેલા બાલા વતી તેને
પાણીમાં પાછો પછાડી પોતે હસવા લાગતી હતી. ત્યાર પછી મ્હારૂં
સ્વપનું બદલાયું અને લડાઇનું મેદાન નજરે પડયું. લડાઈ પુરી થઇ
ગઇ હતી, અને ત્યાં પડેલાં સંખ્યાબંધ માણસોમાં મ્હેં ઘણાઓને
મારી પીછાણના તરીકે ઓળખ્યા. હજુ તો હું આ દેખાવ જોઉં છું
એટલામાં ટેકરીની પછવાડેથી એક સ્ત્રી ઓચીંતી નીકળી આવી, જેને

જોતાંજ મેં પેલી ભાલાવાળી કાઉન્ટેસ તરીકે ઓળખી કાઢી. તેણી પેલાજ ભાલાવતી નીચે પડેલા ઘાયલોને ભેજન કરવા લાગી. એક વખતનો મોહક અને ખેંચાણકારક તેણીનો ચ્હેરો એ વખતે એટલો બધો જનુની બન્યો હતો કે તે મને જોવો પણ ગમ્યો નહીં. થોડી વાર પછી તેણીની હીલચાલ તપાસતાં જે લશ્કરી અમલદાર મારા મકાન પર તેણીને માટે પુછપરછ કરતો હતો, તેને ત્યાં ઘાયલ થઇને પડેલો જોયો; અને તેના શરીર પર પેલી કાઉન્ટેસ વાંકી વળેલી જોઈ, થોડીજવારમાં તે ઘાયલ થયેલા અમલદારે ડચકું ખાધું અને હાથના ઈશારાથી પાણી પીવા માગ્યું. પેલી કાઉન્ટસે વીકાળ ચ્હેરે ભાલો ઉંચકયો અને પેલાને મારવા માટે ઉગામ્યો; જે જોઇ હું એક ભયંકર ચીસ સમેત જાગી ઉઠયો અને જોઉંછું તો સહવાર પડી ચુક્યું હતું. અને મ્હારો વફાદાર નોકર મારા માથા આગળ ઉભેલો હતો.

" એ શું સલીમ ? " હું બોલ્યો: ": તેં મને બહુ બીવરાવ્યો. પણ આ શું ? હું અહીં શું કરૂં છું ! પણ હા; હવે મને યાદ આવ્યું. મને ઉંઘ ન આવવાથી હું ચોપડી લઇને અહીં આવ્યો અને પછી ઉંઘમાં પડયો હોઇશ, પણ આજે સહવારે કેવા ખબર છે ? "

સલીમના દેખાવમાં જે ફેરફાર થયો તે પરથી હું પામી ગયો કે કંઈ અસાધારણ ખબર તે લાવેલો હોવો જોઇએ.

" હા, સાહેબ " તે બોલ્યો, " ઘણીજ જરૂરી ખબર છે સાહેબ: પેપરોમાં ખબર આવી છે કે લડાઇ શરૂ થઇ ચુકી છે. "

પ્રકરણ ચોથું.

લડાઇની તૈયારી.

મારા કોન્સ્ટાન્ટીનોપલમાં પાછા ફરવા પછીના અઠવાડીયામાં હમેશાં એક એકને ભુલાવે તેવા બનાવો બનતા હતા. લોકો લડાઇને માટે મરજી પડે તેવી અટકળો કરતાં હતાં, અને લડાઇ ખાતાની ઓફીસ પર લોકોનો ધુબારો ચાલુજ હતો. દુશ્મનોએ મોકલેલો છેવટનો સંદેશો જો કે અજાણથી ઉત્પન્ન કરાવનારો હતો, તો પણ સંજોગો જોતાં તે તદન વકી બકારનો પણ ન હતો. સંદેશામાં વાપરેલી તોછડાઇ ભરેલી ભાષાએ લોકોમાં જબરી ચરચા જગાડી હતી. વળી જ્યારે એમ માલુમ પડયું કે, આપણી તરફના હુમલાને બદલે શત્રુઓ શહેનશાહતના એક સંસ્થાન ત્રિપોલી ઉપર હુમલો લઇ આવ્યા હતા, ત્યારે લોક લાગણી એકદમ ઉશકેરાઇ ગઇ. ખરૂં જોતાં તે વખતે ટરકીશ સંસ્થાનોના રક્ષણ માટે ચીન્તાતુર મામલો દેખાયો. બધા જાણતા હતા કે, સરહદ પર બચાવનું લશકર બહુ થોડું હતું, અને ચોકસ વખત પસાર થવા પહેલાં તેમાં વધારો કરવાનું પણ અશકય હતું.

લડાઇવાળા ભાગને લગતી મારી માહીતી આ વખતે પ્રધાન મંડળના હોદ્દા માટે મને વધારે ઉપયોગી થઇ પડી. અને હું વધારે કામમાં રોકાવા લાગ્યો. તે વખતની હાલત બહુજ ચીન્તાતુર થઇ પડી હતી, પણ જ્યારે એમ જાહેર થયું કે, નામીચો લેફ્ટેનન્ટ કરનલ ફતહી બેક લશકરના વડા તરીકે ત્રિપોલી જવાને નિમાયો હતો. ત્યારે લોકોએ જરા સધીયારો લીધો. આ ચુંટણી સર્વાનુમતે પસાર થઇ હતી. આ નીમણોક ગુરૂવારે થઇ હતી અને રવીવારે તે પોતાના હોદ્દાનો ચાર્જ

સંભાળવા ઉપડી જવાનો હતો, તે પહેલાં શનીવારે તે લડાઈ ખાતાની ઓફીસની એક જરૂરી સભામાં હાજરી આપનાર હતો અને બપોરે નામદાર સુલતાનની મુલાકાતે ગયા પછી તે ત્રીપોલી માટે ઉપડનાર હતો.

કરનલ ફતહી બેકને મ્હારી સાથે સારી દોસ્તી હોવાથી આ નિમણોક માટે મેં તેને મુબારકબાદીનો પત્ર લખ્યો. અને તેમાં એમ પણ જણાવ્યું કે, જો વખત હોય તો કોન્સ્ટાન્ટીનોપલ છોડવા પહેલાં હું જાતે મુબારકબાદી આપવા ઇચ્છું છું. જવાબમાં તેણે એટલુંજ જણાવ્યું કે, શનીવારે રાત્રે તે કમાન્ડર-ઇન-ચીફ (લશકરી ખાતાના વડા) ને ત્યાં ખાણા પર જનાર હતો. મને પણ ત્યાંનું ઇજન હોવાથી ત્યાંજ મુલાકાત લેવાનું મેં નક્કી કર્યું.

શનીવારની સાંજ પડી અને ઠરાવેલા વખતે હું લશકરી ખાતાના વડા હીઝ એકસીલેન્સી એડમીરલ હુડસ પાશાને ત્યાં ખાણાના મેલાવડા પર હાજર થયો. સર્વેથી પ્રથમ આવનાર હુંજ હતો. મ્હારા પછી બીજા બે દોસ્તો નાઝીમ પાશા અને જનરલ મહંમદ શવકત પાશા આવ્યા. આ ખાણું જાહેર નહીં પણ ખાનગી હોવાથી વધારે પરોણાઓ નોતરવામાં આવ્યા ન હતા. હવે અમે કરનલ ફતહી બેકની રાહ જોતા બેઠા. રાતના આઠ વાગ્યા તો પણ જ્યારે તેનું નામ નીશાન ન જણાયું ત્યારે વડાએ કહ્યું કે, ફતહી બેકને હમણાં ઘણાં કામ હોવાથી તેનાથી ટાઇમસર હાજર થઈ શકાયું નહીં હોય. આપણે તેની હજુ થોડીવાર રાહ જોવી જોઇએ, પણ જ્યારે સાડાઆઠ થયા ત્યારે તો અમોને ચટપટ થવા લાગી. ખુદ કમાન્ડર ઇન ચીફ પોતે પણ કંટાળી બોલ્યા.

"મને લાગે છે કે, હું તેને ઘેર ટેલીફોન કરી પુછાવી જોઉં કે, કરનલ ફતહી બેક ક્યારે ઘર છોડયું. તેનું હમેશનું નિયમીનપણું યાદ કરતાં આજની ઢીલ કંઇ અજબ જેવી લાગે છે." એટલું કહી, તે અમારા ઓરડામાંથી બહાર ગયો. અને થોડીજ મીનીટો પછી પાછો ફર્યો. આ વખતે અમોએ જોઇ લીધું કે તેના ચ્હેરા પર ગભરાટ અને અજાયબી છવાયલી હતી.

"બહુ નવાઇ જેવી બીના છે!" તે બોલ્યો, ટેલીફોનથી એવો જવાબ મળ્યો કે, ફતહી બેક યલદીઝના મહેલમાં ગયા પછી પાછા ફર્યાજ નથી. હવે આ જવાબ મને ઘણોજ ગુંચવાડા ભરેલો લાગેછે, છતાં પણ તમોને હરકત ન હોય તો પા કલાક વધુ થોભીએ અને પછી ખાણા પર જઇએ."

એ રીતે બીજો પા કલાક પણ ગયો અને અમે ખાણાં પર ગયા. ખરૂં કહું તો ખાણું તદ્દન ફીકકું લાગ્યું. એક ખરાં જીગરના દોસ્તની ભેદી ગેરહાજરીથી અમોને ચટપટ થવા લાગી. પણ જો તે આવીજ ન શકયો તો તેણે ખુલાસાની ચીઠ્ઠી કાં ન મોકલી? જો છેલ્લી ઘડીએ કંઇ અકસ્માત થયો હોય અથવા એકાએક સીક પડી ગયો હોય તો પણ તેણે ખબર કાં ન કહેવરાવ્યા? ફતહી બેક વિવેકમાં પાછો પડે તેવો નહીં હતો, તેથી તેના ખુલાસાના એક પણ શબ્દ વગરની તેની ગેરહાજરી અમોને અજાયબી અને ગભરાટ ઉપજાવે એ સ્વભાવિક હતું. લગભગ સવાઅગીઆરને શુમારે હું કમાન્ડર ઇનિચીફને ત્યાંથી ઉઠયો, પણ ત્યાં સુધી ફતહી બેક તરફનો બીલકુલ સંદેશો આવ્યો ન હતો.

પ્રકરણ પાંચમું.

બેઠી ગુંચવણ.

ઘેર આવતાં આખે રસ્તે ગાડીમાં એજ વીચાર મને આવ્યા કર્યો. મને એમ લાગ્યું કે વખતે મ્હારે ત્યાં કંઈ ખબર આવ્યા હશે; પરંતુ તેમાં પણ હું નાસીપાસ થયો. જો કે મ્હારા ટેબલ પર ઘણા કાગળો અને તારના સંદેશા આવેલા પડેલા હતા, પણ જેને માટે હું ઇન્તેજાર હતો તેના નામનો એકપણ ટુકડો તેમાંથી મળ્યો નહીં.

" ત્હારી ખાત્રી છે કે, લેફટેનન્ટ કરનલ ફતહીબેક તરફથી કંઇ સંદેશો નથી આવ્યો ? " મેં મ્હારા નોકર સલીમને પુછ્યું.

" ના સાહેબ, " તે નમનતાઇથી બોલ્યો, " મને પુરી ખાત્રી છે કે કંઈ ખબર નથી આવ્યા. "

એ જવાબ જો કે મને ગમ્યો નહીં, તે છતાં મ્હારે તે ઉપર સંતોષ પકડવો પડ્યો. હવે ફતહી બેકની ગેરહાજરીની મને વધુ ચીન્તા લાગવા માંડી. રાતતો જેમ તેમ કાઢી, અને સહવારે નાસ્તાની વખતે કમાન્ડર-ઇન-ચીફ તરફથી એક ચીઠ્ઠી મને મળી, તેમાં લખ્યું હતું કે—" મ્હારા વહાલા કામીલ પાશા, આ ચીઠ્ઠી મળવાની સાથેજ હસેક મીનીટને માટે મને મળી જશો. હું પોતેજ તમારે ત્યાં આવવાનો હતો, પરંતુ એક ચોકસ કારણ કે જે રૂબરૂમાં કહીશ. તેને લીધે તમોનેજ બોલાવ્યા છે. "

ચીઠ્ઠીના છેડે લખેલું હતું કે, ચીઠ્ઠી લાવનાર જવાબની રાહ જોશે મેં તદતજ જવાબ આપ્યો કે હું હમણાંજ આવું છું. હવે નાસ્તો પુરો કરી કપડાં પહેરી હું ગાડીમાં બેસી બહાર નીકળ્યો અને મેં જોયું કે લશ્કરી ખાતાનો તે વડો અધીરાઇથી મ્હારી રાહ જોતો હતો.

" ચીઠ્ઠીને માન આપી તુરત અહીં આવ્યા તે માટે હું તમારો આભારી થયો છું. " મને જોતાંજ તે બોલ્યો, " મને બહુજ ચીન્તા થાય છે અને આપણે બેઉ જુના દોસ્તો હોવાથી લડાઇ ખાતાના સેક્રેટરી આગળ જઇએ તે પહેલાં હું તમારી થોડી સલાહ લેવા માગું છું. "

" એ પરથી મને લાગે છે કે, હજુ સુધી કરનલ ફતહી બેકને માટે કંઈ ખબર તમોને મળ્યા નથી. " મેં કહ્યું.

" તમારૂં ધારવું ખરૂં છે. " તે બોલ્યો, " મેં બહુજ બારીકાઇથી તપાસ કરવાનો હુકમ છોડયો હતો અને તે તપાસમાં જણાયું છે કે, ફતહી બેકે સાડા ત્રણ વાગે યલદીઝ છોડયો હતો. ત્યાંથી તે એક ગાડીમાં બેઠો અને પછી શું થયું ! ક્યાં ગયો ! તેને લગતા જરા જેવા ખબર પણ કોઈ આપી શકતું નથી. બધે જાહેર થઇ ચુક્યું છે કે આજે સહવારે અગીયાર વાગતાં તો તે ત્રિપોલી માટે ઉપડી જવાનો હતો, તેથી તેના ઉપડવાની વખતે લોકોનું મોટું ટોળું એકઠું થશે, અને તે વખતે તેની ગેરહાજરીથી એ ટોળાં પર કેવી અસર થશે તે સમજવું મુસ્કેલ નથી. "

" પણ તેનું થયું શું હશે? તે એકાએક ગુમ તો નહીં થયો હોય ? "

" ગુમ થવાના બીજા ઘણા રસ્તા છે. " તે વડાએ દીલગીર ચ્હેરે કહ્યું.

" તમે એમ તો નહીં કહેવા માગતા હો, કે તેના ઉપર કંઈ જબરી વાપરવામાં આવી હોય ? " મેં પુછ્યું.

" અત્યારથી કંઇ ધારી કે કહી શકાય નહીં " તે બોલ્યો, " તો પણ એટલું તો કહીશ કે હું બહુ ફીકર અને ધાસ્તીમાં પડયો છું. તમે જાણો છો કે ફતહી બેક પોતાની જોખમદારી પુરેપુરી સમજી શકે છે અને ફરજ બજાવવામાં તે કદી પણ પછાત પડે તેવો નથી, વળી તે એમ પણ જાણે છે કે આખું તુરકસ્તાન તો શું પણ યુરોપ સાથે આખી દુનીયાના સઘળા દેશોની નજર તેના ઉપર છે. અને તેથીજ મને લાગે છે કે, આ આ ગેરહાજરી તેની રાજી ખુશીની નહી, પણ જબરાઈનીજ હોવી જોઇએ. "

આ ન ધારેલા બનાવનું પરિણામ કેવું આવશે અને લોકો-ના ઉપર કેવી અસર થશે તે હું બરાબર સમજતો હોવાથી મેં પુછ્યું,

" જો તેમજ છે તો હવે તમે શું કરવા માગો છો ? હમણાં પોણાદસ થયા અને એક કલાક પછી જો તે સ્ટેશન પર હાજર નહીં હોય તો લોકોમાં તરેહવાર વાતો જનમ પામશે. અને થોડા કલાકમાં તો વર્તમાન પત્રો અજબ જેવી ચર્ચા ચલાવશે. "

આ સાંભળી તે લશ્કરી ખાતાનો વડો હીઝ એક્સીલેન્સી એડ-મીરલ વુડસપાશા આમથી તેમ ફરવા લાગ્યો અને બોલ્યો, "રા-ત્રે બાર વાગ્યા પછી મેં આપણા ડિટેક્ટીવ ખાતાંને આ ખબર મોકલ્યા છે, પણ હજુ સુધી કંઈ ખુલાસો મળી શક્યો નથી."

"મ્હારા વિચાર પ્રમાણે એક વધુ કામ તમારે કરવાનું છે." મેં સલાહ આપી. "રેલ્વે કંપનીને એવા ખબર આપી દેવા કે બહુજ જરૂરી કામના લીધે ફતહી બેક વખતે ઠેરવેલી ટ્રેનમાં ઉપડી શકશે નહીં."

"હા, તમારો એ વિચાર જેટલો ઉપયોગી તેટલોજ આબાદ છે." વુડસ પાશાએ કહ્યું. "હું હમણાજ તે પર અમલ કરૂં છું. એથી એમ થશે કે જો કંઈજ ખબર નહીં મળે તો પછી બીજી ગો-ઠવણ કરવાનો વખત મળશે. સંસ્થાન ખાતાના પ્રધાનને આ બાબત ના ખબર કરવા જોઇએ, અને પ્રધાન મંડળ આગળ પણ આ હકી-કત રજુ કરવી જોઇશે. તમારૂં કહેવું ખરૂં છે કે, જો આ બનાવ જા-હેર થઈ વર્તમાન પત્રોમાં આવે તો તેનો છેડો ક્યાં આવશે તે હ-મણાથી કહી શકાતું નથી."

"એના નોકરો એ બાબતમાં કંઈ ખુલાસો કરી શકશે કે?" મેં પુછ્યું.

"બીલકુલ નહીં" "જ્યારે તે યલદીઝ જવા નીકળ્યો ત્યારે કહી ગયો હતો કે, મ્હારે ત્યાંના રાતના ખાણા પર હાજર થવા તે જલદી પાછો ફરશે." નોકરો કહે છે કે તે વખતે તેનો સ્વભાવ ખુશ

હતો. વળી આજની ગોઠવણ તેને બહુજ પસંદ પડી હતી એમ તે બોલતો હતો. પણ ચલદીઝ છોડયા પછી ને કયાં ગયો ? શું થયું તેનો પત્તો બિલકુલ મળતો નથી. "

" ત્યારે હવે વધુ તપાસ કરવા જેવું કંઇ રહ્યું નથી ? " મેં પુછ્યું.

" મને લાગે છે ત્યાં સુધી તો હવે કંઇ રહ્યું નથી, " લુકસ પાસાંએ કહ્યું, " આપણી સ્થિતી બહુ ચીન્તાતુર થઈ છે. હમણાંજ હું લડાઇ ખાતાના સેક્રેટરી આગળ જઇને જોઉં છું કે તે શું વિચાર ધરાવે છે. ઘણું કરીને તે તરતજ કાઉન્સીલ અથવા પ્રધાન મંડળની સભા બોલાવશે, અને હવે શું કરવું તેનો વિચાર ચલાવવામાં આવશે. "

" આપણે ઇચ્છીશું કે જે વખત જાય છે તેમાં કંઇ બાતમી મળે, " મેં જવાબ આપ્યો. અને હું ત્યાંથી ઘેર પાછો ફર્યો. આજે જે તદન વકી બહારના અસાધારણ બનાવો બન્યા; તેને માટે હું બહુ દિલગીર થયો. બીચારા ફતકી બેકનું શું થયું હશે ? તેને ફસાવીને પુરો કરી નાંખવામાં આવ્યો હશે કે કેમ ? એવી એવી ધાસ્તી મને લાગવા માંડી. તેની સલામતી માટેની મ્હારી ચીન્તામાં દર પળે વધારોજ થવા લાગ્યો.

પ્રકરણ છઠું.

ભયંકર ખબર ! રંગમાં ભંગ.

ઘેર પહોંચતાંજ પહેલું કામ આવેલા કાગળો તપાસવાનું કર્યું, પ-રંતુ ફતહી બેક વીશે કંઇ પણ નીકળ્યું નહીં. એક મોટું કવર હતું જે ઉઘેડી જોતાં તેમાંથી એક કાર્ડ નીકળ્યો. જેમાં કાઉન્ટેસ બી૦ વેલેન્ટાઇને આજના નવથી અગીયાર સુધીના ટાઇમ માટે ખાણાના મેલાવડા પર આમંત્રણ કરેલું હતું.

થોડા વખત પહેલાં જે અસાધારણ બનાવો બની ગયા હતા, તેથી કાઉન્ટેસ સાથની મ્હારી મુલાકાતને જાણે એક વરસ વીતી ગયું હોય એમ મને લાગ્યું. આ આમંત્રણથી તેણીની સાથેની પહેલી મુ-લાકાત મને યાદ આવી. તેણીની આંખોએ મને કેટલો હંફાવ્યો હતો, તે યાદ આવતાં મ્હારા શરીરમાંથી ઠંડીનું એક લખલખું પસાર થઇ ગયું. મેં તે કવર બાજુએ મુકયું; કારણ તેણીના આમંત્રણ કરતાં બીજાં જરૂરી કામોનો બોજો મારા ઉપર વધારે હતો.

ત્રીપોલી માટેની ઇટલી સાથની લડાઇ માટે નીમાયલો વડો સર દાર લેફ્ટનન્ટ કરનલ ફતેહી બેક એકાએક ગુમ થઇ ગયો, એ વાત જાહેર થતાંની સાથેજ પ્રજામાં ભય અને ગભરાટ ફેલાય તો તેમાં કંઇ નવાઈ નહીં. હજારો અટકળ અને સુચનાઓ થઇ પરંતુ ફતહી બેકનું ગુમ થવું ભેદમાંજ રહ્યું. પોલીસની જીવતોડ મહેનત, પેપરોની

સખ્ત તાણાજાણી, 'યંગ સોસાયટી' નામની હરીફ રાજદ્વારી ટોળીની અપમાન ભરી મશકરી, અને આજુબાજુના રાજ્યોની તિરસ્કાર ભરી લાગણી એ કશાથી ફતહી બેકના ગુમ થવાનો ભેદ ખુલ્લો થયો નહીં. પ્રધાન મંડળની સભા તરતજ બોલાવવામાં આવી અને કામ ચલાઉ સરદાર તરીકે જનરલ મહંમદ શવકત પાશા નામના પાકી બુદ્ધીના કુનેહબાજ લશકરીની નિમણોક કરવામાં આવી. તે વખતે તુરકીની પ્રજામાં એકાએક જબરૂં જોશ ઉછળી નીકળ્યું અને મનવાર ઉપર મનવાર લશકર લઇને ઉપડવા લાગી. લોકોમાં ચાલી રહેલા એવા લડાયક જુસ્સાને લીધે ખાનગી અગર જાહેર મેલાવડા બહુ થોડાજ થતા હતા તે છતાં જે થતા તેમા હું જતોજ નહીં, તો પણ આજની ખુબસુરત કાઉન્ટેસની પરોણાગત ચાખવાનો લોભ હું થોભાવી શકયો નહીં. બરાબર રાતના દસને અમલે હું 'ઉસમાનીયા' વાળા મકાન તરફ જવા ઉપડયો. ત્યાં જઇને મેં જોયું કે, આવા કફોડા સંજોગો વચ્ચે પણ તેણીના મેલાવડામાં હાજરે રહેવાનું ઘણાઓએ પસંદ કર્યું હતું. તેણીએ પોતાની ગંજાવર દોલત સાથે હદ બહારની ખુબસુરતીથી પોતાનું નામ ઠીક જાહેરમાં આણ્યું હતું. તેણીના ભભકાબંધ મેલાવડા લગભગ સઘળાને મોઢે રમી રહ્યા હતા. એવો જાણીતો આસામી કોઇ પણ નહીં હોય કે, જે તેણીની મહેમાનદારીનો મોહતાજ રહ્યો હોય. મારી સાગેજ સંસ્થાન ખાતાનો સેક્રેટરી મુસ્તફા પાશા પણ દાદર ચડતો નજરે પડયો. એ પ્રધાનની

હોશીયારી જાણુંતી હતી. પરદેશ સબંધી રાજ્યનીતી માટે જે બાહોશ અને ચાલાક કરવઇયાની જરૂર હોય છે, તે જરૂર એ પ્રધાને પુરી પાડી હતી.

" મને ખબર નહીં કે તમે આ કાઉન્ટેસને ઓળખતા હશો. " મેં સલામ-આલેક કર્યા પછી પુછયું.

" થોડા વખત પહેલાંજ મને ઓળખાણ થઇ. " તેણે જવાબ આપ્યો. " પણ તમે કયાંથી ઓળખો ? "

" અમારી મુલાકાત પારીસમાં થઇ હતી. " મેં કહ્યું. " અમે એકજ હોટલમાં ઉતરેલાં હતાં. એહમદ પાશાની યાટમાં સફર કરીને તેણી પોતાના પીતાની સાથે ત્યાં આવેલી હતી. "

મારે અહીં જણાવવું જોઇએ કે, મારો આ ખુલાસો પછવાડેથી બહુ નુકશાનકારક થઇ પડયો. મુસ્તફા પાશાએ મને પાછળથી કહ્યું હતું કે, તે પોતે પ્રથમ તો કાઉન્ટેસ તરફ શકમંદ હતો, પણ એહમદ પાશા જેવા ઉમરાવે તેણીની પરોણાગત કરી હતી એવું જાણતાં તેનો શક દુર થયો અને તેણે કાઉન્ટેસ સાથનો વહેવાર વધાર્યો.

બાળ પર પહોંચતાંજ કાઉન્ટેસ પોતે સત્કાર કરવાને માટે ઉભેલી જોવામાં આવી. તેણી ઘણાજ સુંદર પોશાકમાં મઢાયલી એક ફરેસ્તા જેવી લાગતી હતી. તેણીના શરીર પરનાં કીંમતી ઝવાહીરો તેણીની અપાર દોલતની ગવાહી આપતાં હતાં.

મુસ્તફા પાશાની જોડે સેકહેન્ડ કરીને આવકાર આપતાં તેણી

બોલી, " નામદાર પાશા ! તમારા કીમતી વખતના ભોગે મારા [ઇજનને માન આપવા માટે હું તમારી આભારી થઇ છું."

તેનો વળતો જવાબ આપી મુસ્તફા પાશા આગળ ગયો અને કાઉન્ટેસ મારી તરફ ફરી, ઘણી માયાથી એક જુના દોસ્તને આવકાર આપતી હોય તેમ બોલી, " વહાલા જનરલ કામીલ પાશા ! તમને જોતાં મારી ખુશાલી હદ કુદાવી જાય છે, તમે અગાઉથી ન આવ્યા તેને માટે મારે તમોને ઠપકો દેવો જોઇએ."

ઘણા જરૂરી કામના સબબે ઢીલ થવાનું જણાવી મેં માફી માગી અને હવે પછી આમ ન કરવાની કબુલાત આપી હું મેળાવડા વાળા ઓરડામાં દાખલ થયો. ત્યાં તેણીના પીતા સાથે સેકહેન્ડ કરી, અને તે ભલા દેખાવના બુઢાએ પારીસમાં મુસાફરી માટે મેં જે સગવડ કરી આપી હતી તેને માટે મારો ફરી આભાર માન્યો. ત્યાર પછી કોઇએ મને બોલાવ્યો અને નજર ફેરવતાં કાઉન્ટેસના પીત્રાઈ કોકરેનને મેં જોયો.

પરસ્પર સાહેબ સલામ થયા પછી મેં પુછ્યું " તમને કોન્સ્ટાન્ટીનોપલ કેવું ગમે છે? મને યાદ છે કે પારીસથી આવતાં તમે રસ્તામાં બોલ્યા હતા કે, કોન્સ્ટાન્ટીનોપલ ખાતે તમે આ પહેલ વહેલાજ આવો છો."

" મને આ શહેર ઘણું ગમે છે." તે બોલ્યો, " પણ પારીસ તો આના કરતાં પણ વધારે સારૂં લાગે છે. હું આશા રાખું છું કે અહીંના વતની તરીકે તમે તેમાં માઠું નહીં લગાડો."

" એતો જેવા જેના વિચાર; " મેં લગાર ઠંડાઇથી કહ્યું. "પણ તમારે યાદ રાખવું જોઇએ કે, હાલનું આ ટરકીનું પાવતવ્ય તેની હંમેશની હાલતમાં નથી. "

" હં ! તમે લડાઈ વીશે બોલતા હશો," તે જરા ટકોરથી બોલ્યો, " લડાઇની ચર્ચા બહુ ચાલી રહી છે. "

" એ તો કુદરતીજ છે. " મેં લગાર આગ્રહમાથી જવાબ આપ્યો. " જો કે અમે લોકો વધારે જુસ્સાવાળા નથી એ છતાં કંઇ સ્વદેશ તરફના અભીમાનમાં પણ કમતી નથી. પણ વખતે તમારી લાગણી સામી પક્ષ વાળાઓ તરફ હશે. "

" થોડી ઘણી દિલસોજી વિના તો–"

" મારા વહાલા કોકરેન, " કાઉન્ટેસ કે જેણી ત્યાં એકાએક આવી પહોંચી તેણી તેને બોલતો અટકાવી બોલી, " મારા ઓરડામાં રાજદ્વારી વાત કરવાની મના છે ! ચાલ રમતમાં ભાગ લે. " એમ કહેતાં તેણીએ પોતાના હાથમાંનો પંખો તેના હાથ પર માર્યો, અને કોકરેન કંઈ બબડતો ત્યાંથી ચાલ્યો ગયો.

તેના ગયા પછી કાઉન્ટેસે મને કહ્યું, " કોકરેન ઘણો બેવકુફ પણ લાગણી વાળો છે. એ બિચારો એમજ સમજે છે કે; તુરકો કરતાં ઇટાલીયનો વધારે સ્વદેશાભીમાની છે. મેં તેને ઘણી વખત સમજાવ્યું પણ તેનો એ ધખારો નીકળતોજ નથી."

" તેના જેવા બીજા અહીં ઘણા છે. " મેં કહ્યું, " અને

એવાઓની દિલસોજીની મને કે મારી સરકારને જરૂર નથી. પણ વાહ કાઉન્ટેસ ! હું ધારૂં છું કે તમારી દિલસોજી ધરાવા જેટલું અમારૂં નશીબ વખતે સારૂં હોય."

"આવા દલેર ટરકીશ અમલદારો તરફ કોની દિલસોજી ન હોય ? ' તેણી બોલી, " હું નથી-"

એજ વખતે એકાએક કંઈ નવાઇ જેવો બનાવ બનવા પામ્યો અને તેણી બોલતી અટકી પડી. દરવાજા પરથી કંઈ ગણગણાટ આવ્યો અને એકથી બીજે દરેકના ચ્હેરા પર ગભરાટ અને બ્હીકની નીશાનીઓ છવાઈ ગઇ.

" એ શું થયું હશે ? " કાઉન્ટેસ બોલી, " એ લોકો શું વાત કરતાં હશે ? "

એજ વખતે સંસ્થાન ખાતાંનો સેક્રેટરી મુસ્તુફા પાશા અમારી તરફ આવ્યો, તે જોઇને કાઉન્ટેસે કહ્યું, " હું આશા રાખું છું કે તમે કંઇ માઠા સમાચાર તો નહીં લાવ્યા હો." આ વખતે તેણીનો ગોલાબી ચ્હેરો ધાસ્તીથી ફીકો થઇ ગયો હતો.

" માઠા અને સાથે ભયંકર !" તે બોલ્યો, " હમણાંજ એવી ગજબનાક ખબર મળી છે કે, પુર્વના તુરકી લશકરના વડા અબદુલા પાશા અને તેનો રસાલો અને એશીયા માઇનરના લશકરની પહેલી પલટન સાથની સ્ટીમર 'સુલતાના'ને ઝાવીયાના કીનારે ઉડાડી મેલવામાં આવી છે, તેમાંથી ફક્ત ત્રણજ માણસો બચવા પામ્યાં છે."

આ ખબર એટલી ગભરાવનારી હતી કે, હું તો આભોજ બની ગયો, અને જ્યારે સાવધ થયો ત્યારે પુછ્યું, " અને અબદુલ્લા પાશા ? "

" માર્યો ગયો, " મને જવાબ મળ્યો.

" યા ખુદા ! કેવો ગજબ ! " હું બોલ્યો, " પણ તમને ખાત્રી છે કે આ વાત ખરી છે ? આ ખબર તમોને કયાંથી મળ્યા ? "

" તેને માટે જરા પણ શંકા નથી." તેણે કહ્યું, " એ બાબતનો મને હમણાંજ ઓફિશ્યલ સંદેશો મળ્યો છે."

" પહેલાં ફતહી બેક ગુમ થયો અને હવે અબદુલ્લા પાશા." હું બબડયો, " એ શું ભેદ હશે ? મને લાગે છે કે હું દરીયા વરદી ખાતાની ઓફીસમાં જઇને એ ભેદ મેળવું."

" હું તમારી સાથે આવું છું," મુસ્તફા પાશાએ કહ્યું, " માફ કરજો કાઉન્ટેસ, આ વખતે બહુ ઉતાવળથી તમારૂં મકાન છોડી જવું પડે છે. તમારી પરોણાગત માટે ઉપકારી છું, પણ લાચાર છું કે આ વખતેજ આવી ખબર આવી."

" હું પણ તમારા જેટલીજ દીલગીર છું. " તેણીએ જવાબ આપ્યો અને પછી મારી તરફ ફરીને ઉમેર્યું, " નામદાર કામીલ પાશા ! હું આશા રાખું છું કે તમે મને ફરી મળવા આવ્યા વગર રહેશો નહીં."

આમ બોલતાં તેણીએ મારા તરફ એક એવી લાગણી ભરી ન-

જર ફેંકી કે, મારા દરેલાં નબળા મગજનો કોઇ પણ માણસ તેણી આગળ મીણ જેવો નરમ થઇ કુરબાન થઇ જાય. તરતજ હું મુસ્તફા પાશાની જોડે નીચે ઉતર્યો અને તેનીજ ગાડીમાં અમે બેઉ દરીયા વરધી ખાતાંની ઓફીસમાં ગયા. પણ અફસોસ ! ત્યાં તપાસ કરતાં એ ખાણા ખરાબીની ખબર બોલેબોલ ખરી પડી. આગબોટ મુલતાના ઝાવીયાના બંદરે સહીસલામત પહોંચી હતી, અને ત્યાં લંગર કર્યું હતું. રાત્રે અંધારૂં થવા પછી એકાએક કંઇ મોટો ભયંકર અવાજ થયો, અને તે મોટી સ્ટીમરના ટુકડે ટુકડા થઇ ગયા. એક આગવાળો અને બે ખલાસીઓ એમ ત્રણ જણ જીવતા રહેવા પામ્યા હતા. ઝાવીયાના કીનારા પર ઇટાલીયનો જાપતો રાખવાની તૈયારીમાં છે. આ હોનારતનું કારણ શોધી કાઢવા માટે કીનારે બારીક તપાસ ચલાવવામાં આવતી હતી. આટલા ખબર સાંભળી અમે પાછા ફર્યાં.

રાત બહુ ગયેલી હતી છતાં આ ભયંકર ખબર તરતજ આખા શહેરમાં ફેલાઇ ગઈ. લોકોનાં ટોળેટોળાં જાહેર રસ્તામાં અને મોહલ્લાઓમાં અકઠાં થવા લાગ્યાં. ગાડી મોકલી દીધેલી હોવાથી અમે લોકવાયકા સાંભળતા પગે ચાલીનેજ જતા હતા. મુસ્તફા પાશા તેનો રસ્તો જુદો પડતાં છુટો પડયો અને હું મ્હારા મકાન તરફ વળ્યો.

સવારે હું વહેલો ઉઠયો અને મારા હોદ્દાને લગતું કામકાજ કરવામાં રોકાયો. અગીયાર વાગતાં પ્રધાન મંડળની મીટીંગ હતી, તેથી પોણાઅગીયારે હું પરદેશ ખાતાની ઓફીસ તરફ જવા નીકળ્યો.

" ખરેખર આ બહુ ભયંકર ખબર છે કામીલ પાશા ! " સ-લામ અલેક થવા પછી વડા વજીર હીઝ એકસીલેન્સી મુનીર પાશાએ કહ્યું. " આપણો કુનેહબાજ લડવૈયો અબદુલ્લા પાશા અને તેની સાથેના બહાદુર માણસો ! આ ખબરથી દેશમાં કેવી અસર થશે તે હું વિચારી શકતો નથી. ફતહી બેકનું ગુમ થવું અને તેની પછવાડે આ નવી હોનારત ! તે વિશે આપણે હમણાંજ વિચાર ચલાવીએ. આપણે બધા હાજર છીએ કે ? "

ફક્ત એકજ જણ, સંસ્થાન ખાતાનો પ્રધાન મુસ્તફા પાશા ગેર હાજર હતો.

" મુસ્તફા પાશા ઢીલ કરે એવું બનેજ નહીં. " વડા વજીરે કહ્યું, " મને લાગે છે જે વખત જાય છે તેમાં તે આવી લાગશે. "

દસ મીનીટ ગઈ તો પણ તે આવ્યો નહીં. ઓફીસમાં માણસ મોકલી તપાસ કરાવતાં જણાયું કે આજે સહવારથી તે ઓફીસમાં આવેલ નથી. વળી એક પાછળથી ચીઠ્ઠી આવી જે તેના ઘેરથી ખાનગી કારભારીએ લખેલી હતી અને તેમાં પોતાનો માલીક રાતનો ઘેર પાછો ફરેલો ન હોવાથી ખબર પુછાવ્યા હતા. આ બધું સાંભળતાંજ મારા મનમાં અજબ ધાસ્તીએ ઘર કર્યું. અમે એકમેકના ચ્હેરા ટીકવા લાગ્યા.

પ્રકરણુ સાતમું.

ચીન્તાતુર મામલો.

મુસ્તફા પાશાના ગુમ થવાની બાબત એક આફત સમાન થઈ પડી હતી એમ કહેવામાં કોઇ જાતની અતીશયોકતી કહેવાશે નહીં. ત્રીપોલી ખાતે જવા માટે નીમાયલો લેફટેનન્ટ કરનલ ફતહી બેક અને સંસ્થાન ખાતાનો પ્રધાન મુસ્તફા પાશા ભેદ ભરી રીતે ગુમ થઇ ગયા હતા, એ વાત જ્યારે જાહેરમાં આવી ત્યારે લોકોમાં મોટો ખળભળાટ મચી ગયો. પેપરવાળાઓ વધારા પર વધારા પ્રગટ કરી સહન ન થઇ શકે તેવા તાણા મારવા લાગ્યા. ખરેખર આ બધી બાબતો સંજોગોને જોતાં દેશને પીડાકારીજ હતી. આવે વખતે મુસ્તફા પાશા જેવા બાહોશ રાજદ્વારીની ગેરહાજરી બીલકુલ નહીંજ નભાવી શકાય તેવી હતી.

" તમારી ખાત્રી છે કામીલ પાશા, " વડા વજીરે પુછ્યું. "તમારાથી છુટો પડયા પછી મુસ્તફા પાશા સીધો ઘેરજ જવાનો વિચાર રાખતો હતો ? "

" મને સંપુર્ણ ખાત્રી છે." મેં જવાબ આપ્યો, " તે થાકેલો હોવાનું કહેતો હતો, અને હસીને એમ પણ બોલ્યો હતો કે, આજ સહવારની મીટીંગમાં હાજર રહેવા માટે પુરતી હોશીયારીમાં આવવા સારૂ તે વહેલો સુઇ જવાનો હતો."

" એ તો ઠીક, પણ તે કોઇ પણ રીતે દીલગીર તો જણાતો ન હતો ના ? " વડા વજીરે પુછ્યું.

" અલબત આગબોટ 'સુલતાના ' વાળી હોનારતથી તે દુઃખી તો થયો હતો." મેં જવાબ આપ્યો. " એટલું છતાં તે કંઈ દિલગીર ન હતો. મને હવે પસ્તાવો થાય છે કે, મ્હારા વિચાર પ્રમાણે હું તેના ઘર સુધી તેની સાથે કાં ન ગયો ? "

" અરે ! એ સારૂં થવાનું કે તમે સાથે નહીં ગયા !" એક જણ વચ્ચે બોલ્યો, " નહીંતો વખતે તમોને પણ ગુમાવવા પડત." પછી વડા વજીર તરફ ફરી તેણે ઉમેર્યું. " નામદાર ! પોલીસ ખાતાએ આ વખતે ચાંપતા ઇલાજ લેવાની જરૂર છે. તેઓની ફરજ છે કે, આ ભેદનો પત્તો મેળવે."

" હજુ આપણે જાણતા નથી કે બનાવ શું બન્યો છે. તેમ કોઈ પણ જાતની જાસ્તી ગુજારવામાં આવી છે કે નહીં તે જાણવાને પણ કંઈ આધાર નથી." વડા વજીરે જવાબ આપ્યો. " એટલું છતાં પણ જે બન્યું છે તેની તપાસને માટે પોલીસ પોતાથી બનતું કરશે. કરનલ ફતહી બેકનું ગુમ થવું હજુ ભેદમાંજ છે, તેટલાં મુસ્તફા પાશા જેવો સંસ્થાન ખાતાનો પ્રધાન ગુમ થયો, તેથી ગભરાટમાં વધારો થાય અને પ્રજાના મનની ધીરજ ખુટી જાય તેમાં નવાઇ નથી. પણ સ્થાનીક સેક્રેટરી એ માટે પોતાથી બનતું કરશે, અને ગુનેહગારોને વાજબી સજાએ પહોંચાડશે એવી આપણે આશા રાખીશું."

મીટીંગનું કામ પુરૂં થતાંજ હું મુસ્તફા પાશાને ઘેર ગયો. કારણ તેની સ્ત્રીને અમારી દિલસોજી દેખાડવાની અને કોઈ પણ જાતની મદદની જરૂર હોય તો તે પુરી પાડી, સધીયારો આપવાની હું મારી ફરજ સમજતો હતો.

મને મળવા આવેલો જાણતાં તરતજ તેણી એક વિશાળ ઓરડા પરદા પછવાડે આવી બેઠી, અને બોલી, " શું કરૂં ઓ કામીલ ા? મને કંઇ ચેન પડતું નથી. તમે કહો, કહો! મ્હારા ભરથારના ખબર કહો!" એમ બોલતાં તેણીએ એક ડચકું ખાધું જે પ ા મેં જાણી લીધું કે ધણીની ભેદી ગેરહાજરીમાં તેણી રડતી હતી. કે દિલાસાને માટે મેં ઘણા બોલ ગોઠવી રાખ્યા હતા, પરંતુ તેણી સ્થીતી જોતાં દિલાસો દેવાનું કામ મારે માટે મુશકેલ થઈ પડયું.

એક વફાદાર ગેસ્તની મહોરદારને આમ દુખી થતી જોઇ મારી ત કેવી થઈ તે વીચારવું કંઇ કઠણ નથી. થોડીવાર પછી હું જેમ ા છાતી મજબુત કરી બોલ્યો, " બાનુ, આમ બળાપો કરી ત- ત બગાડવાથી તો લાભને બદલે સામું નુકશાન છે. આપણે હ- ાં સારૂં થવાનીજ આશા રાખવી જોઇએ."

" પણ તેઓ કયાં હશે ? " તેણી મ ો પુછવા લાગી. " તેને મ દુખમાં નાખનાર દુસ્મન કોણ હશે? એટલું ખરૂં છે કે, તેણે ં નામ મેળવવા જતાં ઘણા ઘણા દુસ્મનો ઉભા કર્યા છે, પણ એવો એક પણ દુસ્મન નથી જાણતી કે જે મારા ખાવીંદને મારી ાથી ખુંચવી જવા જેટલી હીંમત કરે! ખુદા મારી લાજ રાખો!"

હજુ તો હું કંઈ બોલું તેટલામાં બે ડીટેકટીવો ત્યાં આવ્યા અને ની મુલાકાત લેવાની ઇચ્છા જણાવી. તેણીએ તરતજ પોતાને કામથી અલગ રાખવાની મહેરબાની માગતાં એ ડીટેકટીવોને મળ- ં કામ મનેંજ સોંપ્યું. હું તરતજ ઉઠીને મુસ્તફા પાશાના લખવાના

ઓરડામાં ગયો, જ્યાં મારા મીત્રનો સેક્રેટરી અને પેલા બે ડીટેક્ટીવો બેઠેલા હતા. તેની સાથે તમામ બાબતનો લંબાણ ખુલાસો કર્યા પછી, તેઓની મરજી પ્રમાણે બધા નોકરોને બોલાવવામાં આવ્યા, અને તેઓએ આખો દિવસ કોઇને ત્યાં આગળ ફરતા જોયા છે કે કેમ ? તેવો સવાલ કરવામાં આવતાં એક નાહના છોકરાએ જણાવ્યું કે, સારાં કપડાં પહેરેલા બે માણસોને તેણે ત્રણ ચાર વખત ઘરની આગળ ફેરા ખાતા જોયા હતા. એ બાબતના બધા ખબર લખી લીધા પછી, ગુમ થયેલા મુસ્તફા પાશાનાં શરીર પરનાં કપડાંની પણ નોટ કરી લીધા પછી બેઉ ડિટેકવો ત્યાંથી ઉઠયા. મેં તેઓને જણાવ્યું કે કોઇ પણ જાતની બાતમી મળતાં તુરતજ મુસ્તફા પાશાને ઘેર ખબર આપવા અને તેઓએ તેમ કરવાની કબુલાત આપી.

તેઓને વિદાય કરી હું પાછો મુસ્તુફા પાશાનાં ધર્ણીઆણી પાસે ગયો અને વાતચીતનું પરીણામ જણાવી બહાર પડયો. મને તો ખાત્રીજ હતી કે, જે દુષ્ટોના હાથમાં ફતહી એક સપડાયો હતો, તેજ દુષ્ટોનો એ પણ ભોગ થઇ પડયો હતો. હું ત્યાંથી વડા વજીર પાસે ગયો અને ત્યાં લગભગ એક કલાક સુધી મસલત કર્યા પછી ઘેર જવા ઉઠયો.

ત્રણ વાગના સુધીમાં તો આખા શહેરમાં આ બનાવ જાહેર થઇ ગયો. આ બનાવે લોકોમાં એવી તો જોસ ભેર ચર્ચા જગાડી કે કંઇ કહેવાની વાત નહીં. લડાઈ ખાતાંની ઓફીસ આગળ લોકોનાં ટોળે ટોળાં જમાવ થઇ છેલ્લી ખબર જાણવાને તલપી રહ્યાં હતાં. લોકો હવે મજબુતાઇથી માનવા લાગ્યા કે, કોઈ છુપા શત્રુના હાથથી આ ભયંકર બનાવો બનતા હતા.

ચારનાં સુમારે મેં ટેલીફોનથી પોલીસ ઓફીસમાં ખબર પુછાવી; તેના જવાબમાં જણાવ્યું કે હજુ સુધી કંઇ જાણવા જેવા સમાચાર મળ્યા નથી. રસ્તોહી બેકની માફક યુસ્તુફા પણ ગુમ થયો હતો. મારા સેક્રેટરીએ મને જણાવ્યું કે, " સાહેબ ! આ બનાવ બહુ ભયંકર છે. જો આટલેથીજ નહીં અટકે તો હવે પછી શું બનશે તેનો અંદાજ પણ નથી થઇ શકતો ! " મારા સેક્રેટરીનું આ બોલવું વાજબી હતું. બે જાણીતા આસામીઓનું ગુમ થવું એ જેટલું અજબ તેટલુંજ અફસોસ કારક હતું. અને તેથીજ વડા વજીરની ઇચ્છા પ્રમાણે પ્રધાન મંડળના દરેકને ડીટેકટીવનું ખાસ અંગત રક્ષણ આપવાનો વિચાર થયો, પણ મેં એ બાબતમાં મજબુતાઇથી ના પાડી. રાતને દિવસ મારી પછવાડે એક ડિટેકટીવ ફરે એ મને ગમ્યું નહીં. એ બાબતમાં વડા વજીરે મને નરમ ઠપકો આપતાં કહ્યું, " પણ કામીલ પાશા, તમે પણ અમારા હાથમાંથી જતા રહો, તે અમોને ફાવે નહીં. " જો કે તેના આ બોલવામાં મારી લાયકાત અને જરૂરીયાત માટેના વખાણના શબ્દો ભેળાયલા હતા તે છતાં મેં મારો વિચાર ફેરવવા નાજ પાડી. લગભગ સાડા ચારને સુમારે ત્યાંથી નીકળતાં મને કાઉન્ટેસ બી૦ વેલેન્ટાઇન યાદ આવી, તેણીએ જે માનથી મને આમંત્રણ કર્યું હતું તે યાદ આવતાં ત્યાં જવાની મારી આતુરતા હું થોભાવી શકયો નહીં. તેણીનો દોર જતાં રસ્તામાં વર્તમાન પત્રો વેચનારા છોકરાઓ બુમો પાડતા હતા—

સંસ્થાન ખાતાનો પ્રધાન ગુમ થયો !

કરનલ મુસ્તફા પાશાનું ગુમ થવું !

પ્રકરણ આઠમું.

કાઉન્ટેસની બેઠી ચાલચાલ.

પેપર વેચનારા છોકરાઓની ઉપલી બુમો સાંભળી મારૂં લોહી ઉછળી આવ્યું. રસ્તે મળતા ઓળખાણ વાળાઓથી દુરજ રહેવાનો વિચાર કરી, મેં કાઉન્ટેસના ઘર તરફનો માર્ગ લીધો. લોકો મારી તરફ અજાયબીથી જોતા હતા. રસ્તો પાર કરી હું 'ઉસમાનીયા' માં દાખલ થયો અને થોડીજ વારમાં કાઉન્ટેસ આગળ જઈ ઉભો.

મને જોતાંજ તેણી ખુશી થતી આવકાર આપવા ઉઠી. "વહાલા કામીલ પાશા, મ્હારી ઉપરની તમારી મહેરબાનીની માટે હું બહુજ આભારી છું. આજે બપોરથી જરા હું ઉદાસ હોવાથી તમને આવેલા જોઈ હું બહુજ ખુશી થઈ છું."

"મને લાગે છે કે, મુસ્તુફા પાશાની ગુમ થયાની વાત તમારા જાણવામાં આવીજ હશે?" એક ખુરશી પર બેટક લેતાં મેં પુછ્યું.

"પણ તેનો કંઇ પત્તો મળ્યો કે?" તેણીએ તરતજ સવાલ કર્યો.

"બિલકુલ નહીં." મેં જવાબ આપ્યો, "એ બનાવ તદન અંધારામાંજ રહ્યો છે. પોલીસ પણ એ બાબતમાં ખુલાસો કરી શકતી નથી."

" પણ તેથી દેશી ઉપરે બહુ માઠી અસર થશે નહીં વારૂ ? " તેણીએ લગાર ઇંતેજારીથી પુછયું, " રાજદ્વારી બાબતોમાં તે હમણાં બહુ જરૂરી ભાગ ભજાવતો હતો. "

" હા, તેની ખોટ અત્યારે નહી ખમી શકાય તેવી છે." એટલું કહી મેં વાત ફેરવી નાખી, કારણ રાજ ખટપટની વાતો તેણી સાથે કરવાની મારી ઇચ્છા ન હતી. " વારૂ કોન્સ્ટાન્ટીનોપલમાં તમે હજુ કેટલુંક રહેનાર છો ? " મેં પુછયું,

" એ બાબતમાં હું પોતે કંઇ કહી શકતી નથી. " તેણીએ જવાબ આપ્યો, " મારા પીતાને અહીં કંટાળો ઉપજે છે. વખતે લડાઇને લીધે જોઇએ તેવી મજાહ નહીં મળતી હોય. એમ તો મને પણ દીલગીરી ગમતી નથી. "

આમ ભળતીજ વાતો કરતાં કરતાં અમો ઇંગ્લીશ ગાયનના ટેસ્ટની બાબત પર આવ્યાં ત્યારે તેણી બોલી, " પ્યાનો તો મ્હારો હંમેશનો સાથી છે. તે ઉપરનો મ્હારો કાબુ અજબ છે. તેના વગર તો મને ઘડી પણ ચાલતું નથી. "

" તમે સંગીતમાં પ્રવીણ હશો એવી મને પ્રથમથીજ ખાત્રી હતી." મેં કહ્યું. " પણ હમણાં મ્હારે ખાતર કંઈ છેડો નહીં ? "

" તમારી મરજી હોય તો હું હમણાંજ વગાડી દેખાડું." એમ બોલતાંની સાથે તેણી ઉઠીને ઓરડાને એક ખુણે મુકેલા પીયાના પર ગઇ; અને તુરતજ સુંદર દિલ ઉશકેરનારા રાગ વગાડવા લાગી.

વાજીંત્રની અસર મારા પર અજબ થાય છે. જેમ જેમ નવી નવી રાગણીઓ તેણી વગાડતી ગઈ તેમ તેમ મારા શરીર ઉપર નવાઈ જેવી અસર થવા માંડી. થોડીવારે હું તેની અસરથી ઉંઘમાં પડયો હોઉં એમ લાગ્યું. અને પછી શું બન્યું તે હું બરાબર ખાત્રી પુર્વક કહી શકતો નથી.

મને લાગે છે કે, સુંદર સરોદના પીયાનાની મીઠી અસરથી હું ઉંઘી ગયો, અને સ્વપનું જોતો હતો કે કેમ તે હું ચોક્કસ કહી શકતો નથી; તો પણ હું ધારૂં છું કે, કાઉન્ટેસે મ્હારી ઉપર હીપનોટીઝમ કર્યો, એટલે તેણીએ મ્હારા મન ઉપરનો મ્હારો કાબુ ખસેડી તે ઉપર પોતાનો કાબુ બેસાર્યો. મને એવું લાગે છે કે તેણી ધીમેથી ઉઠીને મારી આગળ આવી અને તેણીની તીક્ષ્ણ આંખો મારા મનના વિચારો વાંચવા માગતી હોય એમ મને લાગ્યું. તેણી બોલી. " તમે મારા કબજામાં છો. હવે તમારૂં કંઇ ચાલશે નહીં. તમારે મ્હારી મરજી મુજબ ચાલવુંજ પડશે. " પછી તેણી બહુજ અગત્યની રાજદ્વારી બાબતો અને લડાઇને લગતા મને સવાલો પુછવા લાગી. જેના જવાબમાં હું બહુ ગંભીર અને છુપી બાબતો કહેતો ગયો. મને એમ લાગ્યું કે જે જવાબો મેં તેણીને આપ્યા તે બહુજ ગંભીર હતા, અને જો તે જાહેરમાં આવે તો આખા યુરોપમાં જબરી ઉથલપાથલ થાય એવું હતું. તે છતાં તેણીની મરજી પ્રમાણે મેં ચોખ્ખા જવાબ આપ્યા અને પછી તેણી મ્હારી આગળથી ખશીને પાછી પીઆના પર બેઠી, અને હું ધીમે ધીમે જાગૃત થવા લાગ્યો.

હું જ્યારે પુરતી શુદ્ધિમાં આવ્યો ત્યારે તેણીએ વગાડવાનું બંધ કર્યું, અને જાણે કંઈ બન્યુંજ ન હોય તેમ ખુલ્લાં દિલથી મારી આગળ આવી વાજીંત્રને લગતી વાતો કરવા લાગી. એ વખતે તેણી એટલી ભોળા મનની દેખાણી કે મારો શક નબળો પડી ગયો. અને મને એમજ લાગ્યું કે મેં કંઈ સ્વપનું જોયું હશે. મને વધારે ખાત્રી તો એ પરથી થઈ કે સામે લટકતાં ઘડીયાળમાં જોતાં મારા ઉંઘમાં પડવાને ફક્ત ત્રણજ મીનીટ લાગી હતી. એટલામાં ચાહ આવી અને તે પીતાં પીતાં હું મારૂં સ્વપનું ભુલી ગયો. થોડીવાર પછી રજા લઇ હું ત્યાંથી ઉઠયો અને બહાર નીકળીને મારૂં પોતાનું ઘડીયાળ જોતાંજ હું ચોંકયો. મારાં અને કાઉન્ટેસમાં ઘડીયાળ વચ્ચે પા કલાકનો ફેર હતો. હું જ્યારે પહેલાં દાખલ થયો ત્યારે બેઉ ઘડીઆળ સરખાં હતાં, અને હમણાં પા કલાકનો ફેર જોઇ મને અજાયબી લાગી, કારણ કે મારાં ઘડીયાળ પ્રમાણે લગભગ પંદર મીનીટ સુધી હું ઉંઘમાં પડેલો હોવો જોઇએ. આ વિચારે વળી મને એવી શંકા ઉભી કરી કે, ખરેખર કાઉન્ટેસે મને ઉંઘમાં નાખીને રાજદ્વારી ભેદ ભરમો જાણી લીધા હતા. એટલું છતાં કાઉન્ટેસની આ ભેદી હીલચાલનું ખરૂં કારણ હું પારખી શકયો નહીં ફાવે તે હોય પરંતુ હવે તેનો ખુલાસો મળી શકે તેમ ન હોવાથી મેં એ વાત મગજમાંથી કાઢી નાખી.

પ્રકરણ નવમું.

ચોંકાવનારા સમાચાર.

મારા અંગત બનાવ વીશે આગલા પ્રકરણમાં હું જે કહી ગયો, તે બાબતમાં વધારે કહેવા જેવું કંઈ રહ્યું નથી, કારણ તેનો ખુલાસો હજુ મને પણ મળ્યો નથી. બીજી તરફ સંસ્થાન ખાતાના પ્રધાન મુસ્તફા પાશાના ગુમ થવાની ચર્ચા હજુ જોસભેર ચાલતી હતી. પોલીસની જીવતોડ મહેનત છતાં કંઈજ પત્તો લાગ્યો નહીં. ગંજાવર રકમનાં ઇનામો કાઢ્યા છતાં મુસ્તફા પાશા જાણે તદન પાતાળમાં ગેપ થઈ ગયો હોય તેમજ લાગ્યું.

વળી લડાઇના મેદાનમાંથી બહુજ ભયંકર ખબરોના તાર આવ્યા જ ગયા. હમેશાં પેપરોમાં પાના અને પાનાઓ ભરાઇને હારની ખબરો પ્રગટ થતી હતી, તેથી તરતને માટે તો એમજ લાગતું હતું કે, તુરકીની કમબખ્તી બેઠી હતી. પાર્લામેન્ટની બેઠક શરૂ થયેલી હોવાથી લડાઇને લગતા સંખ્યાબંધ સવાલો પુછવામાં આવતા. જાહેર પ્રજાની લાગણી એ વખતે બહુજ જુસ્સાવાળી માલુમ પડતી હતી. સ્ટીમર ઉપર સ્ટીમર લશ્કર લઇને ઉપડતી હતી. વળી સ્થાનીક બચાવના બાંધકામો ઉપર મજબુત દેખરેખ રખાવા લાગી. એટલામાં ખબર આવી કે, બીજી આગબોટનો લશ્કર સાથે નાશ થયો છે. એ નાશને લગતી એવી વીગત મળી કે ભર દરીયે બોટ ઉડાડી મુકવાનું નવી ફીસમનું એક નમોદીયું યંત્ર આગબોટમાં કોઇએ છુપાવેલું, અને

વખત પ્રમાણે એક ધડાકાં સાથે આખી સ્ટીમરનો નાશ થયો હતો. એની પછવાડે એવી ખબર આવી કે—

સ્ટીમર 'રોમાનીયા' લશ્કર સાથે કીનારે બાંધી ગઇ.

આ અરસામાં લગભગ દરેકની ખાત્રી થઈ કે ટરકીને ત્રીપોલી ના મેદાન સીવાય કોઈ છુપાં દુષ્મન સાથે પણ કામ લેવાનું હતું. લેફટનેન્ટ ફતહી બેક અને સેક્રેટરી મુસ્તફા પાશાનું ગુમ થવું. 'સુલતાના' વિગેરે સ્ટીમરોનો નાશ. એ બધા બનાવો છુપા દુષ્મનની અચુક ગવાહી આપતા હતાં. ત્યાર પછી પંદરેક દિવસ સુધી કંઇ મહોકાણ ના સમાચાર મળ્યા નહીં તેથી લોકોએ જરા ધીરજનો દમ ખેંચ્યો.

પણ એ ધીરજ બહુ થોડા વખતને માટે હતી. જેમ તોફાન પહેલાં શાન્તી નજરે પડે છે તેમ થોડી મુદત પછી એવી બુમ ઉડી કે,

સેલોનીકાનું લશ્કરનું કારખાનું નાશ પામ્યું છે!

આ ખબર આગલી બધી ખબરો કરતાં વધુ હેબતાવનારી હતી. પહેલાં તો એ માનવામાંજ ન આવી, કારણ તેની સલામતી માટે મજબુત ચોકી પહેરા રાખવામાં આવ્યા હતા. પણ અફસોસ! અંતે એ બુમાટો ખરોજ પડયો. એકાએક એક જબરા ધડાકા સમેત સેંકડો કામદારો સહ એ હથીયારબંધ કારખાનું ઉડી ગયું. આ ગજબનાક ખબર તેજ દિવસે પાર્લામેન્ટમાં જાહેર કરવામાં આવી, સખ્તાઈ ભર્યા સવાલોની ટપાટપીથી સ્થાનીક સેક્રેટરી ગભરાટમાં પડયો. જાહેર બોલનારાઓ એ બાબતમાં બુમો પાડી પાડીને થાકયા, પણ

જવાબ એજ કે આગલા બનાવોની માફક આ બાબતમાં પણ પોલીસ કંઇ રજુ કરી શકતી નથી. અંતે બધાના મનમાં મજબુતાઇથી ઠસી ગયું કે કોઇ બળવાન છુપો શત્રુ તેની પાછળ પડેલો છે, અને તે પોતાનાં કાવતરાં એવી સફાઇથી રજુ કરતો હતો, કે તેનો જરા પણ પત્તો લાગવા પામે નહીં.

એ બનાવ પછી દરેક જાહેર ઇમારતો પર ડબલ પહેરા રાખવામાં આવ્યા. અને સાવચેતીના દરેક ઉપાયો માટે કાળજી રાખવા માંડી. એ રીતે વળી એક પખવાડીયું નીકળી ગયું.

લાંબી દીલગીરી પછી વળી એક ખબર જરા ખુશાલીભરી મળી. અત્યાર સુધી જે એકનાં એક તારનાં દોરડાં મારફતે સંદેશા આવતા હતા, તેમાંનો મોટો ભાગ ખોટો માલુમ પડયો. એવું જણાયું કે ટરકીશ હારની જુઠી ખબરો કોઇ દુશ્મન તરફથી એજ તારનાં દોરડાં મારફતે કોન્સ્ટાન્ટીનોપલમાં પહોંચાડવામાં આવતી હતી. ટપાલ અને ખેપીયાઓ આવતાં તેનું એ ભોપાળું ખુલ્લું થઇ ગયું, અને લોકોની જ્યારે ખાત્રી થઈ કે ચાલુ હારની બીના ખોટી હતી ત્યારે જરા ધીરજ આવી.

હવે એક ચોકસ રાત્રે મ્હારા બાબમાં જે બનાવ બન્યો, તેથી જો કે તે વખતે હું ગુંચવાડામાં પડએલ હતો. છતાં હમણા તે મને સ્પષ્ટ સમજાય છે. એક રાત્રે છેક મધરાત્રે પાર્લામેન્ટ છુટી અને હું પગે ચાલતોજ ઘેર જવા નીકળ્યો. થોડા વખત પહેલાંજ મેં મારા અંગત રક્ષણ માટે ડિટેકટીવની મદદ કબુલ રાખી હતી, કારણ કે સોલોનીકાના નાશ પછી મને વધારે સાવચેત રહેવાની જરૂર લાગી હતી.

રાત ખુશનુમા હતી. હું ઘર તરફ તો ગયો, પરંતુ અંદર જઇ સુઇ રહેવાની ઇચ્છા ન હોવાથી, મેં મારા અંગ રક્ષકને જવાનું કહ્યું. તેણે કારણ પુછતાં મેં જણાવ્યું કે, " હું હજી ફરવા ઇચ્છું છું. "

" ત્યારે તો હું તમારી સાથેજ રહીશ." તે બોલ્યો, ' માકરો પહેરો આખી રાતનો છે, તેથી તમો સાહેબને જરા પણ હરકત થાય તો તેમાં મારો કસુર ગણાય."

" જેમ તમારી મરજી. ચાલો સાથે મને કંઈ હરકત નથી. " કહી તેને સાથે લીધો. હવે અમે બેઉ વાતો કરતા સાથેજ ચાલ્યા. તે બિચારો કોઇ ચાલાક પણ કમનસીબ હતો, રસ્તામાં તેણે તેના સાહસ કર્મો કહી બતાવ્યાં. એ રીતે ખુશનુમા રાતની ઠંડી લેહેરીમાં અમો આગળ વધ્યા.

પ્રકરણ દસમું.

સીંહણથી સંભાળજો.

ચાલચાં ચાલતાં 'ઉસમાનીયા' વાળી ઇમારતના સામેના રસ્તાપર એક ભીતના ઓથમાં ઉભો રહી હું મારી ચીરૂટ સલગાવવા જતો હતો, તેટલામાં એક ચીથડે હાલ કંગાળ દેખાતા માણસને સીડી પર ચઢતો જોયો. એક પળ તે ઉભો અને પછી કોઇએ અંદર લીધો. આ બનાવ જોઇ મારી અજાયબીનો પાર રહ્યો નહીં. મેં મારા સાથીને પુછ્યું કે તેણે કંઈ જોયું કે નહીં ?

તેણે તરતજ હા પાડી તેથી મેં પાછો સવાલ કર્યો, "શું એમાં કંઇ ચોરીનો હેતુ હશે ?"

"એવુંજ કાંઇ લાગે છે સાહેબ." તે બોલ્યો, "જો હોય તો પણ અંદર કોઇ તેનો સોબતી હોવો જોઇએ."

"ત્યારે હવે આપણે શું કરીએ તો ઠીક થઈ પડે ?" મેં ફરી પુછયું, "કાઉન્ટેસ બી૦ વેલેન્ટાઇન સાથે મ્હારે દોસ્તી છે એટલે તે-ણીનું ઘર આમ તદ્દન આસાનીથી લુંટાવા દેવા હું ખુશી નથી."

"ત્યારે હું અહીં નજીકના પહેરા પરના પોલીસને બોલાવું અને પછી ઘરની અંદરના માણસોને જગાડીને ચેતાવીએ. એ ચોરને પક-ડવામાં બહુ મુસ્કેલી પડશે નહીં. જરા તમે બારણા પર નજર રાખો એટલામાં હું પોલીસને બોલાવી લાવું."

પાંચેક મીનીટમાં તો તે બે પોલીસ સિપાઇઓને લઇને પાછો આવ્યો. એકને આગલા દરવાજા પર નજર રાખવા ઉભો રાખી, બીજાને અમારી સામેના દરવાજા પર જઈ ઘંટ વગાડવા કહ્યું. પહેલાં જવાબ ન મળવાથી ફરી જોરથી વગાડવામાં આવ્યો, અને થોડીવારમાં કોઇએ દરવાજો ઉઘાડી કોણ છે એમ પુછયું.

"પોલીસ ! તમારા મકાનમાં કોઈ અજાણ્યો દાખલ થવા પા-મ્યો છે, અને તેને કોઇએ આજ દરવાજામાંથી અંદર લીધો છે."

"હેં શું ? ઘરમાં ચોર ભરાયો ?" તે માણસે ગભરાઇને જ-વાબ આપ્યો.

" હા ચોર ! અમને અંદર આવી તપાસવા દેશો તો સારૂં થશે. અમે બહાર તપાસ રાખતા હતા તેથી તે પાછો નીકળવા પામ્યો નથી. અહીં ડીટેક્ટીવ પણ છે, તેથી ચાલો બત્તી લાવો તપાસ કરીએ. "

તુરતજ ડીટેક્ટીવ સાથે એક પોલીસ અમલદાર ગયો, અને થોડી મીનીટમાં તો તેઓ ખાલી હાથે પાછા ફર્યા. એજ વખતે બાજુનું એક બારણું ઉઘડયું અને કાઉન્ટેસ પોતે બહાર જવાના પોશાકમાં ત્યાં આવી, પહેલાં તો તેણી હમામમાંજ બોલી, " એ અત્યારે ધાંધલ કોણ કરે છે ? " પછી મ્હારી ઉપર નજર પડતાં તેણીએ ઉમેર્યું, " ઓ ખરેખર એ નામદાર કામીલ પાશા કે ? અત્યારે આટલી મોડી રાત્રે અહીં સુધી ? કેમ શું બન્યું કંઈ કહેશો કે ? "

મેં તરતજ ખુલાસો કર્યો, તે પરથી તેણી બોલી કે, " ત્યારે તો હજુ તે ચોર મકાનના અંદરના ભાગમાંજ ભરાયલો હોવો જોઇએ. પણ તેને અંદર લીધો કોણે ? "

" મહારાજ નોકરોમાંનો કોઈ તેનો મળતીયો હશે. પણ કાઉન્ટેસ. મને લાગે છે કે તમે અંદર તપાસ કરવા દો." તેણીએ તુરતજ મ્હારી વાત કબુલ કરી. એજ વખતે તેણીનો પીત્રાઇ કાઉન્ટ કોકરેન ત્યાં આવ્યો અને ગરબડનું કારણ જાણતાં તે પોતે પોલીસની સાથે સઘળે તપાસ કરવા ગયો, અને કાઉન્ટેસ મને પોતાના ઓરડામાં લેઇ ગઈ. જ્યાં કોઇ પણ જાતની વાતચીત વગર અમે ચોર પકડાવાના અવાજની રાહ જોવા લાગ્યાં.

થોડા વખત પછી કોકરેન પોલીસના માણુસો સાથે પાછો ફર્યો, અને જણાવ્યું કે ચોરનું નામ નિશાન પણ મળતું નથી. પોલીસે કહ્યું કે ચોરનું શું થયું તે કહેવાને તેઓ બિલકુલ અશક્ત હતા, કારણ મકાનનો દરેક ખુણો શોધી વળ્યા છતાં તેના હાથમાં કંઇ આવ્યું જ નહીં.

એટલું છતાં કાઉન્ટેસે મેં લીધેલી તસદી માટે મારો આભાર માન્યો. તેનો ઘટતો જવાબ આપી અમો બહાર નીકળ્યા. જતી વખતે કોકરેને ટકોરમાંજ મારો ઉપકાર માન્યો. જો કે તેથી મને લગાર ગુસ્સો ઉપજ્યો, પરંતુ આવી મોડી રાત્રે તકરારમાં ઉતરવાનું વાજબી ન લાગવાથી તેને ભળતો જવાબ આપી હું બહાર નીકળ્યો.

બહાર આવતાંની સાથેજ મેં મારા ડિટેકટીવ રક્ષકને કહ્યું, "ખરેખર આ બનાવ બહુ અસાધારણ છે. મને સમજ પડતી નથી કે એ ચોર શી રીતે છટકી જવા પામ્યો ?"

"આ બાનુ તથા ગ્રહસ્થ તમારાં મીત્રો હોવાથી મારે ખુલાસો કરવો કે નહીં તેની મને સમજ પડતી નથી." મ્હારા મ્હોંના સામું જોઇને ડિટેકટીવે કહ્યું. "પણ મને હિંમત છે કે હું એ બાબતમાં કંઇ નવો પ્રકાશ પાડે એવી બીના રજુ કરી શકું."

"બોલ બોલ, કંઇ હરકત નહીં. તને જે શક હોય તે ખુલ્લાં મનથી મને જણાવ."

મારા આમ કહેવાથી તેણે કહ્યું કે ચોક્સ તપાસ પરથી તેની ખાત્રી થઇ છે કે, એ કહેવાતો ચોર કોકરેન પોતે હતો, અને ખુદ કાઉન્ટેસે તેને અંદર લીધો હતો.

" પણ એમ કરવાની તેઓની કંઇ મતલબ ?" મેં પુછ્યું.

": તે તો ખુદા માલુમ !" તે બોલ્યો, " પણ મારૂં આ કહેવું ખરૂંજ છે. અને જો કાઉન્ટેસનો ઓરડો તપાસવામાં આવે તો ઘણી નવાઇ જેવી બાતમી મળ્યા વગર રહે નહીં."

" હોય. કદાચ તારૂં કહેવું ખરૂં પણ હોય, પરંતુ મને નથી લાગતું કે એ જાહેર કરવાથી કંઇ ફાયદો થાય. તેથી હવે એ તારૂં ધારવું મનમાંજ રાખવામાં આવે તો ઠીક ?"

" સારૂં સાહેબ !" તે બોલ્યો, ": તમારા કહેવા પ્રમાણે હું અમલ કરીશ. પણ—"

એમ અટકે છે કેમ ? તેને અટકતો જોઇ મેં કહ્યું, ' હજુ પણ કંઈ કહેવાનું છે કે ?"

" તમારા મીત્રો બાબે શંકા લાઈ જવા જેવી બેઅદબી કોઈ કરેજ નહીં," તે નમનતાઇથી બોલ્યો, " પણ મને માફ કરો તો કહી શકું કે, એ કાઉન્ટેસની રીતતભાત એક ઓરત કરતાં સીંહણને વધુ મળતી છે અને તેથીજ સાહેબ, મને કહેવા દેશો કે, એ સીંહણના પંજાથી સંભાળજો."

" નહિં એવા ખોટા વહેમમાં આપણે તણાવું ન જોઇએ." મેં કહ્યું. " જે બાબત સાથે આપણને સબંધ નથી તેવી બાબતોથી મગજ ભરી દેવું એ મુરખાઇ છે."

" વારૂ સાહેબ !" તે બોલ્યો, " હું બધું ભુલી જઇશ."

પ્રકરણ અગીયારમું.

વડા વજીરનું ખુન!

પાછાં ફરતાં રસ્તામાં અમો વચ્ચે કોઇપણ જાતની વાત થઇ નહીં. ઘેર પહોંચ્યા પછી મ્હારા રક્ષકને રજા આપી હું લખવાના ઓરડામાં ગયો અને કેટલાક જરૂરી કાગળો બંધ કરી મોડી રાત્રે પથારી પર સુવા પડયો. બહારની ઠંડી ઘેરવાથી મને તરતજ ઉંઘ આવી ગઇ, પણ સહવારે ઉઠતાંજ મ્હારા નોકર સલીમને ગભરાયલે ચ્હેરે બીછાના આગળ ઉભેલો જોયો.

" કેમ શું છે ? " મેં ઉતાવળથી પુછયું, " આમ ગભરાયલો કેમ દેખાય છે ? "

" બહુજ ભયંકર ખબર છે સાહેબ ! " તે બોલ્યો, " અત્યાર સુધીની ગજબનાક ખબરો કરતાં પણ આ વધુ ભયંકર છે ! "

પણ તું શું કહે છે તે હું સમજી શકતો નથી. લાવ શું ખબર છે તે હું પોતેજ વાંચી જોઉં. " એમ કહી મેં તેના હાથમાંનું પેપર લીધું અને પહેલીજ નજરે જે ફકરો પડયો તેનું મથાળું જોઇને હું તો ડઘાઇજ ગયો. મારા હોશ ઉડી ગયા. એ મથાળું નીચે મુજબ હતું:—

વડા વજીરનું ખુન !

આ ભયંકર ખબર વાંચી હું લગભગ બેભાન થઇ ગયો એમ કહેવામાં હું જરાપણ સહરાગત કરતો નથી. મને એમજ લાગ્યું કે

મ્હારી આંખો મને ઠગતી તો નથી ? જાણે હું આ ખબર બરાબર સમજી ન શકતો હોઉં તેમ **વડા વજીરનું ખુન !** એ ખબર આપનારી કાળી લીટીઓ મેં ફરી ફરીને વાંચી. ત્યારે શું વડો વજીર મરણ પામ્યો ! મ્હારો જુનો દોસ્ત અને ભલો સરદાર કરપીણ ખુનીને હાથે માર્યો ગયો ! અરે પણ એ બનેજ કેમ ? "

જ્યારે મ્હારૂં મગજ શાન્ત થયું ત્યારે ફરી એ સત્યાનાશીના સમાચાર વાંચવા પેપર લીધું. વખત નહીં મળવાને લીધે ફક્ત એક નાહના ફકરા મારફતે આ ખબર આપવામાં આવી હતી, પરંતુ એ નાનો ફકરો આખી દુનીયાંને અજાયબીમાં નાખવાને બસ હતો. તે ફકરો નીચે મુજબ હતો.—

" નહીં વર્ણવી શકાય એવી એક દુખભરી ફરજ અહીં અદા કરવાની છે. હીઝ એકસીલેન્સી મુનીર પાશા, તે તુરકીનો વડો વજીર ગઇ રાત્રે પાછલા પહોરે કોઈ ખુનીને હાથે માર્યો ગયો છે, એવી દિલગીરી ભરી ખબર આપતાં આ કલમ ધ્રુજેછે. મરહુમ પાર્લામેન્ટની બેઠકમાંથી જલદી પાછા ફર્યા હતા, અને જરા માથું દુખવાથી ફરીયાદ સીવાય સઘળી રીતે તંદુરસ્ત હતા. ધારવામાં આવે છે કે, મરહુમને કોઇએ પછવાડેથી છરી મારેલી હોવી જોઇએ, પણ તે જખમ કોણે કર્યો તે હાલ કંઈ અટકળી શકાતું નથી. "

મારા ગભરાટ અને અજાયબીની સીમા રહીજ નહીં. ફક્ત થોડાજ કલાકની વાત ઉપર પાર્લામેન્ટની બેઠકમાં હરીફ પક્ષના હુમલાનો જ-

વાબ ચાલાકીથી આપવા માટે એજ મરહુમે મને વખાણના શબ્દો કહી સંભળાવ્યા હતા. હું તરતજ કપડાં બદલી તેના ઘર તરફ જવા નીકળ્યો. લોકોની ત્યાં ઠઠ જામેલી હતી. મને ઓળખીને તેઓએ અંદર જવાનો રસ્તો કરી આપ્યો, અને મરહુમનો ખાનગી સેક્રેટરી તુરતજ મારી નજીક આવ્યો. મરહુમને છેલ્લા જીવતા જોનાર એજ સેક્રેટરી હોવાથી તેના તરફથી મેં છેલ્લી ખબર જાણવા માગી.

તેણે જણાવ્યું " સભામાંથી આવ્યા પછી મરહુમ અરધોએક કલાક ઘરમાં પોતાની મહોરદાર સાથે વાતો કરતા બેઠા હતા, અને પછી લખવાના ઓરડામાં ગયા; જ્યાં હું તેઓની પછવાડે ગયો ત્યારે મરહુમ લખતા હતા. તેઓએ મને રજા આપી અને ઉમેર્યું હતું કે, " હું જલદી બીછાને જવાનો છું."

" તે ઓરડાની બારી ઉઘાડી હતી કે ? " મેં પુછ્યું.

" ના-" તેણે જવાબ આપ્યો. " તે બંધ હતી અને બારીને મજબુત લોખંડી સળીયા પણ હતા. લગભગ બારેકને શુમાર તેનાં મહોરદાર મોડું થવાથી તેને બોલાવવા નીચે આવ્યાં. અને જે ખુરશી પર તેઓ બેઠા હતા, તેના પરજ મુવેલા પડેલા જોઇ તેઓ ગભરાટ અને બ્હીકથી લગભગ બેશુદ્ધ જેવાં થઈ ગયાં. મરહુમને કોઇએ પછવાડેથી છરી મારી હોય એવું માલુમ પડયું."

" ઓરડામાં કોઇના દાખલ થયાની નિશાની દેખાય છે કે ? " મેં પુછ્યું.

" બિલકુલ નહી." સેકરેટરીએ જવાબ આપ્યો, " પોલીસે તે ારડો તપાસ્યો છે અને ઓરડો હજુ તેઓનાજ કબજામાં છે, પ- ણ ખુની કેમ દાખલ થવા પામ્યો અને કયાંથી બહાર નીકળી ગયો ો ભેદ હજી મળતોજ નથી."

" તેઓનાં મહેરદારની સ્થિતી કેવી છે ?" મેં પુછ્યું. " આ ખુન ફટકાની અસર તેણી પર કેવી થઇ છે ?"

" અરે સાહેબ વાતજ કરોમાં." તે બોલ્યો, " તેણી તો એટલી ી હીંમત દેખાડે છે કે, મને ધાસ્તી લાગે છે કે રખેને કંઇ ભયં બીમારીમાં પડે યા મગજ પરનો કાબુ ખોઇ બેસે !"

એટલી વાતચીત પછી મ્હારી ઈચ્છા પ્રમાણે મને મરનારની લા ળ ઓરડામાં લઈ જવામાં આવ્યો. મરનારનો ચ્હેરો તદન શાન્ત , મને તે વખતે બહુજ ગમગીની લાગી અને છેલ્લો ફાતેહો પડી ાંથી બહાર નીકળ્યો.

મરહુમની વીધવાને મ્હારી તરફની ખાસ દિલસોજી અને દીલા- ો બોલો કહેવાડી સેકરેટરી સાથે સલામ અલેક કરી હું ધરમાંથ ર નીકળ્યો અને લોકોનાં ટોળાંમાંથી કેટલાક જાણીતાઓ કંઇ ાંભળવાની ઈચ્છાએ મ્હારા સામું આતુર આંખોએ જોવા લાગ્યા.

ડા વજીરની દાનાઈ અને લાયકીનાં વખાણ સાથે હીચકારા ખુની ા તીરસ્કારના શબ્દો લોકોનાં ટોળાંમાંથી સાંભળતો હું બહાર અત્યાર સુધીમાં જેજે બનાવો બની ગયા તે બધા કરતાં વડા

વજીરના ખુને લોકોમાં ભયંકર અસર કરી. દરેક રાજદ્વારીઓની જીં-
દગી હવે વધુ ભયમાં જણાવા લાગી. દરેક ઠેકાણેથી દિલસોજીના સં-
દેશા આવ્યા. રાજદ્વારી હરીફ ટોળકી પણ મતફેર બાજુએ મુકી
દિલસોજી દેખાડવા લાગી. દુશ્મનની લાગણી ધરાવનારાં યુરોપનાં વ-
ર્તમાન પત્રો, જો કે તે તુરકીની આ આફતથી ખુશી થતાં હતાં તે
છતાં તેઓને એમતો કબુલ કરવાની ફરજ પડી કે તુરકીને બહુજ બા-
રીક સમયમાંથી પસાર થવું પડતું હતું. જો કે આખર તુરકીનું ભ-
વીષ્ય તેઓ પડતીમાં ભાખતા હતા, તોપણ તેઓને કહેવાની ફરજ
પડતી હતી કે, તુરકી પોતાની શાવે તેવી આફત વખતે પણ હિંમત
હારી જતું નથી. લડાઇમાં પ્રજાના માનીતા સરદારોનાં લોહી રેડાતાં
હતાં, વળી રાજ્ય કારોબારના કરવૈયાઓને ઘણીજ છુપી રીતે એક
પછી એક દુર કરવામાં આવતા હતા, ભયંકર ખોટી ખબરોથી પ્રજા-
નું મન ઢીલવી નાંખવાની તજવીજ થઈ હતી, સેલોનીકા ખાતેના
લડાઈના સામાનનાં મોટાં કારખાનાનો છુપી રીતે નાશ કરવામાં આ-
વ્યો, લશ્કરનો એક મોટો ભાગ દુશ્મનોના હાથે કેદ સપડાયો, આ
બધી આફતો છતાં તુરકી હજુ સુધી ચીવટ પણે વળગી રહ્યું હતું.
ફાવે તેવા ભોગે હજી તુરકી જીતવાનોજ ઠરાવ કરી બેઠું હતું.

આ ભેદી બનાવોની કંઇ પણ બાતમી ન મળવાથી પોલીસ શા
ન્ત પડી હતી એમ સમજવું નહીં. પોલીસની ખંતીલી કોશેશ ચાલુ
જ હતી. વડા વજીરના ખુનની બાબતમાં બારીકાઇથી તપાસ કરતાં
પણ એવું કંઇ જાણવામાં ન આવ્યું કે, જે પરથી ગુનેહગારને શોધી

ઢવાનું બને. મરનારના બધા નોકરોની ખાસ તપાસ રાખવામાં આવી, પરંતુ તે સઘળા નિર્દોષ જણાયા. તેઓ તપાસમાં એટલુંજ કહેતા હતા કે, કોઈ અજાણ્યો ત્યાં આવ્યો નથી, તેમ રસ્તા પર ફેરા મારતાં પણ કોઈ જોવામાં આવેલ નથી. એમ છતાં એટલું તો ચોક્કસ હતું કે કોઈ નહીં જણાયલો માણસ તેના મકાનમાં દાખલ થઈ લખવાના ઓરડામાં જવા પામ્યો હતો, કે જ્યાં એ કમકમાટ ભર્યું ખુન થયું હતું. સત્તાવાળાઓએ આ ખુનની બાતમી લાવનારને મોટું ઇનામ આપવાનું જાહેર કર્યું, પરંતુ કંઇ વળ્યું નહીં.

પ્રકરણ બારમું.

કાર્ડિનેસના કાવાદાવા.

આટલી ઉથલ પાથલ છતાં લશ્કર એકઠું કરવાનું કામ હજુ ચાલુજ હતું. જે છુપો દુશ્મન કોન્સ્ટાન્ટીનોપલમાં રહી આટલું કામ કર્યે જતો હતો તે આસપાસનાં ખ્રીસ્તી રાજ્યોમાં પણ પોતાનો હાથ અજમાવવા ચુકયો હતો નહીં. સંખ્યાબંધ ફીતુરી ચોપાનીયાં ફેલાવા લાગ્યાં અને ટરકીનું વડપણ કબુલ નહીં રાખવાની છુપી ઉશકેરણીઓ ચલાવામાં આવતી હતી.

ત્યાર પછીની એક સહવારે હું મારી હંમેશની આદત પ્રમાણે ઓફીસમાં જવા અગાઉ તાજી હવા ખેરવા બહાર નીકળી પડયો. હું સેંટડેમેત્રીના પરાં તરફના ખુલ્લા રાસ્તાપર ચાલ્યો જતો હતો એટલા-

માં કોઇ ઓળખીતો અવાજ મારે કાને પડયો અને મારાથી થોડાંજ પગલાં છેટે એક પત્થર પર કાઉન્ટેસ બી૦ વેલેન્ટાઇનને બેઠેલી જોઈ. તેણી કોઈ ઇટાલીયન જેવા પરદેશી જોડે વાતો કરતી હતી, તેથી પહેલાં તો તેણીએ મને જોયો નહીં, પણ જેવી તેણીની નજર મારી પર પડી કે પોતાના સોબતીને કંઇ કહી, ઝડપથી મારી આગળ આવી.

" અહો, બહુ વહેલા ફરવા નીકળ્યા !" તેણી બોલી, " આ વખતે મેદાન બહુ સુંદર લાગે છે." નહીં વારૂ ? "

" હા ખરૂં છે." મેં જવાબ આપ્યો, " પણ મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે તમે અહીં મળશો."

" નારે ! હું તો અહીં હમેશાં આવું છું." તેણીએ જવાબ આપ્યો, અને પછી થોડીક અહીં તહીંની વાતચીત પછી ઉમેર્યું, " પેલી રાત્રે 'ઉસમાનીચા' માં ચોર ભરાયો હતો તે વખતની તમારી કીંમતી મદદને માટે હું ફરી ઉપકાર માનું છું. તમારી વખતસરની મદદથીજ કીંમતી ચીજોની ચોરી થતી અટકી. વખતે એથી પણ વધારે ગંભીર બનાવ બનતો અટકી ગયો હોય."

" તમારા બોલવા પરથી લાગે છે કે, આખરે ચોર ઘરમાંથીજ મળ્યો હશે ?" મેં જાણવા માગ્યું.

" ના. ચોર તો મળ્યો નહીં," તેણી બોલી, " પણ તે કયે રસ્તેથી નાશી ગયો તે જણાયું. જ્યારે કોકરેન અને પોલીસ નીચે

તપાસ કરતા હતા ત્યારે તે માળ ઉપર મારા પીતાના ઓરડાની બા જુના બાથ રૂમમાં ભરાયો હતો, અને જ્યારે માળ ઉપર તપાસ ચ- લાવવામાં આવી, ત્યારે તે ભરાતો છુપાતો બારી વાટે નાસી ગયો. એની સાબીતી એમ મળે છે કે, ચોરાયલી ચીજોમાંથી એક નાહનો રૂપાનો ચમચો બારી નીચેની ગટરમાં પડયો હતો. "

કાઉન્ટેસનું કહેવું ખરૂંજ હોય તો પેલા ડિટેક્ટીવનું ધારવું ખોટું હોવું જોઇએ. વાંચનારને યાદ હશે કે, જ્યારે અમે પાછા ફર્યા ત્યારે ડિટેક્ટીવનું કહેવું એવું હતું કે ચોર બીજો કોઇ નહીં પણ કોકરેનજ હોવો જોઇએ.

" ત્યારે એ ચોરને ઘરમાં દાખલ કરનાર કોણ હતું એ બાબત નો શક કોઈ ઉપર છે કે ? " મેં પુછ્યું.

" એક હલકા નોકર પર શક આવ્યો." તેણીએ જવાબ આ- પ્યો, " અને ત્યાર પછી બીજી કેટલીક ચીજો ગુમ થવાની ખબર પડતાં એ શક ખરો પડયો, પણ ત્યાર પહેલાં તો તેને બીજા કારણ સર રજા આપવામાં આવી હતી."

" આ ચોરીનો ભેદ ખુલ્લો થયેલો જાણી હું ખુશી થયો છું." મેં જણાવ્યું, " પણ કાઉન્ટેસ, મને માફ કરજો, મારે લીધે તમારો મિત્ર ચાલ્યો ગયો છે."

જવાબ આપવા અગાઉ તેણી જરા ચોંકી, અને બોલી. " એ કાંઇ મારો મીત્ર નથી, પણ મારા દેશને એક વતની છે. એ બિચારો

એક ગરીબ માળી છે અને દેશમાં જવાનું હોવાથી મારી પાસે કંઈ મદદ માગવા આવ્યો હતો."

કાઉન્ટેસે જો કે આવો જવાબ આપ્યો, પરંતુ અહીં મને એક વાતની સમજ પડી નહીં જેવો હું કાઉન્ટેસ આગળ આવ્યો, ત્યારે મેં તેને બોલતાં સાંભળ્યો હતો કે, " કાઉન્સીલનો એ હુકમ છે અને તે બજાવવોજ જોઈએ. " જો કે એ શબ્દોનો અર્થ ગમે તેવો હોય, તો પણ તેની બોલવાની છટા એક હુકમ રૂપી હતી. પણ એ બધી પંચાતી મારે શું કરવા કરવી જોઈએ એમ સમજી મેં કહ્યું, " ખરેખર ! પરદેશમાં પૈસા વગર નીરાધાર થઇ પડવું એ કમનસીબી લેખાય. જો તમને હરકત ન હોય તો એ તમારી પીછાણવાળાને હું પણ થોડો મદદગાર થઈ પડીશ."

મારા આ બોલોથી તેણી સ્હેજ ગભરાયલી લાગી અને તરતજ બોલી, " મહેરબાની તમારી, પણ એવી કંઈ જરૂર નથી. તેને કંઇ બહુ મહાભારત મદદની જરૂર નથી. ફક્ત ભાડાના પૈસા અને તે હુંજ આપી દઈશ."

" હું દીલગીર છું કે તમે મને મદદ કરવા નથી દેતાં. " હું બોલ્યો.

" મને લાગે છે કે મેં તેમ કરીને તમારૂં અપમાન તો નથી કર્યું, " તેણી બોલી, " પણ જો કદાપી તમોને તેમ લાગ્યું હોય તો તેમાં પણ મારો વાંક નથી. તમારી ભાષા હજુ મને બરાબર આવડતી નથી, તેથી બરાબર બોલાયું ન હોય તો, માફ કરશો. "

તેણીનો દેખાવ એ વખતે એટલો બધો દિલગીરી ભરેલો લાગ્યો કે, તેણીને દબાવીને બાતમી મેળવવા જે યુક્તિ મેં રચી હતી તે માટે મને પસ્તાવો થયો. પણ મારે એ બાબત સાથે શું લાગે વળગે ? એમ સમજી આખરે મેં તેણીને સમજાવી લીધી. મેં જણાવ્યું કે, એમાં કંઈ નહીં. મારી માગણી નહીં કબુલ રાખવાથી હું દીલગીર થયો નથી. એથી તેણીને જરા શાન્તી થઇ અને થોડા વખતમાં તેણી પાછી હમેશની માફક ખુશ વદને વાતો કરવા લાગી. તેણીએ કહ્યું કે તેણી એક ખાણાનો મેલાવડો કરનાર હતી જેમાં મને પણ આમંત્રણ હતું.

"ફક્ત દીવસજ નક્કી કરવાનો રહ્યો છે." તેણી બોલી, "ગુરૂવાર તમોને ગમશે કે ?"

"બીલકુલ નહીં." મેં કહ્યું. "ગુરૂવારે તો હું સ્કુટારી જવાનો છું અને શુક્રવારે ત્યાં મોટાં લશ્કરની તપાસ થનાર છે."

"ત્યારે રવીવાર માફક આવશે ?"

"હા તે ઠીક છે." મેં જવાબ આપ્યો.

"ત્યારે હવે નક્કી કરીએ. રવીવારે રાત્રે આઠ વાગે આપણે સાથે ખાણું લઇશું." તેણી બોલી, "તમે ભુલી તો નહીં જાવ કે ?"

"એવી બે અદબી મારાથી થઇ શકે ખરી કે ?" મેં કહ્યું, "ઉલટો તે વખત કયારે આવે તેની હું આતુરતાથી રાહ જોઇશ."

" મને ખાત્રી છે કે એહમદ પાશા પણ તે વખતે તમોને મળશે. " તેણી બોલી, " તમોને ખબર છે કે હમણાં તે કોન્સ્ટાન્ટીનોપલમાં છે ? "

" ના, મને ખબર નથી, તે છતાં તેની મુલાકાત કરવાને હું બહુ ખુશી થઇશ. " મેં કહ્યું.

મારા મનમાં તે વખતે એવો વિચાર આવ્યો કે, બની શકે તો મારા એ ઉમરાવ દોસ્ત એહમદ પાશા પાસેથી આ કાઉન્ટેસને લગતી કંઈ વધુ માહીતી મેળવું. તેણીના કહેવા મુજબ જો તેણીએ એ ઉમરાવની યાટમાં સફર કરીજ હોય, તો તે તેણીને માટે વધુ માહીતગાર હોવો જોઇએ.

એમ વાત કરતાં કરતાં અમે અતમજદાન વાળા મેદાન આગળ આવ્યાં, તે વખતની તેણીની ખુબસુરતી ભલભલાઓની શુદ્ધ બુદ્ધ ભુલાવે તેવી લાગતી હતી. સહવારની ઠંડીમાં ફરવાથી તેણીના ગોલાબી ગાલોપર ચડી આવેલી લાલીએ તેણીની ખુબસુરતીને બહેકાવી મુકી હતી. અલબતાં હું તેણી તરફ જરા ખેંચાયો, પણ મજબુત મન રાખીને તેણીની મોહજાળમાં ફસવાથી દુરજ રહેતો હતો.

થોડીવારે લગાર દિલગીર ચ્હેરે તેણી બોલી, " આપણે છુટાં પડીશું ત્યાર પછી કદી મળીશું કે નહીં એ વિચાર મને બહુ દુખી બનાવે છે. "

" ત્યારે શું તમે અહીંથી ઉપડી જવાનો વિચાર રાખો છો ?" મેં લગાર અજાયબીથી પુછયું.

" મને નથી લાગતું કે હવે અમો અહીં વધુ વખત રહીએ." તેણી બોલી, " આ વખત અહીં આવવાની મારી ઇચ્છા ફક્ત-ઈસ્લામ તરફની ફીદાગીરીને લીધેજ હતી; પણ—"

" એટલે ? " મેં અજાયબીથી વચ્ચેજ પુછ્યું, " હવે તમે તમારો વિચાર ફેરવ્યો છે ? "

" ના. હું મારા વિચાર પર કાયમ છું, " તેણી બોલી, "પણ તેને અમલમાં મુકવા, જેવા વખતની જરૂર છે તેવો વખત અત્યારનો નથી. વળી એ બાબત માટે મને કેટલીક સલાહની પણ જરૂર છે."

" સલાહ કોની પુછવાની છે ? " મેં આતુરતાથી જાણવા માગ્યું.

" એક સાચા સલાહકાર તરીકે હું બીજા કોને પસંદ કરૂં ? " તેણી સ્હેજ હસીને બોલી, " પણ હમણાં આપણે એ વાત પડતી નાખીએ તો સારૂં. "

ત્યાર પછી થોડી બીજી વાતો કરી અમે છુટાં પડયાં.

પ્રકરણ તેરમું.

દુશ્મનોની છેતી હીલચાલ-બુડસ પાશા ગેપ!

આગલી ગોઠવણ મુજબ ગુરૂવારે લશકરી ખાતાના વડા હીઝ એકસેલન્સી એડમીરલ બુડસ પાશા અને પ્રધાન મંડળના કેટલાક સભાસદો સાથે હું સ્કુતારી ગયો. અમો ત્યાં જનરલ મહંમદ શવ્કત પાશાના પરોણા તરીકે રહ્યા. બીજે દહાડે લશકરની તપાસ લઇ અમો પાછા કોન્સ્ટાન્ટીનોપલ ઉપડી જનાર હતા.

કોન્સ્ટાન્ટીનોપલની ગીચ વસ્તીમાંથી નીકળેલા હોવાથી અહિ અમોને બહુજ આનંદ મળ્યો. મેં શહેરી જીંદગી પર ટીકા કરી, ત્યારે મારો પુરાણો દોસ્ત શવ્કત પાશા હસીને બોલ્યો, " હું ધારતો હતો કે તમે ધીરે ધીરે ગામડાંની જીંદગીનું સુખ ભુલી જશો. પણ દોસ્ત કામીલ પાશા, તમે શાદી કાં કરતા નથી ? તમે અહીં બહુ નમુનેદાર જમીનદાર થઇ પડો ! "

" અરે મને તો એકજ અઠવાડીયામાં આવો એકાંતવાસ કડવો લાગવા માંડે. " મેં કહ્યું. " વળી હું કંઇ પ્રથમ જેવો જુવાન પણ નથી. ઘણા લાંબા વખતથી કુંવારી જીંદગી ભોગવેલી હોવાથી હવે હું કોઇ ઓરતનું દીલ મેળવી શકું નહિ. અને બેદીલની ઓરત કરી વરસ પણ વેચવા કાઢું નહીં."

જો કે એ વખતે કોણ જાણે શા કારણથી પેલી કાઉન્ટેસનો ચ્હેરો મારી નજરે તરી આવ્યો, છતાં મારે કહેવું જોઇએ કે, તેણીને

મારી મહેરદાર બનાવવાનો મને સ્વપ્નેં પણ વિચાર ન હતો. એ વખતે અમે શવકત પાશાના મકાનથી થોડે દુર હતા, અને એક વાંક આગળથી જતાં લગભગ પચાસેક વારને છેટે કોઇ માણસ ઉભેલો નજરે પડયો. તે દુરબીનથી અમારા તરફ જોતો જોતો અલોપ થઈ ગયો. તે સાથે તે વાત પણ મારા મગજમાંથી ખશી ગઇ.

મકાને આવતાંવાર નોકરોએ દોડાદોડી કરી મુકી અને કોફીની તૈયારી ચાલી. થોડો વખત બગીચામાં ફરવા પછી અમે પોત પોતાને માટે નક્કી કરેલા ઓરડામાં કપડાં બદલવા ગયા. કપડાં ઉતારવા પહેલાં હું થોડીવાર બારી આગળ ઉભો અને બહારની સીનેરી જોવા લાગ્યો. થોડીવારે એક ઝાડીમાંથી કેટલાંક પક્ષીઓ ઉડી જતાં જોઇ મને વહેમ પડયો. તેથી મેં તરતજ મારા નોકર પાસે મારી દુરબીન માગી.

દુર બીન આવ્યા પછી મેં જોયું તો મારો વહેમ ખરો પડયો. જે માણસને મેં બપોરે જોયો હતો, તેજ માણસ ઝાડીમાંથી ચાલી જતો મેં જોયો. મને વિચાર આવ્યો કે એ પ્રમાણે બારીક નજર રાખવાનું કારણ તેને શું હશે ? તે વખતની ભયંકર સ્થિતી અને કેટલાક મીત્રોનું ન સમજી શકાય તેવી રીતે ગુમ થઇ જવું, તે યાદ આવતાં આ બનાવ મને ચીન્તામાં નાખવાને પુરતો હતો.

તરતજ હું કપડાં બદલી નીચે ઉતર્યો અને શવકત પાશા, કમાન્ડર ઈન ચીફ (લશ્કરી ખાતાંના વડા) સાથે ઉભેલો હતો તેની આગળ ઉપલા બનાવની વાત કરી, જે સાંભળી તેણે કહ્યું.

"એમ કરવામાં તેનો મતલબ શો હશે ? એ માણસ આમ બારીક નજર રાખે છે તેનું કારણ શું ! અહીં મેં પોલીસનો પુરતો બંદોબસ્ત રાખેલો છે, કારણ છેલ્લા થોડાક બનાવોથી મારા માનવંત પરોણાઓના રક્ષણ માટે મારે વધારે કાળજી રાખવી પડી છે. વારૂ, એ માણસના દેખાવનું વર્ણન આપો તો આપણે કંઇ કરી શકીએ."

મેં વીગત કહી, તે સાંભળી લીધા પછી તે ત્યાં રાખેલી પોલીસની ટુકડીના વડા પાસે ગયો અને થોડી વારમાં પાછો આવ્યો. અમે ખાણા પર ગયા અને જમી રહ્યા પછી તે વાત પાછી ઉપાડતાં નોકરે આવી એક કાગળનો કટકો શવકત પાશાના હાથમાં મુક્યો. તે વાંચીને શવકત પાશા બોલ્યો; " પોલીસ એમ જણાવે છે કે બહુ તપાસ કરવા છતાં કમ્પાઉન્ડમાંથી કોઈ મળ્યું નથી.

એ પરથી બીજા પરોણાઓએ શું બન્યું છે તે જાણવા માગ્યું, અને થોડીવાર એજ વાતચીત થયા પછી ગાણાંની મજાહ ચાખી અમો સુવાને માટે ઉઠયા.

મારો નોકર સલીમ તે વખતે મને આવીને કહેવા લાગ્યો કે, " સાહેબ, એક વાત કહેતાં હું ભુલી ગયો છું. જે માણસને આજે દુરબીન વડે જોયો, તેવોજ માણસ આજે સહવારે તમે મને કમાન્ડર ઈન ચીફ ઉપર ચીઠ્ઠી આપી, તે આપવા જતાં મારી સામેના રસ્તા પરથી ચાલ્યો જતો હતો.

" એમાં શું ? " હું બોલ્યો, " એવા તો ઘણા માણસો જાહેર રસ્તા પર જોવામાં આવે."

બીઝાને ગયા પછી આખી રાત મેં મીઠી ઉંઘથી વીતાવી. સવારે ઉઠી હું મોઢું ધોવાની તૈયારી કરૂં છું એટલામાં શવકત પાશા પોતે મારા પાસે ધસી આવ્યો અને બોલ્યો—

" કામીલ પાશા ! બહુ અજબ બનાવ બન્યો છે. કમાન્ડર ઇન ચીફ યુડસ પાશા ચાલ્યા ગયા છે ! "

" ચાલ્યા ગયા ? " જાણે એ શબ્દનો અર્થજ હું સમજતો ન હોઉં તેમ પુછવા લાગ્યો, " જરા ખુલાસાથી કહોને ? "

સવારે તેનો નોકર કહેવા આવ્યો કે, તેના સાહેબનો ઓરડો ઉઘડતો નથી. મેં તરતજ બારણું તોડવાને હુકમ આપ્યો અને અંદર જઇને જોતાં તે ખાલી જણાયો. ઓરડામાં કોઇ મળે નહીં. બારીઓ પણ બધી બંધજ હતી. પોલીસને તરતજ ખબર આપવામાં આવી છે, પણ હજુ સુધી કાંઇ પત્તો લાગ્યો નથી. અગીયાર વાગે લશ્કરી તપાસ છે અને અહીં તો તે લશ્કરી ખાતાંનો વડો પોતેજ ન મળે. હવે શું કરવું ! તમે કંઇ સલાહ આપી શકશો ? "

" હું શું સલાહ આપું ? " હું બોલ્યો.

" જો કે હું જાણું છું કે એમાં મારો કસુર નથી, " શવકત પાશાએ ગભરાઇને કહ્યું, " તે છતાં આ બનાવ મારા મકાનમાં બન્યો તેથી મને બહુ લાગી આવે છે. આ કોણ બદમાસનું કામ હશે ? "

" કરનલ ફતહી બેકનું ગુમ થવું-વડા વજીરનું ખુન-એ બનાવો જે ભેદને આભારી છે, તેજ ભેદનું આ પણ કારસ્તાન હશે, " હું

બોલ્યો. “ પણ એ ભેદ શોધી કાઢનાર કોઈ મળતું નથી. હવે શું થશે ! ખુદ કમાન્ડર ઇન ચીફ ગુમ થઇ ગયો, ત્યારે હવે કેવું પરીણામ આવશે તે કલપી શકાતું નથી.”

“ પણ એ બન્યું કેમ તેજ હું સમજી શકતો નથી. ” શવકત પાશાએ કહ્યું, “ બીલકુલ અવાજ પણ સંભળાયો નહીં. પણ એ નામદારનું શું થયું હશે ? રાત્રે તો તે બહુ ખુશ હતો, અને ફતેહની આશા આપતો હતો. પણ આ તો બહુજ ગજબ થયો. દેશને આ ખોટ કંઇ જેવી તેવી નથી.”

“ અત્યાર સુધીમાં દેશને કંઇ એવી થોડી ખોટ ખમવી પડી નથી.” મેં કહ્યું. “ પણ હવે લડાઇ ખાતાની ઓફીસ અને ડીરેક્ટીવ ખાતાઓને આપણે તારથી ખબર આપવા જોઇએ.”

“ તે તો હું કરી ચુકયો છું. ” શવકત પાશાએ જણાવ્યું, “ અને અહીંના લશ્કરી વડાને પણ એકાદ ટુકડી લઇને તપાસ માટે આવવા જણાવ્યું છે. તે ઉપરાંત વધુ શું કરવું તેની મને સમજ પડતી નથી.”

એ વખતે મને એક વિચાર આવ્યો કે જે માણસને મેં બારીક તપાસ રાખતો ત્યાં આગલી બપોરે જોયો હતો, તેનો તો હાથ નહીં હોય ! તરતજ મેં તે વાતની યાદ આપી ત્યારે શવકત પાશાએ કહ્યું, “ હું તે ભુલી ગયો નથી. જેવી મને ખબર પડી કે કમાન્ડર–ઇન–ચીફ તેના ઓરડામાં નથી તેવોજ મને એ વહેમ આવ્યો, અને પોલીસને ફરી તપાસ કરવાનું કહ્યું, તે છતાં તે માણસનો પત્તો

મળતોજ નથી. હવે તમે તૈયાર થઇને નીચે આવો. આપણે વિચાર કરીએ કે હવે શું કરવું?"

કપડાં પહેરી હું નીચે આવ્યો અને શવકત પાશા તથા બીજા એક પરોણાને એ સંબંધી વાત કરતાં જોયા. અમોએ એક કલાકથી પણ વધારે વખત વિચાર કરવામાં કાઢયો, પણ ફોકટ ! કંઇ પણ આશા ઉત્પન્ન કરનારૂં પરીણામ આવ્યું નહીં. અને જેવા મળ્યા તેવાજ નિરાશ મોઢે છુટયા. એટલામાં તાર પર તારની ધમાલ ચાલી, અને ત્યાંની તાર ઓફીસને એ ધમાલને પહોંચી વળવાનું મુશકેલ થઇ પડયું. અંતે અમે એવો ઠરાવ કર્યો કે કમાન્ડર ઇન ચીફ વુડસ પાશાની ગેરહાજરીમાં લશ્કરી તપાસ મુલતવી રાખવી. આ છેવટનો વીચાર કરી અમો પાછા કોન્સ્ટાન્ટીનોપલ જવા ઉપડયા. આ વળતી મુસાફરી અમારે માટે બહુજ દુખ ભરી હતી. ખાડી ઉતરી અમે ફરી નારે થઇ શહેરમાં આવ્યા અને પરદેશ ખાતાની ઓફીસમાં ગયા, જ્યાં પ્રધાન મંડળની ખાસ સભા બોલાવવામાં આવી હતી. સભા છુટતાં જ્યારે હું પાછો ફર્યો ત્યારે—

કમાન્ડર-ઈન-ચીફનું ગુમ થવું !

વુડસ પાશા ગુમ થયા !

એવી બુમો વર્તમાન પત્રો વેચનારા છોકરાઓને મોઢેથી સાંભળી મારાં રૂંવે રૂંવાં ઉભાં થયાં.

પ્રકરણ ચૌદમું.

એહમદ પાશા-કાઉન્ટેસના પ્યારમાં.

કમાન્ડર-ઇન-ચીફના ગુમ થવાની ખબરે તુરકીમાં કેવી અસર કરી તેનું વર્ણન લખવાની આ અદના કલમમાં તાકાત નથી. એમ ન સમજવું કે એથી તુરકી પોતાની હીમત હારી ગયું, અથવા ફતેહની આશા છોડી દીધી. છેવટની ઘડી સુધી લડાઇ તો ચાલુજ રાખવાનો ઠરાવ હતોજ, પણ આ માઠી ખબરે ઘણાનાં દિલમાં દિલગીરી ઉત્પન્ન કરી. મારી પોતાની લાગણી એ વખતે કેવી હતી, તે બાબતમાં એટલુંજ જણાવીશ કે આખાં ટરકીની લાગણી તેજ મારી લાગણી હતી. હું બહુ દીલગીર થયો, તે છતાં જાહેર કર્યું કે લડાઇતો ચાલવા દેવીજ જોઇએ અને તેનો છેડો લાવવોજ જોઇએ. પણ હવે એ ગમ ભરેલી બાબત છોડી આપણે જરા રસીલી બીના ઉપર આવીએ.

'હસમાનીયા' માં ખાણા પરના મેળાવડામાં મને આમંત્રણ હતું. હવે સંજોગ પ્રમાણે તે દિવસના આગલે દિવસે ઉમરાવ એહમદ પાશા મને ઓચીંતો મળી ગયો. કામના દબાણને લીધે તે દિવસે હું જરા મોડો જમવા ગયો અને બબરચી ખાણું લાવે તે પહેલાં નોકરે ખબર આપી કે, એહમદ પાશા મને મળવા માગે છે.

"તમે બહુજ વખત સર આવ્યા," તેના ઘરમાં આવ્યા પછી સલામ ઇચ્છતાં મેં કહ્યું; "હું હમણાંજ ખાવા બેસતો હતો. આવો હવે આપણે સાથેજ ખાણું લઇએ."

" બિસમીલ્લાહ !" તે હસીને બોલ્યો, " એનાથી વધારે બીજું કંઈ જોતુંજ નથી. આજ સહવારથી ફક્ત હું નાસ્તા ભરજ હોવાથી તમારી પરોણાગત હું ખુશીથી કબુલું છું, પણ હમણાં હમણાં તો તમે બહુ મોટા લોક થઇ ગયા છો. પ્રધાન મંડળના હોદેદાર થયા, અને તે ઉપરાંત બીજું તો કોણ જાણે શું શું હશે. વડા વજીર થવા સીવાય તમે કંઇ અટકો નહીં."

મારે અહીં ખુલાસો કરવો જોઇએ કે; એહમદ પાશા બહુ મશકરો એને ખુશ મીજાજી હોવાથી; તેમજ અમે બચપણથીજ સાથે મરાયલા કુટાયલા હોવાથી અમો વચ્ચે કોઇ પણ જાતના તકલુફ વીના હસી ખુશીમાંજ વાતો કરવાનો ગોયા ધારોજ થઇ ગયો હતો. તેને બોલતો સાંભળી મેં કહ્યું, " ના ભાઇ, એટલું મોટું માન તે ક્યાંથી મળે ? જો કે મને એવો જરા લોભ છે ખરો ! પણ વડા વજીર થવાનું બને એમ લાગતું નથી."

જમતાં જમતાં તે બહુજ ખુશાલ દેખાયો. તેનું કારણ થોડાજ વખતમાં માલુમ પડયું. જમી રહીને હું બોલ્યો, તમોને કંઇ ખબર છે કે, થોડા વખતની વાત પર તમારા એક મીત્રને થોડી મદદ કરવાનું માન મને મળ્યું હતું."

" મારો મિત્ર ? તે કોણ ? " તે બોલ્યો, પણ મને લાગ્યું કે આ સવાલ તે નકામો કરતો હતો એ બાબતની ખબર તેને હોવીજ જોઇએ.

" કાઉન્ટેસ બી૦ વેલેન્ટાઇન " મેં જવાબ આપ્યો. " જે બાનુની ખુબસુરતી અને દોલતની બાબતમાં આખું કોન્સ્ટાન્ટીનોપલ વખાણ કરી રહ્યું છે તેણીએ પોતેજ મને જણાવ્યું કે, ભુમધ્ય સમુદ્રની સફર તેણીએ તમારી યાટમાં કરી હતી, અને તેણી તથા તેણીના પીતા તરફની મહેરબાની માટે તેણી લાગણી પુર્વક તમોને યાદ કરતી હતી. મને નથી લાગતું કે તમે તેણીને ભુલી ગયા હો ?"

" ના હું ભુલ્યો નથી. " તે બોલ્યો, " મારા મગજમાં મેં તેણીની યાદને જગ્યા આપી છે. પણ તમે તેણીપર કંઈ ઉપકાર કર્યો ખરો કે ? " અહીં તે લગાર ઢોંગથી હસવા લાગ્યો.

થોડીવાર હસવા પછી ખુરશી નજીકમાં ખેંચી તે ધીરેથી બોલ્યો, " અરે દોસ્ત ! હું તને કંઇ કહેવા આવ્યો છું. આપણે જીગરના દોસ્ત હોવાથી તારા સીવાય બીજા કોઇની મુબારકબાદી મને વધારે ગમે નહીં. કામીલ પાશા, હું આજે મને બહુજ નશીબવાન સમજું છું. તે એટલો બધો કે આજે હું પગ પર ઉભો છું કે માથા પર તે પણ કહી શકતો નથી. "

" ત્યારે હું તમને ખાત્રી આપું છું કે; " મેં જરા ગંભીરાઇનો દેખાવ કરી કહ્યું; " તમેં હમણાં તમારા પગ પર ઉભેલા છો. "

" હવે તારી એ મશ્કરી જવા દે. " તે જરા ખીજવાટથી બોલ્યો; " મારા બોલવાનો અર્થ ફક્ત પ્રધાન મંડળનો સભાસદજ ન સમજે; બાકી બીજા બધા સમજ્યા વગર રહે નહીં. હું જે કહેવા માગું છું—"

" જો કંઇ તેનીજ વાત હોય તો ચાલો આપણે પાસેના ઓરડામાં જઇએ." મેં તેને અટકાવીને કહ્યું. " ત્યાં હું વધારે ધ્યાનથી સાંભળીશ અને તમે પણ પુરતી છટાથી બોલી શકશો."

તરતજ અમે પાસેના ઓરડામાં ગયા; અને ત્યાં સ્વસ્થ થઈ બેઠા પછી તેણે વાત શરૂ કરી. મેં ઘણી વખત જોયું છે કે એક માણસ જ્યારે પોતાની ખાનગી વાત કહેવાને ઘણોજ આતુર હોય છે; ત્યારે તે શરૂઆતમાંજ અટકી જાય છે, એહમદ પાશાને માટે પણ એમજ બન્યું. થોડીવાર અહીં તહીં જોઈ શીલીંગ પર જોતાં જોતાં તેણે હિમ્મતથી પોતાની વાત શરૂ કરી.

" તને યાદ હશે કાપીલ પાશા, કે તારા સીવાય મારા બીજા દોસ્તો પણ મને પરણવાને માટે ઘડી ઘડી કહેતા હતા, અને તેમ કરવાની મારી ફરજજ હોવાનું સમજાવતા. હવે તે પ્રમાણે પરણીને ઠર પડવાનો મેં ઠરાવ કર્યો છે. તમારો બોલ પાળવા માટે તમે મને દોષીત તો નહીં ઠરાવોના ? "

" એનાથી વધારે સારૂં બીજું શું હોય ? " મેં જવાબ આપ્યો; " એ બાબતમાં મને ફક્ત એકજ વાંધો છે. "

" વાંધો ! " એહમદ ઉશ્કેરાઇને બોલ્યો; " વળી વાંધો શેનો હોય ? "

" વખતે એમ બને કે તમે કોઇ હલકા કુળની કે અણગમતી કન્યા સાથે પરણો. એવું બને તો વાંધા જેવું ગણાય કે નહીં ? " મેં ખુલાસો કર્યો.

" નહીં, તેમ બનેજ નહીં. હું તો એક જુવાન કન્યાને પર ણનાર છું." તે ઉકમાઇથી બોલ્યો.

" ત્યારે તો વાંધો દુર થયો. હવે મારી તરફની મુબારકબાદી સ્વીકારશો ?" મેં કહ્યું.

" અરે પણ એમ ઉતાવળો કાં થા!" તે અજબ થઇ બોલ્યો " હજુ એ કન્યા કોણ છે તે જાણવા માગતો નથી ને મુબારકબાદી શાની આપે છે ?"

" જો ટાહલાં કરવાની મારી ઇચ્છા હોત તો હું તેમ કરત." મેં જવાબ આપ્યો, " પણ હું તે જાણું છું એટલે પુછવાની જરૂર શી ?"

" તું જાણે છે ?" તે અજાયબીથી બોલ્યો; " ત્યારે કહે જોઉં તેણી કોણ છે ?"

" કાઉન્ટેસ બી વેલેન્ટાઇન !" મેં ધીમેથી જવાબ આપ્યો. " જમતી વખતે મને વહેમ પડયો હતો, અને તે વહેમ તમારી વર્તણુંક પરથી ખરો પડેલો જણાયો. કેમ હું ખરૂં કહું છું કે નહીં ?"

" બીલકુલ ખરૂં. પણ હવે તું શું ધારે છે, હું ભાગ્યશાળી ખરો કે નહીં ? તેણી કેવી ખુબસુરત છે ?" તે બોલ્યો.

તેના પહેલા સવાલનો જવાબ તો હું પી ગયો, પણ બીજા સવાલ માટે કંઈ શક ન હતો. કાઉન્ટેસ ફાવે તે હોય, પણ એમાં તો લગાર પણ શંકા નહીં કે તેણી ખુબસુરત તો હતીજ.

" વારૂ લગન કયારે અને કયાં કરનાર છો?" મેં પુછયું.

" તે કંઇ હમણાં કહી શકાય નહિ." તે બોલ્યો, ' લગન પહેલાં એક અગત્યનું કામ કરવાનું છે, તે એજ કે તેણીને ઇસલામી કરવી જોઇએ. "

" એ તો હું જાણું છું કે તેણીની તેમ કરવાની મરજી છે. " મેં જણાવ્યું અને પુછ્યું. " પણ તેણીનો પીતા શું કહે છે ? "

" તે તો ઘણોજ ખુશી છે. " તેણે જવાબ આપ્યો.

" વારૂ, એ કાઉન્ટેસને તમે કેટલાક વખતથી ઓળખો છો ? " હવે મેં મુદ્દાનો સવાલ કર્યો.

" લાંબા વખતથી." તેણે બેદરકારીથી જવાબ આપ્યો. " કેરો, એલીઝીયરસ અને બીજી ઘણીક જગ્યાએ હું તેણીની સાથેજ ફર્યો હતો. પણ તું કોઇ સવાલ કરવામાં જબરો છે. શું તારી મતલબ—"

મેં જોયું કે હવે તે ખરેખરો ખીજવાયો હતો, ત્યારે જરા ઠંડો પાડવા સારૂ પટાવી લેતાં તરતજ અટકાવીને કહ્યું. " અરે યાર ! એવો ભળતો વિચાર શાનો કરે છે ? મારી મતલબ એટલીજ છે કે કાઉન્ટેસ ખરેખર એક દિલ નવાઝ અબળા હોવાથી તમે બેઉ સુખી જીંદગી ગુજારશો. મને ખાત્રી છે કે આવી આશા બાંધવામાં હું ભુલ કરતો નથી.'

તે વીચીત્ર નજરે મારા સામું જોઇ રહ્યો, અને પછી મારા ખભા પર હાથ મારીને બોલ્યો-" મને તો લાગે છે કે તારૂં મન પણ તેણી તરફ દોડતું હશે, કેમ ખરૂં કે ? "

"કદાચ હોય. બનવા જોગ છે!" મેં ઠંડાઇથી પતાવ્યું. "જ્યારથી હું તેણીનેં ઓળખવા લાગ્યો ત્યારથી મારૂં દીલ તેણી તરફ ખેંચાય છે, અને કાઉન્ટેસ જ્યારે તારી મહેરદાર થશે ત્યારે પણ તેવુંજ રહેશે. જો તને અદેખાઇ આવતી હોય તો તારા ઘરમાં મને આવવા ન દેતો."

એ સાંભળી તે હસી પડયો અને એ રીતે વાદળ વીખરાઇ ગયું. હવે તે ઉઠયો અને કહેવા લાગ્યો કે, તેને બપોરે 'ઉસમાનીયા' માં જવું છે.

"ફક્ત એકજ સવાલ." મેં કહ્યું. "કાઉન્ટેસનો પીત્રાઈ ફ્રાક્રેન તમારા આ સંબંધ માટે શું કહે છે ?"

"તે ફાવે તે કહે ? તેની મને પરવા નથી." તે ખીજવાટથી બોલ્યો, "ખરૂં કહું તો મને એ ફ્રાકરેન પર અજબ ધિક્કાર છુટે છે, એટલા માટે લગ્ન થવાની સાથેજ હું તેને મારા ઘરમાં આવતો અટકાવ્યા વિના રહીશ નહીં."

"તમારો વીચાર ડહાપણ ભર્યો છે." મેં કહ્યું.

આટલી વાતચીત પછી તે ગયો અને હું એ બાબત પર વિચાર કરતો બેઠો.

પ્રકરણ પંદરમું.

ઉસમાનીયામાં આપુંની મીજલસ.

એહમદ પાશા સાથેની વાતચીતથી હું બહુ દુખી થયો. એ તો ખુલ્લું હતું કે, તે એક મારો મીત્ર હોવાથી તેનાં ભલાંની કાળજી મારે રાખવી જોઇએ. તેની પરણેલી જીંદગી દુખી નીવડે તે મને ગમેજ નહીં. એટલું છતાં તેની પરણેલી જીંદગી દુખીજ નીવડશે તેમ કહેવાનું મને શું કારણ હતું ? પહેલું કારણ તો એ કે તેની ભવિષ્યની મહોરદાર વિશે તે પુરતો વાકેફગાર ન હતો, તેમ એહમદ પાશા પ્યારમાં લગભગ દીવાનો થઇ ગયેલો હોવાથી; તેણીની પાછલી કારકીરદી વીશે તપાસ કરવામાં આવી નહીં, એજ મને બળાપો હતો. જો મારો વિચાર કાઉન્ટેસ સાથે પરણવાનો હોત તો, જે બે ત્રણ બનાવો તેણીના સંબંધમાં બની ગયા તે વીશે વધુ માહીતી મેળવાની હું પ્રથમ તજવીજ કરત. બે ત્રણ બનાવો કયા તે અહીં ફરી રજુ કરૂં છું. મેદાનમાં ફરતાં ફરતાં એક ચીથડે હાલ જેવા પરદેશીને તેણીને ધમકી આપતાં મેં સાંભળ્યો હતો તે કોણ, અને તેણીની સાથે શો સંબંધ ધરાવતો હતો ? કોઇ રખડાઉ જેવો 'ઉસમાનીયા' માં ચોરી છુપીથી દાખલ થયો તેનો ખુલાશો શો ! વીગેરે.

ખાસ વિચારવા જેવું તો એ થઈ પડયું કે, એ બાબતમાં એહમદ પાશાને ચેતાવવાની મારી ફરજ હતી કે નહીં ? એહમદ પાશા

દરેક રીતે આબરૂદાર અને સ્વમાન જાળવનાર હતો. પણ તેનામાં કંઇ લાંબુ દૈવત હતું નહીં. તેની રીતભાત પરથી મને લાગતું હતું કે તેની માશુક માટે સહેજ પણ શંકા ઉપજાવનારૂં હું બોલું તો તે ગુસ્સે થઇ જાય. તે તેણી ઉપર કુરબાન હતો એ તો ખરૂંજ હતું. હું પણ તેને ખરા મીત્ર તરીકે ચાહતો હતો, તેથી શું એક પ્રમાણીક મીત્ર તરીકે મારી ફરજ ન હતી કે કંઇ પણ હરકત જેવું હોય તો તેથી તેને જાણીતો કરવો ? વખતે એમ પણ બને કે મારી સંભળાવટનો ઉલટો અર્થ લઈ તે ખીજવાય અને અમારી દોસ્તીમાં ખલલ પડે, છતાં તેની પણ પરવા કર્યા વીના તેને ચેતાવવાની મારી ફરજ ન હતી ?

આખો દિવસ મેં એજ વિચારમાં કાઢયો, પણ હું કોઈ પણ જાતના નિકાલ પર આવી શકયો નહીં, તે છતાં એક સાધારણ વિવેકને છાજતું કામ મેં બજાવ્યું. તે કામ કાઉન્ટેસ પર મુબારકબાદીની એક ચીઠ્ઠી લખવાનું હતું. જો કે મારૂં અંતઃકરણ તેમ કરવાને ના પાડતું હતું, તે છતાં લખ્યાથી મારા મનને જરા શાન્તિ મળી.

બીજે દિવસે સવારમાં કાઉન્ટેસે મારી મુબારકબાદીની ચીઠ્ઠીનો ઉપકાર માનનારો જવાબ મોકલ્યો. જો કે તેમાં તેણીએ મારો ઉપકાર માન્યો હતો ખરો, તે છતાં તે કાગળ મને પુરતો સંતોષકારક ન લાગ્યો. તેણી પોતે એહમદ પાશાના પ્યારમાં હતી એમ માનવું મને મુશકેલ થઇ પડયું. આ ખબર બહાર આવતાંજ લોકો તરેહવાર ચર્ચાને જનમ આપે એ તો ખુલ્લુંજ હતું. હવે ખબર બહાર

આવવાથી ફાયદો એ થયો કે, જે મંડળો અત્યાર સુધી કાઉન્ટેસથી અલગ રહ્યાં હતાં, તે હવે ઉમરાવ સાથના સંબંધથી તેણીને પોતાના મંડળમાં બોલાવવા લાગ્યાં અને એ રીતે મોટા ઘરનાં બારણાં તેણીને માટે ખુલ્લાં થયાં.

એહમદ પાશા તો પોતાને સાતમે આસમાન પહોંચી ગયેલો ધારી હરખમાં અર્ધ ઘેલા જેવો ફરતો, અને 'ઉસમાનીયા' માંજ પડયો પાથર્યો રહેવા લાગ્યો. તેણે પોતાનું મકાન નવીન ફરનીચરથી શણગાર્યું, અને સફરને માટે એક નવી યાટ બંધાવી. તે છુટે હાથે નાણું વેરવા લાગ્યો. હવે તે આ લગનથી સુખીજ થશે એમ ધારતો હોયતો પછી વચ્ચે પડવામાં મને કંઈ સાર લાગ્યો નહીં.

મારા ઉપલા વિચારથી વાંચનારને કદી એમ લાગશે કે, હું એહમદ પાશાના સુખથી અદેખો થયો હોઈશ, પણ નહીં. હું ભાર મુકીને કહું છું કે, એમ હતુંજ નહીં. જો કે હું કાઉન્ટેસનો વખાણનાર હતો અને એટલેથીજ બસ હતું.

મનની એવીજ હાલતમાં હું કાઉન્ટેસને ત્યાંના ખાણા પર ગયો. કાઉન્ટેસ એક આકાશી હુરીના જેવી ખુબસુરત લાગતી હતી. તેણીએ મને સારો આવકાર આપ્યો અને એહમદ પાશા મારી પહેલાંનો આવેલો હતો, છતાં તેણી બોલી કે " હું ખુશી છું કે, તમે બધાથી પહેલાં આવ્યા. હું તમારા મુબારકબાદીના કાગળ માટે ફરી ઉપકાર માનું છું. "

"ખરેખર તારૂં એ કામ બરાબર વખતસરેનુંજ હતું." મને જોઇ એહમદ પાશા બોલ્યો, "કામીલ પાશા, હું ખરૂં કહું છું કે, કયારે શું કરવું તે તું બરાબર જાણે છે, એવા કામમાં તું પક્કો છે."

તે વખતે મેં કાઉન્ટેસના ચહેરા તરફ જોયું અને તે પરથી વિચાર્યું કે, "આ સુંદરી એહમદ પાશાને ચાહતી હોય એમ દેખાતું નથી, અને જો એમજ હોય તો મારા ભોળા દોસ્તની મને દયા આવે છે."

થોડીવારમાં બીજા પરોણાઓ આવી લાગ્યા અને બધા હાજર થતાં ખાણાનું કામ શરૂ થયું. આજનું ખાણું આગલાં બધાં ખાણાંને વીસરાવે તેવું હતું. ઉંચામાં ઉંચી કીસમની મઘમઘતી વાણીઓનો સ્વાદ હજુ પણ મારી જીભમાંજ રહ્યો છે. એક વાતની મને અજાયબી લાગી કે, કોકરેન ત્યાં ગેરહાજર હતો. વખત મળતાંજ મેં એ બાબતમાં પુછી જોયું તો જવાબ મળ્યો કે, "તે કંઈ કામને માટે શેખ-ઉલ-ઇસ્લામ પાસે ગયો છે."

મને લાગ્યું કે તેણીનો આ જવાબ ઉડાવનારો હતો. મેં અત્યાર અગાઉ ખાત્રી કરી લીધી હતી કે, તે તેણીને એક ભાઇ કરતાં જુદાજ પ્યારથી જોતો હતો, તેથી તેની ગેરહાજરીનું કારણ 'અદેખાઇ' જેવું લાગ્યું. પણ અહીં વાત ફેરવાણી. ખાણું પુરૂં થયા પછી પરોણાઓ વિદાય થયા અને હું તથા એહમદ પાશા બેજ જણ બાકી રહ્યા. હવે કાઉન્ટેસને ગાયનની મજાહ ચખાડવા મેં અરજ કરી.

તેણીએ તરતજ કબુલ કર્યું. અને ખુલ્લા અવાજે એક દીલપઝીર ગાયન સંભળાવ્યું.

"કામીલ પાશા." કાઉન્ટેસ બોલી, "આજની ખાણાની ગોઠવણથી તમે ખુશી તો થયાજ હશો."

"ખચીત." મેં કહ્યું. "મને ફીકર થાય છે કે, મ્હારે ત્યાં વારો આવશે ત્યારે હું તમારા જેવી પરોણાગત કરવાને શક્તિવાન થઇશ નહીં."

"હું તો એમજ ધારતો હતો કે," એહમદ પાશા અહીં વચ્ચે બોલ્યો "પ્રધાન મંડળના એક હોદેદારને માટે અશક્તિ જેવું કંઈ હોયજ નહીં."

"ચાલો કાઉન્ટેસ હવે રજા આપશો!" મેં વાત બંધ કરતાં કહ્યું, "તમારી આજની પરોણાગતથી હું બહુજ ખુશ થયો છું અને એ માટે ફરી તમારો ઉપકાર માનું છું."

"પ્રધાન મંડળના સભાસદ તરફથી તારીફ થાય તે ખરીજ હોવી જોઇએ." તેણી બોલી.

એહમદ પાશા પણ મારી સાથેજ ઉઠયો અને બોલ્યો, "જો તારી મરજી હોયતો આપણે ચાલતા ઘેર જઇએ, મને ગાડીમાં ગમતું નથી. વળી ચાલતાં ચાલતાં જરી વાત પણ થશે."

પ્રકરણ સોળમું.

પ્રેમ પાસ કે પ્રપંચ જાળ ?

ઈચ્છા નહીં હોવા છતાં પણ મારે એહમદ પાશાની સાથે ચાલવું પડયું. બહાર નીકળતાંજ તેણે મારી બગલમાં હાથ ઘાલીને ખુશાલી ભર્યા ચહેરે કહ્યું, " કેમ દોસ્ત ! તું શું ધારે છે ? તેણી ખુબસુરત તો છે કે ? શું તું મને હવે આખી દુનીયામાં સર્વેથી સુખી નથી સમજતો ? "

" એક સાથે ત્રણ સવાલ ? " હું બોલ્યો, " ખરેખર તું નશીબદાર તો છે. તારાં સુખની અમે અદેખાઇ કરીએ તો કંઇ નવાઈ નહીં. " અહીં જરી ગંભીરાઇથી મેં ઉમેર્યું. " પણ તારી ખાત્રી છે કે, તારી મહોરદાર થવાને માટે ફક્ત એ એકજ અબળા લાયક છે? વળી તેણી પરદાની જીંદગી પસંદ કરશે ? "

" ખાત્રી ? " તે હસીને બોલ્યો, " અરે મને તો ખાત્રીજ છે દોસ્ત, કે આખી દુનીયાં શોધી વળું તો પણ એનાથી લાયક બીજી મહોરદાર હું મેળવી શકુંજ નહીં. તેણી હોશીયાર અને ચાલાક છે, વળી પરદાની બાબતનો તો સવાલજ કેવો ? તેણી તો હમણાંથી કબુલ કરે છે, પણ મેંજ શાદી સુધી તેના છુટાપણુંમાં દખલ ન કરવા જેટલી ઉદારતા બતાવી છે. "

" ત્યારે તેણી ચાલાક પણ છે ખરીકે ? " મેં કહ્યું.

" અરે સાથે સાવચેત પણ છે. " તે બોલ્યો " જ્યારે મારાં મકાનનો થોડો ભાગ પાડીને નવો કરાવાનો વિચાર મેં તેણીને જણાવ્યો, ત્યારે તેણીએ તેમ કરવા દેવાની સાફ ના પાડી અને કહ્યું કે, જરા ધીરજ રાખો. શાદી પછી થોડાં વરસ તેમાંજ ગુજાર્યા પછી ફેરફારનો વિચાર કરીશું. "

" ખરેખર, એ ડહાપણની વાત છે. " હું બોલ્યો, " હું ખુશી છું કે તેણી તને ખરચમાં ઉતારતી નથી. જો કે મને કંઈ સંબંધ તો નથી, તો પણ હું એમ પુછું છું કે પેલો હીરાનો હાર કંઇ નાની કીંમતનો નહીં હોય ! "

" ત્રીશહજાર પાઉંડનો. " એહમદ પાશા બોલ્યો, " ત્રીજી સાલ ઉપર એ મેં પેરીસના એક ઝવેરી પાસેથી એટલી કીંમતે લીધો હતો. પણ હું નથી ધારતો કે તેણીની ખુબસુરતી કરતાં એ હાર વધુ ચડીઆતો હોય. તેણીના ઘાટમદાર મીઠા ચ્હેરા પાસે એ બેમુલ દાગીનો કંઇ બીસાતમાં નથી. તેણીને હીરાનો બહુ શોક છે. હીરા સીવાય બીજાં ઝવાહીરો તેણી પસંદ કરતી નથી. "

કાઉન્ટેસે એક અજબ હાથ માર્યો હતો. આવો અમુલ્ય હાર લઇ તેણીએ એક તડાકે દોલતનો મોટો ગંજ મેળવી લીધો હતો. મને કબુલ કરવું પડયું કે તેમ કરવામાં તેણીએ ડહાપણ વાપર્યું હતું, પણ એહમદે એકજ તડાકે એટલી રકમ તેણી પરથી નીસાર કરી દીધી તે માટે હું દિલગીર હતો.

અહીં અમો મારા મકાન આગળ આવી પહોંચ્યા. મેં તેને ઘરમાં બોલાવ્યો, પણ તેણે આવવા ના પાડતાં કહ્યું, " મને બહુ ઉજાગરો માફક આવતો ન હોવાથી હવે હું ઘેરજ જઇશ. પણ આપણે છુટા પડીએ તે પહેલાં મારે તને એક જરૂરની વાત કહેવી છે. હું મારી થનાર મહોરદારના નામ ઉપર સારી જેવી રકમ જુદી કાઢવા ઇચ્છું છું. અને હું જાણવા માગું છું કે તેના એક ટ્રસ્ટી તરીકે રહેવા તું કબુલ થા તો હું તારો ઉપકારી થઇશ. ખુદા ન કરે ને તેવું કાંઇ થાય તો મને ખાત્રી છે કે, તેણીના હકો માટે તું પુરતી કાળજી રાખી શકે. "

આ વિચીત્ર માગણીનો શો જવાબ આપવો તે હું સમજી શક્યો નહીં. ઘણાં કારણોને લીધે મને આ વાત પસંદ ન હતી, પણ મારાથી ના કેમ કહેવાય ? હું તેનો મીત્ર હતો, અને કાન્સ્ટેન્સનો પણ હું મીત્ર છું એમ તે ધારતો હોવાથી કુદરતી રીતે એ કામ માટે તે મનેજ પસંદ કરે, અને તેવીજ રીતે તેની વાત કબુલ રાખવાની મારી ફરજ પણ હતી. આટલું છતાં મારૂં અંતઃકરણ મને તેમ કરવાની ના પાડતું હતું. મને આમ વિચાર કરતો જોઇ તે બોલ્યો, " તું મને એકદમ નીરાશ ન કરીશ. તું મારો દોસ્ત હો તો એટલું કબુલ કર. તારી કબુલાત ઉપર મારા મનની સમાધાની અને શાન્તીનો આધાર છે. "

" ઠીક છે, પણ કાલ સુધી મને એ બાબતપર વિચાર કરવા દે." મેં જવાબ આપ્યો, " તું જાણે છે કે કોઇપણ બાબતના નિર્ણય

ઉપર તરતજ આવી જવાની મારી આદત નથી. તારે ખાત્રી રાખવી કે, જો મને લાગશે કે તારી અરજ કબુલ રાખવાથી હું તમારા બેઉના લાભ જાળવી શકીશ તો પછી હું જરૂર કબુલ કરીશ. અને મને તેવું નહીં લાગે તો હું ખુલ્લાં મનથી જણાવીશ કે, એ કામ બીજાને સોંપવું. મને ભરોસો છે કે, હું ના પાડું તો તેમાં એક દોસ્ત તરીકે તારા લાભને ખાતરજ હું એમ કરૂં છું એમ તું માનશે."

" ઠીક ત્યારે કાલે જવાબ આપજે. " તે બોલ્યો, " ચાલો હવે સલામ-અલેક, પણ દોસ્ત તું માનતો હોતો માનજે કે મારી જીંદગીના તમામ દિવસો કરતાં આજનો દિવસ હું બહુજ સુખી સમજું છું. "

" હું એવી દુવા માગું છું કે આજનો દિવસ તમારાં સુખની શરૂઆતનો ગણાય. " હું બોલ્યો; " તને એવી મહોરદાર મળશે કે જેથી તું ખરેખર ભાગ્યશાળી ગણાશે. "

તે ચાલ્યો ગયો. મારા અંગ રક્ષક તરીકે આવેલા ડિટેક્ટીવને રજા આપી હું ઘરમાં ગયો. મને હજુ ઉંઘ આવતી ન હોવાથી ચડેલું કામ આટોપવા બેઠો પણ મારૂં ચીત્ત તેમાં ચોંટયું નહીં. મને કાઉન્ટેસ અને એહમદ પાશાને લગતાજ વિચારો આવ્યા કર્યાં. કાઉન્ટેસપરનાં તેનાં ધરાંપરાંથી મને બહુ નવાઇ લાગી. કલાકેક પછી હું બીછાને જવા ઉઠયો અને હજી કપડાં ઉતારૂં તેટલાં ચંગ વાગ્યો. થોડી મીનીટમાં મારો નોકર સલીમ અંદર આવ્યો અને એક ચીઠ્ઠી મારા

હાથમાં મુકી. તે ઉઘેડી જોતાં મારી અજાયબી વચ્ચે તે એહમદ પાશા તરફથી આવેલી હતી, તેમાં નીચે પ્રમાણે લખ્યું હતું:—

" બિરાદર કામીલ પાશા, કંઇ ભયંકર બનાવ બન્યો છે. આપણી દોસ્તીને ખાતર હું તને એકદમ મારી આગળ આવવાની અરજ કરૂં છું. ગાડી મોકલી છે. ખુદાને ખાતર એક પળ પણ થોભતો નહીં.

એહમદ પાશા. "

" એ શું બન્યું હશે ? " હું વિચારવા લાગ્યો. " શું કાઉન્ટેસે પોતાનો વિચાર ફેરવ્યો ? કે એહમદ પાશાને કંઇ અકસ્માત થયો?" પણ મારી કેવી રીતની મદદ જોઇતી હશે તેનો વિચાર આવવાથી હું કપડાં પહેરી નીચે ઉતર્યો. સલીમને એટલુંજ કહ્યું કે, હું એહમદ પાશાને ત્યાં જાઉં છું. બહાર નીકળતાંજ એહમદ પાશાની જાણીતી ગાડી ત્યાં ઉભી હતી હું તેમાં બેઠો, બારણું બંધ કરવામાં આવ્યું, અને ગાડી ચાલવા માંડી.

પ્રકરણ સત્તરમું.

કામીલ પાશાનું ગુમ થવું.

ગાડી ચાલુ થયા પછી મને શું કામ બોલાવવામાં આવ્યો હશે એ વીચારમાં હું પડયો. એહમદ પાશા ફક્ત એકજ કલાક પહેલાં મ્હારાથી છુટો પડયો હતો, છતાં આવો ઉતાવળો સંદેશો મોકલવાની તેને શું જરૂર પડી તેની મુને સમજ પડી નહીં. મને જે ધાસ્તી લાગી તે એ કે, વખતે કોકરેન પાછો ફર્યો હોય, અને એહમદ પાશા સાથે તેની મુલાકાત થતાં અદેખાઇને લીધે કંઇ ન ઇચ્છવા જોગ બનાવ બન્યો હોય.

પાંચેક મીનીટ ગાડી ચાલવા પછી એક અજબ જેવો બનાવ બન્યો. હું બારીમાંથી રસ્તા પરની કંઇ ચીજ જોવા જતો હતો, તેટલામાં સઘળે અંધારૂં થઇ ગયેલું મને લાગ્યું. જમણો હાથ લાંબો કરતાં મને માલુમ પડયું કે, બારીના કાચ અને મારી વચ્ચે લોખંડનો પરદો ફરી વળ્યો હતો. તપાસ કરતાં એવોજ પરદો ચારે બાજુએ માલુમ પડયો. જોકે એ કેવી રીતે બન્યું તે હું સમજી શકયો નહીં. તરતજ મેં ગાડીનાં બારણાં ઉઘાડવાની તજવીજ કરી, પણ ફોકટ. હાથા બીલકુલ ફર્યાજ નહીં. હવેજ મને જણાયું કે, હું તો છટકામાં સપડાયો હતો. અધુરામાં પુરૂં કંઇ એવી દુર્ગંધ વછુટવા લાગી કે મારો જીવ ગભરાવા લાગ્યો. મેં મદદને માટે બની શકે એટલી જોરથી બુમો પાડી, ગાડીની બાજુમાં લાત અને મુકીઓ મારી, પણ સઘળી મહેનત ફોકટમાં ગઇ. હવે મને વીચાર આવ્યો કે શું

આવીજ રીતે ફતહી બેક અને મુસ્તફા પાશાને દુર કરવામાં આવ્યા હતા? મને એમ પણ લાગ્યું કે હવે આવી બન્યું. જીવ પર આવેલો માણસ જે કરે તે બધું મેં કર્યું. બારણાંને આંચકા માર્યા, પણ એટલામાં હું પાછો બેઠક પર પડયો અને બેભાન થઇ ગયો.

એવી હાલતમાં હું કેટલો વખત પડી રહ્યો તેની મને ખબર નથી, પણ જ્યારે લગાર શુદ્ધી આવી ત્યારે મારૂં આખું શરીર દુખતું હોય તેવું મને લાગ્યું, અને આંખ ઉઘાડવી મુશ્કેલ થઇ પડી. ઘણીવારે જ્યારે આંખ ઉઘડી ત્યારે મેં જે જોયું તેનાથી હું અજબ થઇ ગયો. હું એક નાહના પણ સારી રીતે શણગારેલા સુવાના ઓરડામાં હતો. ઓરડામાં હાથ મોઢું ધોવાની સગવડતા હતી. એક પલંગ કે જેના પર હું સુતો હતો, તે ઉપરાંત એક ટેબલ અને બે ખુરશીઓ પણ હતી. અજબ જેવું એ હતું કે, એ ઓરડાને બારી જેવું કશું નહતું. હવાની આવજાવ માટે ઉપરના ભાગમાં નાહનું જાળીયું હતું. એટલું જોઇને મેં આંખો પાછી બંધ કરી જરા આરામ લેવાની કોશીશ કરી, પણ મારૂં મગજ ચકરાતું હતું. હું કોઈ પણ રીતે શાન્ત થઈ શકયો નહીં

જ્યારે હું પાછો જાગૃત થયો ત્યારે મારૂં શરીર દુખતું જરા નરમ પડયું હતું, અને પેટમાં ભુખથી ચીરો પડયો હતો. મને આમ કેદ પડેલો જોઈ હું મુંજાવા લાગ્યો, અને મનમાંજ મારી ગેરહાજરીથી કેટલો ગુંચવાડો થશે તે વિચારથી દિલગીર થયો. મને લાગ્યું કે રસ્તામાં છોકરાઓ બુમો પાડતા હતા—

પ્રધાન મંડળના બીજા હોદ્દેદારનું ગુમ થવું!
કામીલ પાશા ગુમ થયો!

મારાં પોતાનાં ઘરનાં માણુસોની મારી ગેરહાજરીથી ચીન્તા, અને એહમદ પાશાનો ગુસ્સો કેવાં થશે તે હું સહેલાઇથી સમજી શકતો હતો. મારી ખાત્રી હતી કે એહમદ પાશાને નામે મારી સાથે ઠગાઇ રમવામાં આવી હતી, તેથી તે મને શોધી કાઢ્યા વગર રહેશે નહીં. હવે હું ઉઠયો અને કઈ જગ્યા પર હતો તે જાણવાની તજવીજ કરી. ઉઠતાં ઉઠતાં મારા ખીસ્સામાંથી પૈસા અને ઘડીયાળ સરી પડયાં જે પરથી જણાયું કે, મને પકડીને પરહેજ કરવાની મતલબ લુંટવાની તો ન હતીજ.

ધ્રુજતે પગલે હું બારણાં આગળ ગયો, પણ વકી મુજબ તે બંધ માલુમ પડયું. ઉપરનાં જાળીયાં વાટે કંઇ જોવાનું મન થયું, પણ હમણાંની મારી સુસ્તીને લીધે તે ન બનવા જોગ હતું. હું લથડતો લથડતો પાછો બીછાના પર પડયો.

પડયો પડયો હું મારી હાલત પર વીચાર કરવા લાગ્યો. કરનલ ફતહી બેક, મુસ્તુફા પાશા અને હીઝ એકસીલેન્સી વુડસ પાશાના ગુમ થવાનો ભેદ હું શોધી શકીશ એ વિચારથી મને જરા રાહત મળી.

આ બધો વખત મારી ભુખ તો વધ્યેજ જતી હતી. કેદખાનું અને તેની સાથે ભુખમરો એ તે કેમ સહન થાય? અંતે ભુખ સહન ન થઇ શકવાથી હું ઉઠયો અને બારણાપર ધડધડાટ લાતો મારવા માંડી, પણ જવાબ કંઇ ન મળવાથી આખરે હું થાકીને પાછો બીછાણા પર આવી બેઠો. થોડીવાર પછી કોઇનાં પગલાં સંભળાયાં, તાળામાં કુંચીનો અવાજ આવ્યો અને બારણું ઉઘાડી એક માણસ અંદર દાખલ થયો.

તેને જોતાંજ મને જે અજાયબી લાગી તેનું વર્ણન હું કરી શકતોજ નથી. એ માણસ કોઇજ નહીં, પણ તે દહાડે મેદાનમાં કાઉન્ટેસ સાથે વાત કરતો પેલો ચીથડે હાલ ઇટાલીયન હતો, જેને મેં મદદ કરવાની માગણી કરતાં કાઉન્ટેસ ગભરાઇ હતી.

" સાહેબ," તે અંગ્રેજીમાં મને કહેવા લાગ્યો, " તમો સાહેબને શું જોઇએ છીએ તે ફરમાવશો ?"

તેની આવી વકી બહારની રીતભાતથી હું વધુ અજબ થયો. મેં તો તેના તરફથી ગાળ ગલોચ અને ધમકીની આશા રાખી હતી, તેના બદલે તે આમ નમનતાઈ અને વિવેકથી વાત કરવા લાગ્યો.

" એકદમ મને મારૂં છુટાપણું જોઇએ છીએ!" હું અક્કમપણે બોલ્યો, "જો આ કામમાં તારો હાથ હશે, તો હું તને જણાવું છું કે તને બહુ ભારે પડી જશે. મને જેટલો જલદીથી છુટો કરશે તેટલો તને થનારી સજામાં ફાયદો થશે."

" સાહેબ, હું આશા રાખું છું કે, તમારી ઉપર કંઈ જબરી ગુજારવામાં આવી નહીં હોય." તે બોલ્યો, " અમોને એવો હુકમ હતો કે, તમને જરાપણ અગવડ ન થાય તેમ અહીં લાવવા. તમારે ખાત્રી રાખવી કે એ હુકમ પ્રમાણે કામ નહીં કરવામાં આવ્યું હોય તો લાગતા વળગતાઓને સજા કરવામાં આવશે. હવે આપને મારી બીજી કંઈ જરૂર હોય તો ફરમાવો ?"

" મને ભુખ લાગી છે." હું ગુસ્સાથી બબડયો, " અને મારૂં ઘડીયાળ બંધ પડયું છે તેથી હમણાં કેટલા વાગ્યા છે તે કહો."

" મોટી ખુશીથી." તમારો દરેક હુકમ હું બજાવી જાણીશ."
એટલું બોલી તે નમીને ચાલ્યો ગયો.

દસેક મીનીટમાં પાછાં કોઈનાં પગલાં સંભળાયાં, તાળાંમાં કુંચીનો ખડખડાટ થયો, બારણું ઉઘડયું અને તેજ માણસ હાથમાં ગરમા ગરમ ખાણું લઇ હાજર થયો,

ખાણું ટેબલ પર પીરસતાં તે બોલ્યો, " સાહેબ, હું આશા રાખું છું કે, આ બધું તમોને પસંદ પડશે. એથી કંઇ વધારે જોઇએ તો આ ટેબલ પર પરનું બટન દાબશો એટલે તમારો હુકમ બજાવવામાં આવશે.

" પણ ભલા માણસ," હું બોલ્યો, " એ બધું તો ખરૂં પણ—"

" જો સાહેબ મારી સલાહ માને તો હું કહીશ કે ખાણું ઠંડું પડી જાય તે અગાઉ તેને ઇનસાફ આપશો." તે બોલ્યો.

વધુ તકરારમાં સાર ન જોવાથી હું મુંગો રહ્યો અને તે નમીને બારણું બંધ કરી ચાલ્યો ગયો. તરતજ હું ઉઠીને ટેબલ આગળ ગયો અને ખાણાંની સુંદર વાણીઓ જોઈ મનમાંજ બોલ્યો, " તેઓ મને ભુખે મારવા માગતા નથી એ તો દેખીતું છે. પણ હવે નકામી અટકળો બાંધવા કરતાં પહેલાં પેટ પુજા તો કરી લઉં." મેં ખાણાંને પુરતો ઇનસાફ આપ્યા પછી બટન દાબી સઘળાં વાસણો લઈ જવા ફરમાવ્યું. પેલોજ માણસ કે જે બારણાં આગળજ ઉભેલો હોવો જોઇએ તે આવ્યો અને બોલ્યો, " હું આશા રાખું છું કે સાહેબને ખાણું પસંદ પડયું હશે."

" તેને માટે મારે કંઇ કહેવાનું નથી." હું બોલ્યો, "હવે હું બીજી વાત કરવા માગું છું."

" સાહેબ સાથે વાત કરવાને મને ખુશી ઉપજશે." તે બોલ્યો, " પણ જે બાબત પર વાત કરવાની મને મના છે તે બાબત પુછશો તો હું તદન ચુપજ રહીશ."

" પણ એવી વાત કઇ તેની મને ક્યાં ખબર છે ? " મેં ઠંડાઇથી કહ્યું " વખતે એ વાતને મારા અહીં કેદ પડવા સાથે સંબંધ હશે?"

" હા સાહેબ. " તે બોલ્યો.

" હું અહીં કેમ આવવા પામ્યો તે તો હું જાણું છું, પણ અહીં કોણ લાવ્યું અને હવે શું કરવા માગે છે તે જાણવાની મને જરૂર છે. " મેં કહ્યું.

" તે બાબતમાં મારૂં મોઢું બંધ છે. " તે બોલ્યો.

મેં જોયું કે મારૂં કંઇ વળશે નહીં, ત્યારે મેં તેને કહ્યું કે એક બત્તી અને કંઇ વાંચવાની ચોપડી લાવવી. તેણે તે તરતજ કબુલ કર્યું. અને થોડી વારમાં એક બત્તી અને પાંચ સાત ચોપડીઓ તે લઈ આવ્યો, અને બોલ્યો " એથી વધુ જોઇએ તો બટન દાબજો તમારી દરેક સગવડ સાચવવાનો અમોને હુકમ થયેલો છે."

" પણ મારૂં સુખ અને છુટાપણું તો નહીંજ ના! " હું બોલ્યો.

" હું ફરીથી સાહેબને જણાવું છું કે એ બાબતમાં મારૂં મોઢું બંધ છે. " એટલું કહી તે નમીને ચાલ્યો ગયો.

મેં ચોપડી વાંચવા માંડી પણ મારૂં ચીત તેમાં લાગ્યું નહીં. બારણું બંધ છે કે કેમ તે તપાસ્યું તો મજબુત બંધ કરેલું હતું. કુબાટ પર ચઢી જોતાં જાળીયું પણ મજબુત સરીયાથી જડી લીધેલું હતું. એ રસ્તો પણ મારા છુટકારા માટે બંધ જોઇ નિરાશ થઇ હું પાછો ઉતર્યો. હવે કંઇ ઇલાજ ન હોવાથી હું બીછાનામાં પડ્યો અને થોડી વારમાં ઉંઘી ગયો.

પ્રકરણ અઢારમું.

મહેનત બરબાદ.

કબુલાત મુજબ સવારે આઠ વાગતાના સુમારે એજ માણસ પાછો મારા ઓરડામાં આવ્યો. તે હાથ મોઢું ધોવાની દરેક સામગ્રી સાથે લેતો આવ્યો હતો.

" તમો સાહેબના ગુમ થવા માટે જાહેરમાં શું ચરચા થાય છે તે જાણવાની કદી તમારી મરજી હોય, તો હું સાંજનાં કેટલાક પેપરો લઇ આવ્યો છું. " તે નમનતાઇની બોલ્યો, " આપ જોશો કે કોન્સ્ટાન્ટીનોપલમાં તો બહુ ચરચા થઈ રહી છે. "

ખરેખર મારી હાલત બહુ નવાઇ જેવી હતી. વર્તમાન પત્રો વાંચતાં જે હેવાલ છપાયો હતો, તે લગભગ ખરોજ હતો. એકમાં એમ હતું કે, આગલી રાત્રે હું 'ઉસમાનીયા' માં ખાણાના મેળાવડા પર ગયો હતો. મારા નોકર સલીમે જુબાની આપી હતી કે, મકાને

આવ્યા પછી થોડી વારે એહમદ પાશા તરફની એક ચીઠ્ઠી આવી હતી, જેમાં મને તરતજ બોલાવામાં આવ્યો હતો. એહમદ પાશા તરફથી મને લેવા આવેલી ગાડીમાં બેઠા પછી હું જાણે જમીનની સપાટી પરથી ગુમ થઇ ગયો હતો એમ મારા નોકરે છેવટમાં લખાવ્યું હતું. વળી એ પત્રમાં એહમદ પાશા તરફનો ખુલાસો હતો કે તેણે એવી કોઇ ચીઠ્ઠી મોકલી નથી. અને તેની એકપણ ગાડી કે ઘોડો રાત્રે બહાર ગયોજ ન હતો. આ બધા ઉપરથી એ પત્રે છેલ્લી ટીકા કરી હતી કે, " આ પરથી સ્પષ્ટ સમજાય છે કે કામીલ પાશાનું ગુમ થવું, આગળ એવીજ રીતે ગુમ થયેલા મહાન આસામીઓના જેવુંજ હતું." બીજા બધાં પેપરોમાં પણ આવોજ હેવાલ છપાયો હતો.

હવે મેં હાથ મોઢું ધોઇ કપડાં પહેર્યાં, અને તરતજ મારે માટેનો નાસ્તો આવ્યો. જો કે નાસ્તાની ચીજો સારી હતી પણ મને તે ગમ્યો નહીં. હું તો બધો વખત નાશી જવાની યોજના મનમાં ઘડતો હતો. મને એવો વિચાર આવ્યો કે, જ્યારે પેલો માણસ અંદર આવે, ત્યારે તેના પર એકાએક તુટી પડીને તેને બાંધીને નાસી જવામાં હરકત શું હતી? જો કે તે મજબુત બાંધાનો હતો, તે છતાં ઓચીન્તા હુમલાથી તેના ઉપર ફાવી જવાની મને આશા હતી. ફાવે તે થાય પણ મેં તે અજમાવી જોવાનો વિચાર કર્યો. હવે તેને માટે કયો વખત અનુકુળ થઇ પડશે તેનો વિચાર કરવાનો રહ્યો. તે નાસ્તાનાં વાસણ પાછાં લેવા આવે ત્યારે કે બપોર યા સાંજ સુધી થોભી જવું? પણ છેવટે તરતો તરતજ ઉપાય અજમાવવાનું નક્કી કર્યું.

મેં એવો વિચાર કર્યો કે, જ્યારે તે વાસણો એકઠાં કરવામાં રોકાણો હોય, ત્યારે એકાએક પછવાડેથી ઓચીન્તો હુમલો કરવો, અને તેને ના ઇલાજ કરી બારણાંની ચાવી કાઢી લેવી. હવે એ વખત નજીક આવ્યો અને હું તૈયાર થયો.

થોડીવારે તે ત્યાં આવ્યો અને સંભાળથી બારણું બંધ કરી વાસણ લેવા વાંકો વળ્યો. હું તરતજ ઉઠયો પણ કર્મ સંજોગે તે મારી મતલબ પામી ગયો. હવે વિચાર માંડી વાળવામાં પણ જોખમ જોઈ હું તુરત કુદયો અને તેની ચોચી પકડી. અમે બેઉ જણ હવે ખેંચ તાણમાં પડયા. બચપણમાં મેં મારા શરીરને સારી રીતે કસેલું હોવાથી મારો હરીફ મજબુત બાંધાનો હોવા છતાં પણ હું તેને પુરો પડી શકયો. તેણે બુમ પાડવાની કોશીશ કરી; પણ મેં તેનું ગળું એવું મજબુત પકડયું હતું કે તેનું કંઈ વળ્યું નહીં. મેં તેને ભોંયપર પટકયો; જ્યાં તેનું માથું ભોંયપર અથડાતાં વાર તે બેભાન થઇ ગયો. આ ફતેહ મારે માટે કંઇ જેવી તેવી ન હતી.

વખત ખોયા વગર મેં તેના ખીસ્સામાંથી ચાવી કાઢીને બારણું ઉઘાડયું. બહારની ચાલમાં કોઈ હતુંજ નહીં. તપાસ કરતાં મારો ઓરડો મકાનના છેક ઉપરના ભાગમાં આવેલો માલુમ પડયો.

મને નાહસવાને વધુ વખત મળે એટલા માટે બહાર નીકળીને બારણું પાછું બંધ કર્યું. બીજે છેડે એક ઓરડો જણાયો, પણ તેમાં જોતાં ત્યાંથી ન્હાસવાનું અશકય હતું. હવે દાદર ઉતરવા સીવાય બીજો ઉપાય ન હોવાથી, હું એક દાદર ઉતરી બીજો ઉતરવાની તજવીજ

કરતો હતો તેવામાં નીચેથી કોઇનાં ઉપર આવવાનાં પગલાંનો અવાજ આવ્યો. હવે પકડાઈ જવાની ધાસ્તીથી જે એક બારણું નજીક હતું તે ઉઘાડી તેમાં છુપાવાનો ઠરાવ કર્યો, પણ તે બારણું ઉઘાડતાંની સાથેજ જે દેખાવ મારી નજરે પડયો તે મને અજાયબીમાં નાખવાને પુરતો હતો. તે ઓરડામાં એક બાજુએ કાઉન્ટેસનો પીત્રાઈ કોકરેન ઉભેલો હતો, જ્યારે કાઉન્ટેસ પોતે એક મખમલી ખુરશી પર બેઠેલી હતી.

ત્યારે તું તારા ઓરડામાંથી નાસી આવવા પામ્યો ખરો ? " કોકરેન ઘણીજ બેદરકારીથી બોલ્યો, " મને અજાયબી લાગે છે કે તું એમ ઠરીજ કેમ શકયો ? "

પણ તેને જરા પણ મચક આપ્યા વગર હું કાઉન્ટેસ તરફ ફરીને બોલ્યો " તમે અહીં ! કાઉન્ટેસ, આ બધાંની મતલબ શું ? હું કંઈ દિવાનો તો નથી થયો ? "

પણ કાઉન્ટેસ તો બત્રીશે લક્ષણે પુરી હતી, તેથી નરમાશથી બોલી, " મ્હારા વહાલા કામીલ પાશા, તમે દિવાના નથી થયા. આનો ખુલાસો એમ છે કે, એક કમકમાટ ભર્યા મોતમાંથી મેં તમોને બચાવ્યા છે. અને એ માટે તમારે મારો ઉપકાર માનવો જોઇએ. મને અકસ્માતીક એવી ખબર મળી કે, મારા કેટલાક બેવકુફ જાત ભાઇઓએ તમારો અને તમારી સરકારના બીજા કેટલાક માનવંત હોદેદારોનો ઘાણ કાઢવાની યોજના રચી હતી. જો તે યોજના હું સત્તાવાળાઓ આગળ રજુ કરૂં તો મારા એ નાદાન ભાઇઓ સપડાઈ જાય. વળી તેઓને એ કામ પરથી હાથ ઉઠાવવાનું કહું

તો તેમ પણ બની શકે તેવું ન હતું, તેથી મને જે વાજબી લાગ્યું તે મેં કર્યું, અને તમોને તે ભયમાંથી મુક્ત કર્યા."

"શું તમારૂં આ કહેવું ખરૂંજ છે ?" મેં શક બતાવ્યો.

"તમોને કાઉન્ટેસ ઉપર અવિશ્વાસ લાવવાનું કંઇ કારણ નથી." ડોકરેન વચ્ચે પુરાયો.

તેની પરવા કર્યા વગર હું બોલ્યો, "પણ જ્યારે મારી સામે કાવતરૂં રચવામાં આવ્યું ત્યારેજ તમોએ મને કાં ન ચેતાવ્યો ? હું મારી પોતાની સલામતીના ઉપાય લઈ રાખત."

"બીલકુલ અશકય." કાઉન્ટેસ બોલી, "તમે પોલીસને ચેતાવતે, પણ કામીલ પાશા, તે બનવા જોગ ન હતું. જે કરવા જેવું હતું તે હું કરી ચુકી છું, અને તમોને બચાવ્યા તે બાબે તમે તો મારો આભારજ માનશો."

બંધ ગાડીમાં મને ગુંગળાવી નાખવાના તથા હું નાશી ન જાઉં માટે જે સાવચેતીના ઉપાયો લઈ રાખવામાં આવ્યા હતા, તે પરથી મને અત્યંત વહેમ ગયો કે કાઉન્ટેસ આ સઘળું હડહડતું જુઠું બોલતી હતી. પણ હમણાં સમય વરની મેં તેણીની વાત ખરી માની હોય તેવો દેખાવ ધારણ કર્યો.

"હવે જ્યારે બ્હીક દુર થઇ, ત્યારે મને કયારે છુટો કરવામાં આવશે ?" મેં પુછ્યું.

"આજે રાત્રે તમે છુટા થશો;" કાઉન્ટેસ બોલી, "મને ખાત્રી છે કે હવે તમારી પરનું ભયનું વાદળ વીખરાઇ ગયું છે."

તેણીનું કહેવું ખરૂં હોય કે ખોટું, પણ હમણાં તો તેણીના બોલ પર વિશ્વાસ રાખવા વગર છુટકો ન હતો. હું વિચાર કરૂં છું એટલામાં દાદર પરથી કોઇ ઝડપથી ઉતરી આવતું સંભળાયું, અને થોડીવારમાં મેં પછાડેલો માણસ ઓરડામાં દોડી આવ્યો મને ત્યાં જોઇ તેને જરા ધીરજ આવી, પણ અમને આમ શાન્ત પણે વાત કરતાં જોઇ તે અજાયબીથી એક બીજાનું મોઢું ટીકવા લાગ્યો. તે ઉપરથી કાઉન્ટેસ બોલી, " કામીલ પાશાને મેં બધી હકીકત કહી છે, હવે ભય દુર થયેલો હોવાથી આજે રાત્રે તેને છુટા કરવામાં આવશે. "

તે માણસ કંઇ પણ જવાબ આપે તે અગાઉ હું બોલી ઉઠયો; " ત્યારે તેટલો વખત અહીં તમે મારૂં શું કરવા ઇચ્છો છો ? "

" જો તમે અહીંજ અમારી પાસે રહેશો તો અમે બહુજ ખુશી થઇશું. " કાઉન્ટેસ બોલી, " પણ મને માફ કરો મેં તમોને હજુ સુધી ખુરશી આપી નહીં."

મેં તો ઠરાવજ કર્યો હતો કે, હવે તો જાણે બિલકુલ વહેમજ ન હોય તેમ વર્તવું. મેં બેઠક લીધી અને ભળતીજ વાતો કરવા લાગ્યાં. એક વાગતાં ખાણું પીરસવામાં આવ્યું અને અમે ત્રણે જણે મજાહથી ખાધું.

મેં મનમાં ઠરાવ કરી રાખ્યો કે, આમાંથી છુટકો થતાંની સાથેજ પહેલું કામ એહમદ પાશાને ચેતાવવાનું કરવું, પણ મને એક વાતની સમજ ન પડી કે, મને કેદ કરવા માટે આટલી બધી મહેનત લીધા પછી, તેઓ આટલો જલદીથી છુટો કરવા કબુલ કેમ થયા ? પણ એનો ખુલાસો મને થોડીજ વારમાં મળ્યો.

જમતાં જમતાં ઘણી વાતો નીકળી. પણ મેં ખાસ ધ્યાનથી જોયું કે તેમાં ક્યાંઇ એહમદ પાશાનું નામ આવ્યું નહિ. જમી રહ્યા પછી કાફી આવી અને કોકરેને મને એક સીગારેટ પીવાને માટે આપી. મને શું ખબર કે કાફીમાં કંઈ કારસ્તાન હશે; તે પીધા પછી દસેક મીનીટમાં હું બેભાન થઇ ગયો. કઇ કોફી વસ્તુના જોરે હું ખુશાલ ઉંઘમાં પડયો, અને એ રીતે કાઉન્ટેસે મને ઠગ્યો.

પ્રકરણ ઓગણીશમું.

ભર દરીયે દોસ્તોનો મેળાપ.

બેભાન થયા પછી શું બન્યું તેની મને ખબર નથી, પણ સવારે હું હોશમાં આવ્યો, ત્યારે આમથી તેમ ડોલાં ખાતો હોઉં તેવો આંચકો મને લાગ્યો. પહેલાં તો સમજ ન પડી, પણ જ્યારે બરાબર જોયું ત્યારે મારી અજાયબી વચ્ચે માલુમ પડયું કે, હું એક આગબોટની કેબીનમાં હતો. અહીં હું કેમ આવવા પામ્યો અને સ્ટીમર ક્યાં જતી હતી, તેની મને બિલકુલ ખબર પડી નહીં. વળી તે બહુજ ડોલાં ખાતી હોવાથી કંઈ મોટી હોવી ન જોઇએ. કેબીનની નાની કાચની બારીમાંથી જોતાં સઘળે પાણીજ પાણી દેખાયું, તે પરથી મને લાગ્યું કે કીનારો અમારાથી બહુજ દુર હોવો જોઇએ.

બારણું તપાસી જોતાં તે બંધ કરેલું હતું, તે પરથી મને લાગ્યું કે હજી હું કેદીજ હતો. જો કે આ સ્થિતિ કંઇ ધીરજ રાખવા

જેવી ન હતી, તો પણ મારૂં માથું સખ્ત દુખતું હોવાથી મને સુઈ જવાની ફરજ પડી. થોડીજ વારમાં હું ઉંઘમાં પડયો, અને જ્યારે જાગૃત થયો ત્યારે મને લાગ્યું કે હું બહુ વાર ઉંઘી રહ્યો હઈશ. આ વખતે આગબોટ તદન શાન્ત હતી. બારીમાંથી થોડો સુરજનો તાપ દેખાયો. હું ઉઠયો અને એક નાહની ખુરશી પર બેઠો.

થોડીવાર પછી કોઇ વાતો કરતું હોય એવો અવાજ મ્હારે કાને આવ્યો. તે અવાજ પેલા કાઉન્ટેસના કહેવાતા બાપના સાદ તરીકે તરતજ મેં પીછાણ્યો. "ત્યારે હજુ હું એજ ટોળીના કબજામાં છઉં." મેં વિચાર્યું.

થોડીજ પળમાં મારી કેબીન તરફ કોઇ આવતું હોય તેવાં પગલાં સંભળાયાં અને બારણું ઉઘાડી તેજ કાઉન્ટેસનો કહેવાતો બાપ બારણું ઉઘાડી અંદર આવ્યો. તેની પાછળ પેલો પીત્રાઇ કોકરેન પણ હસ્તે ચહેરે દાખલ થયો.

"નામદાર કામીલ પાશા," તે બુઢો બોલ્યો, "ગઇ રાતના અકસ્માતથી તમને કંઇ ઇજા નથી થઇ એમ જાણી હું ખુશી છું. તમે જાણો છો કે આર્કીપેલેગો કંઈ શાન્ત દરીયો નથી, અને તેમાં પણ આ બારકસ નાહનું હોવાથી તમોનેં જરા અગવડ તો થઇ હશે."

"ત્યારે હું આર્કીપેલેગોમાં છું." મેં વિચાર્યું અને પછી બોલ્યો, "તમો બન્નેએ મળીને મને જે યુક્તિથી હજુ સુધી કબજે રાખ્યો છે, તે ચુકવી હું છુટો થયો તો યાદ રાખજો કે તમોને બહુ જ ભારે પડી જશે."

મારા છુટા થવાની વાત સાંભળી કાકરેન હસી પડયો. દેખીતું હતું કે મારા છુટા થવાની વાત તેના મનથી બીલકુલ અસંભવીત હતી.

"તમોને જે તકલીફ થઈ છે તેને માટે દિલગીર છું, પણ એમાં અમારો કંઈ ઉપાય નથી." બુઢો ચાપલુસી કરવા લાગ્યો, "અમે તો તમોને બનતી સગવડ કરી આપીએ છીએ. તમોને ભુખ લાગી હશે માટે સલુનમાં આવી મારી સાથે જમવા બીરાજશો. ત્યાં તમારે માટે ખાણું તૈયાર છે."

"ત્યારે આગબોટ પર તો તમે મને છુટાપણું આપો છો." મેં કંઈક અજાયબીથી પુછ્યું.

"કીનારો બહુ દુર છે, એટલે તમે અમારી મહેરબાનીનો ગેર લાભ નહીં લો તો તમને કેટલીક છુટ આપવામાં આવશે." બુઢો બોલ્યો, "પણ જો તમે જરાપણ઼ ઉલટી રીત અખત્યાર કરશો તો આજ કેબીનમાં બંધ રાખવા પડશે. હવે ચાલશો ?"

હું તરતજ તેઓની સાથે સલુનમાં ગયો. મને ભુખ કકડીને લાગેલી હોવાથી, જાણે તેઓની જરાપણ દરકાર ન હોય તેમ દેખાડવા મેં ખાણાં પર ખુબ હાથ માર્યો. ખાતી વખતે બુઢો મારી સામેજ બેઠો હતો. જમી રહ્યા પછી તેણે કહ્યું, "તમોને તુટક પરની ખુલ્લી હવા પસંદ હોયતો ચાલો." એમ બોલી તે મને ઉપર લઇ ગયો. જો કે દરીયો શાન્ત હતો તે છતાં આગબોટ જરા ડોલાં લેતી હતી.

હું કઠેડો પકડી ધીમેધીમે ચાલવા લાગ્યો. બુઢાના કહેવાથી હું બીજે છેડે ગયો, અને ત્યાં એક એવો દેખાવ મારી નજરે પડયો કે,

હું ડોળા ફાડી ડાચું વકાસી ઉભોજ રહ્યો. મેં જે જોયું તેની વાંચનાર તો અટકળ પણ કરી શકશે નહીં. તેથી ટળવળાવ્યા વગર કહી દઉં છું કે, ત્યાં ત્રણ માણસો ફરાગતથી બેઠેલા નજરે પડયા. તેઓએ મને જોઇને અજાયબીની બુમ પાડી. મારી તદન નજીકનો માણસ તે કમાન્ડર-ઇન-ચીફ વુડસ પાશા હતો, જે સ્કુતારીમાં લશ્કરી તપાસ માટે જતાં શવકત પાશાના મકાનમાંથી અજબ રીતે ગુમ થઇ ગયો હતો. તેની પાસે સંસ્થાન ખાતાંનો પ્રધાન કરનલ મુસ્તફા પાશા બેઠો હતો, જે પણ મારાથી છુટો પડયા પછી એકાએક ગુમ થઈ ગયો હતો. તેની પાસે મારો જુનો દોસ્ત લેફ્ટેનન્ટ કરનલ ફતહી બેક બેઠો હતો, જે મલદીઝમાંથી પાછો ફરતાંજ ગુમ થઇ ગયો હતો.

" યા પરવર દેગાર ! આ શું કામીલ પાશા કે કામીલ પાશાનો ભુત ! " મને જોતાંજ મુસ્તફા પાશા બોલી ઉઠયો.

" ભુત બુત નહી પણ હું ખુદ કામીલ પાશા પોતે છું. " મેં જવાબ આપ્યો, " પણ તમે ? અમે તો બધા તમોને મરણ પામેલાજ ધારતા હતા ! તમે અહીં શી રીતે આવ્યા ? "

હવે ત્રણે જણા કંકેરો પકડીને મારી પાસે આવ્યા અને કમાન્ડર ઇન-ચીફ વુડસ પાશાએ કહ્યું, " એ હકીકત બહુ લાંબી છે, તેથી હમણાં કહેવાનો વખત નથી, પણ તમે શી રીતે આવ્યા ? "

" તે વિષે મારાં કરતાં મારા ચોકીઆતો વધુ જાણતા હશે. " મેં કહ્યું, આ વખતે પેલો બુઢો અમારી ઉપર બારીક નજર રાખતો

હતો. મને જે અજાયબી લાગી તે એજ કે અમે ચારે જણાઆવાં એકજ બારકસ ઉપર ભર દરીયે શી રીતે આવવા પામ્યા ?

" મને સ્વપ્ને પણ આશા ન હતી કે હું તમોને અહીં જોઇશ." હું બોલ્યો, " આખા ઈસ્તંબુલમાં એવીજ વાત ઉડી રહી છે અને એમજ માનવામાં આવે છે કે તમોને કોઇ છુપા શત્રુઓએ પાર કરી નાખ્યા છે. "

" લગભગ તેવુંજ છે." ફતહી બેક દિલગીર થઇ બોલ્યો, " મુસ્તફા પાશા અહીં મારી સાથે જોડાયો ત્યાં સુધી હું એકલોજ હતો, અને તે વખતે મારી સ્થિતી કેવી હશે તે તમેજ વીચારી લ્યો. "

" શું વીચારૂં ? " હું બોલ્યો. " તમારા ગુમ થવાની વાતે જે અજાયબી ફેલાવી તે તો તમે જાણ્યું હશે, પણ મને તમારી પોતાની હકીકત જાણવાની બહુ ઉત્કંઠા છે."

" ઠીક ત્યારે સાંભળો." ફતહી બેક બોલ્યો, " યલદીઝ છોડયા પછી મારે મારા એક મીત્રની વિધવા માને મળવા જવાનું હતું. તેનો દિકરો લડાઇમાં ગયેલો હોવાથી હું ઉપડી જાઉં તે પહેલાં તેણીએ મને મળવાની ઇચ્છા જણાવી. તેણી માંદગીની પથારીએ પડેલી હોવાથી તેણીની એ ઇચ્છા રદ કરવાનું મારૂં મન થયું નહીં. હું પગે ચાલીનેજ તેણીના મકાન પર ગયો, જ્યાં એક ચાકરડીએ મને ઓરડામાં બેસારી તે પેલી બુઢીને બોલવા ગઈ; અને તરતજ બે જણ ભરેલી પીસ્તોલ સાથે મારી સામે ધસી આવ્યા. એ બેમાંનો એક તો કાકરેનજ હતો. તેઓની મતલબ શું હતી, એમ સવાલ કરતાં

કોકરેને મને જણાવ્યું કે હું તેના કબજામાં સપડાયેલો છું. મારી ઉપર લખેલો કાગળ બનાવટી હતો. પેલી વિધવા ત્યાં રહેતીજ ન હતી. બચાવનો કંઇ રસ્તો ન હોવાથી હું ચુપજ રહયો. તેજ રાત્રે મને કાંઇ કેફી પીણું પીવાડવામાં આવ્યું અને સહવારે જ્યારે હું જાગૃત થયો ત્યારે આ બોટ ઉપર હતો. મારી હકીકત આટલી છે."

હવે મુસ્તફા પાશાનો વારો આવ્યો. તે બોલ્યો, " તમને યાદ હશે કે જે રાત્રે હું ગુમ થયો તે રાત્રે સેંટ સોફીયાની મસજીદ સુધી તો આપણે સાથેજ હતા. પછી હું છુટો પડયો. તમોને યાદ છે કે તે વખતે એક બુઢી ઓરત ત્યાંથી ચાલી ગઇ હતી. " મેં હા પાડતાં તેણે આગળ ચલાવ્યું, " હું તમારાથી છુટો પડી વીશ કદમ દુર ન ગયો ત્યાં તે બુઢી ઓરત મારી સામે આવી અને કાલાવાલા કરી થોડા પૈસા માગવા લાગી. મને દયા આવવાથી હું તેને કંઈ આપવા જતો હતો; એટલામાં પછવાડેથી મારા માથાપર કપડું નાખવામાં આવ્યું અને મારૂં ગળું બાંધી લીધું. મને લાગ્યું કે હું બુમ પાડી ન શકું એવી ધારણાથી તે કપડું બાંધવામાં આવ્યું હતું. કંઈ એવું યાદ છે કે મને તરતજ ઉંચકીને એક નજીકના ઘરમાં લઈ જવામાં આવ્યો; જ્યાં હું બેભાન થયો હોઇશ, કારણ કે જ્યારે હું હોશીયાર થયો ત્યારે આ આગબોટ ઉપર હતો. ફતહી બેકને અહીં જોઇ હું અજબ થયો. એક રાત્રે આગબોટ અમને કીનારે લંગર નાખેલી માલુમ પડી. કીનારો કયાં હતો તે અમે જાણવા પામ્યા નહિ. અને બીજી સવારે કમાન્ડર-ઇન-ચીફ ત્રુડશા પાશા અમોને આવી મળ્યો. બસ મારો હેવાલ એટલોજ છે.

હવે હું વુડસ પાશાને પુછવા જતો હતો, પણ એટલામાં પેલો ઇટાલીયન બોલ્યો કે, કેબીનમાં જવાનો વખત થઇ ગયો છે. મારા સોબતીઓ તરતજ ઉઠયા તે જોઇ હું અજબ થયો, પણ તરતજ એક છેડે ઉભેલા હથીયારબંધ પહેરેગીરને જોતાંજ મને બધી સમજ પડી. અમે ઉઠીને સલુનમાં ગયા, ત્યાંથી દરેકને પોત પોતાની કેબીનમાં મોકલી બારણાં બંધ કરવામાં આવ્યાં. મેં જોઈ લીધું કે સલુનની બંને બાજુએ બબે કેબીનો હતી, અને તેનાં બારણાં બહારથી મજબુત બંધ કરવામાં આવતાં હતાં.

પ્રકરણ વીશમું.

વુડસ પાશાની કહાણી.

કેબીનમાં ગયા પછી હું આ નવાઇ જેવી હાલત ઉપર વીચાર કરવા બેઠો, પણ હું નક્કી ન કરી શકયો કે આમ ભર દરીયે લઇ જઇને તેઓ અમારૂં શું કરવાના હતા? આમ દરીયામાંજ હોમાવી દેશે કે, કોઇ ખડક ઉપર ઉતારી મેલશે, તેવા વિચારમાં હું હતો. કોઈ પણ રીતે અમારી આ હાલત વીશે લાગતા વળગતાઓને ચેતાવી શકાય તો, જે સેતાનજાદી કાઉન્ટેસ આ કાવતરાં રચતી હતી તેણીને સપડાવે. મારા પોતાના જીવના જોખમે પણ એમ બની શકે તો કરવાને હું તૈયાર હતો. જ્યારે સઘળી બાબત ઉપર વિચાર કરતો ત્યારે મને અજબ ગુસ્સો ઉપજતો કે, એ ખુબસુરત બલાની જાળમાં હું કેવી સહેલાઇથી સપડાયો હતો.

હવે રાત પડી અને થોડી વારે એક માણસ ખાણું તૈયાર હોવાના ખબર આપવા આવ્યો. હું તેની સાથે સલુનમાં ગયો, જ્યાં વુડસ પાશા અને કોકરેન બેઠેલા હતા. મને પેલા બુઢા ઇટાલીયનની જોડે સામી બાજુએ બેસાડવામાં આવ્યો. ફતહી બેક અને મુસ્તફા પાશાને ત્યાં નહીં જોઇ મેં વિચાર્યું કે, ચારે જણને એકઠા મળવા દેવામાં જોખમ સમજી બએની જોડીને સાથે ખાવા અને ફરવા દેવાની ગોઠવણ કરવામાં આવી હશે. મારે કબુલ કરવું જોઇએ કે આમ કરવામાં અમારા શત્રુઓએ ખરેખર ડહાપણ વાપર્યું હતું.

કોઇ પણ જાતની વાતચીત વગર ખાણાનું કામ ખલાસ થયું, અને અમોને તુટક પર ફરવા જવાની પરવાનગી મળી. ઘણી ખુશીથી હું વુડસ પાશા સાથે આમથી તેમ ફરવા લાગ્યો. રાત અંધારી હોવાથી ખીલી નીકળેલા તારાઓથી આકાશ અને સમુદ્ર વધારે સુંદર દેખાતાં હતાં. આ બધો વખત પેલો હથીયાર બંધ પહેરેગીર બંદુક સાથે તૈયારજ ઉભેલો હતો.

" ઉઘાડું છે કે દરેક રીતે સાવચેતીના ઇલાજ એ લોકોએ લઈ રાખ્યા છે. " વુડસ પાશા બોલ્યો, " જો તુરકીના ખરા દિલસોજ દોસ્તો આપણી અત્યારની હાલત જુએ તો શું ધારે ? "

" પણ તમને ખબર છે, " મેં કહ્યું, " આ બધાનું મુળ કોણ છે તે જો તેઓ જાણે તો શું કરે ? હું ધારૂં છું કે કાઉન્ટેસ બી૦ વેલેન્ટાઇન હજુ પણ 'ઉસમાનીયા' માં પાર્ટીઓ આપતી હશે. અને

લડાઇમાં આપણુને થતાં નુકશાન માટે દિલગીરી જાહેર કર્યે જતી હશે. વળી તુરકીના પ્રખ્યાત હોદ્દેદારોના ગુમ થવાની બાબતમાં પણ તેણી દીલસોજી દેખાડયા વગર રહેતી નહીં હોય. ખુદા કરેને એહમદ પાશા તેણીને ખરા આકારમાં પીછાણે ! ”

“ એટલે ? મને સમજ નથી પડતી. ” વુડસ પાશાએ પુછ્યું.

તરતજ મને યાદ આવ્યું કે એહમદ પાશાની શાદી સગપણુની વાતની તેને ખબરજ ન હતી. મેં બધી વીગત સમજાવી અને કહ્યું કે એ ખુશાલીના ખાણા પર હું ‘ઉસમાનીયા’ માં ગયો હતો, અને તે પછી મને પણુ તરતજ ઉઠાવી લઈ જવામાં આવ્યો હતો.

“ આપણે હમણાં જે જાણીએ છીએ તે જાહેર કરવાને શકતીવાન થઇએ તો બસ ! ” વુડસ પાશા બોલ્યો.

“ મને પણુ એજ વિચાર આવ્યા કરે છે. ” મેં કહ્યું, “ પણુ તે કેમ બનશે ? કોઇપિણુ રીતે આપણો વીચાર પાર પડે તેવું લાગતું નથી. વખતે કાઈ જતાં આવતાં બારકસને બુમ પાડી ચેતાવીએ, પણુ તેમ કરતા પહેલાં તો આપણુને પુરા કરી નાખવામાં આવે. ”

“ જરા સંભાળીને ધીમેથી બોલ. ” વુડસ પાશાએ મને ચેતાવ્યો “ પેલા બદમાશના કાન ખીસખોલી જેવા છે. વખતે તે બધું સાંભળીને કહી દેશે. ”

“ ઠીક છે. પણુ તમોને કેવી રીતે ઉઠાવી લઈ જવામાં આવ્યા તે હજી જણાવ્યું નથી. ” મેં કહ્યું.

" યાર, એ વાત કરવાથી ફરી મારો જીવ ચુંથાશે. " તે બોલ્યો, " મને એવી સહેલી રીતે ઠગવામાં આવ્યો છે કે, જ્યારે તે પર હું વિચાર કરૂં છું ત્યારે મને પોતાને મારી કમ અક્કલ ઉપર અફસોસ છુટે છે. "

" પણ એ સહેલાઈ તો આપણી બધાની ફરીયાદ છે. તમે એકલાજ એમ ફસ્યા નથી. સહેલાઇને લીધે તો દુષ્મનો આપણને ફસાવવામાં ફતેહ પામ્યા છે. " મેં શધીયારો આપતાં કહ્યું.

" ત્યારે સાંભળો. " તે બોલ્યો, " તમોને ખબર છે કે શવકત પાશાના ઘરમાં રાત્રે મને દક્ષીણ તરફના ભાગમાં ઉતારો આપવામાં આવ્યો હતો. મારે અહીં કહેવું જોઇએ કે એ વખતે હું જે નોકરને સાથે લાવ્યો હતો તે નવો હતો. હું થાકેલો હોવાથી રાત્રે બહુજ વહેલો સુઇ ગયો હતો. કોણ જાણે કેટલે વાગે મારા નવા ચાકરે મને જગાડયો. આટલી મોડી રાત્રે જગાડવાનું કારણ પુછતાં તેણે જણાવ્યું કે, " શકવત પાશા તરફથી સંદેશો આવ્યોછે. તેનો નોકર જણાવે છે કે, તમને જલદી ઉઠાડીને છેલ્લા હોલમાં મોકલવા. કોન્સ્ટાન્ટીનોપલથી બહુજ ચોંકાવનારી ખબર આવી છે, તેથી મસલત કરવા સારૂ બીજા હોદ્દેદારો પણ ત્યાં એકઠા થયા છે, અને તમારી રાહ જુએ છે. મહેરબાની કરી બહુજ ધીમેથી ચાલજો કે બીજાની ઉંઘમાં ખલલ થાય નહીં. " એ સાંભળતાંજ હું કુદકા સાથે ઉઠયો અને થોડાંજ કપડાં પહેરી લઇ બહાર આવ્યો.

સવકત પાશા ક્યાં છે તે પુછતાં તે પોતેજ મને ત્યાં લઈ જવા નો હતો એમ કહ્યું. હું વધુ સવાલ કર્યા વગર મુંગો મુંગો તેની સાથે ચાલવા લાગ્યો. બીજાઓની ઉંઘમાં ખલલ ન થાય એવા વિચારથી હું બહુજ ધીમે પગલે ચાલતો હતો. અને એક છેડા પરના ઓરડામાં આવી પહોંચતાં તેણે બારણું ઉઘાડી મને અંદર જવા કહ્યું. હું કોઇ પણ જાતની શંકા વગર અંદર દાખલ થયો અને તરતજ મારા માથા પર એક ફટકો પડ્યો, જેથી હું બેભાન થઈ ગયો. ત્યાર પછી શું બન્યું તે હું કહી શકતો નથી. મને ગુસ્સો લાગે છે, તે એટલોજ કે મારો એ નોકર મને ફસાવવાને માટેજ નોકરીમાં રહ્યો હતો, અને ઘણીજ સહેલાઇથી તે પોતાનું કામ બજાવી ગયો હતો. જ્યારે હું શુદ્ધીમાં આવ્યો ત્યારે ઉતારાના મકાનથી થોડે દુર આવેલાં એક પડતર મકાનનાં રજોડીયાં પર કેદ પડેલો હતો. એ જગ્યા પર મને બે દીવસ સુધી રાખવામાં આવ્યો. મારે માટેની શોધખોળ જરા નરમ પડી કે, એક રાત્રીના પાછલા ભાગમાં મને ત્યાંથી એક ગાડીમાં બેસારવામાં આવ્યો અને ત્રણ ચાર કલાકની મુસાફરી પછી એવાંજ એક શાન્ત મકાનમાં લઇ જવામાં આવ્યો. અહીં મને ચોવીશ કલાક રાખ્યા પછી પાછો મધરાત્રે એક ગાડીમાં બેસાર્યો. આ બધો વખત મારા હાથ પગ બાંધેલા હતા, અને મોઢામાં ડુચો મારેલો હતો, કે જેથી હું મદદને માટે બુમો પાડી શકું નહીં. થોડીવાર

પછી ઉંચકીને મને નીચે ઉતારવામાં આવ્યો. અહીં મારા હાથ પગ છોડીને પગે ચાલવા કહ્યું. વળી હું જરા પણ ગરબડ કરૂં તો મારી સામે ભરેલી પીસ્તોલો તાકેલીજ રહેતી હતી. એક ખરાબો ઓળંગી અમે કીનારા પાસે આવ્યા. અહીં એક નાડનો મછવો તૈયાર હતો, તેમાં મને બેસારવામાં આવ્યો. અરધો કલાક તેમાં મુસાફરી કર્યા પછી આજ આગબોટ અમારા તરફ આવતી જણાઇ, અને નજીક આવતાં મને આ બોટ ઉપર લેવામાં આવ્યો. આ બધો વખત પેલો કાઉન્ટેસનો કહેવાતો પીતા મારી સાથેજ હતો. આગબોટ ઉપર ફ્તહી બેક અને મુસ્તફા પાશાને જોઇ હું તમારા જેટલોજ અજબ થયો હતો. હવે મારી વાત પુરી થઇ છે, પણ આ હાલતમાંથી કેમ છુટીએ તેનો કંઈ ખ્યાલ આવે છે ?"

હું તેનો કંઇ પણ જવાબ આપું તે પહેલાં તો પેલા બુદ્દાએ આવી અમારી કેબીનમાં પાછા જવાને કહ્યું, કે જેથી બાકીના બે જણને ફરવા દેવામાં આવે, દિલગીર ચહેરે કેબીનમાં જવા અમે પાછા ફર્યા.

પ્રકરણ એકત્રીશમું.

ભર દરીયે ભયંકર કાવતરૂં.

નિયમ પ્રમાણે બીજે દિવસે પણ સવારે, બપોરે અને સાંજે અમોને એક એક કલાક ફરવા દેવામાં આવ્યા, પરંતુ છેલ્લી વખતે એટલે સાંજરે મારા દોસ્તને ઘણીજ ઉશકેરાયલી હાલતમાં જોઇ હું અજબ થયો. દાદર ચડતાં તે મારા કાનમાં મોઢું ઘાલીને બોલ્યો, " મારા ખુદા! કામીલ પાશા, આજે મેં એકાએક બહુ ભયંકર કાવતરૂં રચાતું સાંભળ્યું છે."

" ત્યારે હમણાં ચુપ રહે." મેં તેને સમજાવ્યો. " આપણે તેની ગોઠવણ સાંભળી છે એવો વહેમ એ લોકોને પડવા દેવો જોઇએ નહીં. એ પછી અમે તુટક પર ગયા અને આમથી તેમ ફરીને આગબોટના એક છેડે ઉભા રહી, તે પાણી કાપતી હતી તેનો દેખાવ જોતા હતા તેવો ઢોંગ કરી ઉભા રહ્યા. વુડશ પાશાને ઇશારો કરતાં હવે તેણે સાંભળેલી વાત શરૂ કરી. તે બોલ્યોઃ—

" બપોરે જમી રહ્યા પછી જલદીથી ઉપર આવવા હું દાદર ચડતો હતો, તેવામાં પેલા બુઢ્ઢાને એક બીજા ઇટાલીયન જોડે કંઇ સલાહ કરતાં સાંભળ્યો. તે બુઢો બોલ્યો, 'પૂરેપૂરી ચાવી આપવાથી તે એક કલાક ચાલશે, અને પછી ધડાકો થશે; ભંડારમાં મુક્યા પછી બરાબર એક કલાકે તેનું તળીયું ઉડી જશે, અને બોટ પથ્થરની મા-

ફક પાણીમાં ડૂબી જશે.' તે ઉપરથી પેલા બીજાએ પુછ્યું કે, "આ ગોઠવણ કયે દીવસે કરવાની છે?' તેનો જવાબ બુઢાએ નીચે પ્રમાણે આપ્યો, 'પરમ દીવસે. જો બધું બરાબર ઉતર્યું તો તે દિવસે પેલું બારકસ આવી મળશે,' આટલું બોલી બેઉ છુટા પડયા અને હું મહા મુશકેલીએ જાણે કંઈ ખબરજ ન હોય તેમ અજાણ્યો થઇ ઉપર ગયો."

બુડસ પાશાના બોલી રહ્યા પછી થોડી વાર તો હું પાણીનો દેખાવ જોતો હોઉં તેમ ઉભોજ રહ્યો. એટલું તો ચોક્કસ હતું કે, અમે મોતનાં પંજામાં છીએ, તે છતાં મને અજાયબી લાગી કે, શું આ જમાનામાં એવાં પણ માણસો વસે છે કે જેઓ આવું કાવતરૂં રચે, અને તે પાર ઉતારવા માટે આવી ખુની યુક્તિ લડાવે !

"તમોને બરાબર યાદ છે કે, તે તમારા કહેવા પ્રમાણેજ બોલ્યો હતો ?" મેં ધીરજથી પુછ્યું, "કંઇ શબ્દના ફેરફારથી તમે બીજું ભળતુંજ તો નથી સમજ્યા કે ?"

"નહીં." તે બોલ્યો, "મારી પક્કી ખાત્રી છે કે, હું તેઓના બોલેબોલ બોલ્યો છું."

"ત્યારે હવે આપણે તેના પર વિચાર કરીએ." મેં કહ્યું, "તમે કહો છો કે તે બુઢાના બોલવા મુજબ ચાવી આપતાં એક કલાક ચાલશે. એમજ કે?"

"હા."

"ત્યારે તો આપણે સહેલાઇથી અટકળ કરી શકીએ છીએ કે,

તે કંઇ નાશકારક સંચો હોવો જોઇએ.” મેં જણાવ્યું. “વળી એમ પણ માની શકાય કે જે ધડાકાની વાત તેઓએ કરી, તે ધડાકો તે સંચો એક કલાક ચાલવા પછી થશે. વળી તે ભંડારમાં મુકવાની વાત થઇ, એટલે તે આજ આગબોટના ભંડારમાં મુકવામાં આવશે. બધાં ઉપરથી એમ સમજાય છે કે, પરમદીવસે એક બીજું બારકસ આપણને આવી મળશે. આપણને પકડી લાવનારાઓ તે બારકસ ઉપર જશે અને તે અગાઉ પેલા નાશકારક સંચાને બરાબર ગોઠવીને ચાવી દેતા જશે.”

“અને આપણે છટકાંમાં સપડાયલા ઉંદરની માફક કેબીનમાં બંધ પડેલા હઇશું.” કમાન્ડર ઇન ચીફ વુડસ પાશા ધીમેથી બોલ્યો.

“મને પણ એમજ લાગે છે.” મેં જણાવ્યું.

“યા ખુદા !” વુડસ પાશા અજબ થઇ બોલ્યો, “કામીલ પાશા તું આમ ધીરજ કેમ રાખી શકે છે. તને આપણી કંગાળ સ્થિતીનો ખ્યાલ નથી આવતો ?”

“મને બધો ખ્યાલ છે,” હું બોલ્યો, “પણ હવે કંઇ ઉપાય શોધવો કે, હાય અફસોસમાં મારવા પહેલાં મરી જવું !”

અમારી હાલત ખરેખર ભયંકર હતી. હું વીચાર કરવા લાગ્યો, “યા ખુદા ! શું તું એવો વખત આવવા દેશે ? શું પરમ દીવસેજ મોત !” ફાવે તેવી હીંમત છતાં જાણે હમણાંથીજ અજલનો ફરેસ્તો સામે ડોળા ઘુરકતો હોય તેમ હું ધાસ્તીમાં પડયો.

"હવે આપણે કંઈ વિચાર તો કરવો જોઇએ." આખરે હું બોલ્યો "આ નાતરસ ખુનીઓની નીચ યોજનાને ઉંધી વાળવા કાંઇપણ કરવું તો જોઇએજ. ચાલો આપણે બેઉ મસલત કરી તેમાંથી કંઈ રસ્તો શોધીએ."

"હું તો બપોરથી વિચાર કરૂં છું." બુડસ પાશા બોલ્યો; "પણ મને કંઇ સમજ પડતી નથી. જો આપણને કેબીનમાં બંધજ કરી રાખવામાં આવશે, તો આપણે શું કરી શકવાના છીએ?"

"અરે યાર! એમ નાહીંમત ના થા." મેં તેને સધીયારો આપ્યો.

"ભલે તું મને ના હીંમત સમજે," તે બોલ્યો, "પણ ખરૂં કહું છું કે પરમ દહાડે શું બનશે તેનો વિચાર આવતાંજ મારો તો દમ છુટી જાય છે."

"પણ તેવું કંઇ બનશેજ નહીં." હું બોલ્યો, "બસ તમે મનમાં એમજ માનો કે કંઇ બનનારજ નથી. આપણે કંઇ પણ રસ્તો શોધી કાઢવોજ જોઇએ. વળી તેટલા વખતમાં કોઇ પણ રીતે આપણે આપણા બીજા બે દોસ્તોને પણ ચેતાવવા જોઇએ, જો કે હું હમણાં નથી સમજી શકતો કે એ કેમ બનશે."

અમે વિચારમાં ને વિચારમાં આમથી તેમ ફર્યા કર્યા. લગભગ એકાદ કલાક પછી અમોને અમારી કેબીનમાં જવાનો હુકમ થયો. કેબીનમાં જતાંજ હું ભવિષ્યની હાલત પર વિચાર કરવા બેઠો. પહેલું કામ એ હતું કે બીજા બે દોસ્તોને શી રીતે ચેતવણી આપવી, અને બીજું એ કે અમારે માટે જે ખુની યોજના રચવામાં આવી હતી

તેમાંથી કેમ બચવું ? અહીં વિચાર કરતાં કરતાં કાઉન્ટેસ સાથની પહેલી પીછાણ પછી જે જે બનાવો બન્યા તે બધા યાદ આવ્યા. અંતે મળસકું થતાં હું ઉઠયો અને બારીમાંથી જોવા લાગ્યો.

" જો મુસ્તફા પાશાને આ બાબત જણાવી શકું તો બહુ સારૂં, કારણ કે તે પોતાના સાથી ફતહી બેક સાથે વિચાર કરીને કંઇ બચાવનો રસ્તો શોધી કાઢે." મેં મનમાં વિચાર્યું, અને પછી મને એકાએક કંઇ યાદ આવી ગયું અને સંદેશો પહોંચાડી શકવાની મારી લગભગ ખાત્રી થવાથી મેં તે માટે તૈયારી કરવા માંડી.

મેં તરતજ મારા ખીસ્સામાંથી કાગળનું પાકીટ કાઢયું. અને તેમાંથી એક કાગળ કાઢી સંસ્થાન ખાતાના પ્રધાન ઉપર લખ્યો. તેમાં લુ:સ પાશાએ સાંભળેલી વાત લખી, અને ફતહી બેક સાથે મળીને બેઉએ બચાવનો ઉપાય શોધી કાઢવાનો આગ્રહ કર્યો. લખાઇ રહ્યા પછી તેની એક નાની ગોળી વાળીને મારા ખીસ્સામાં મુકી. અહીં મારે કહેવું જોઇએ કે, દરેક કેબીનનાં બારણાં સલુનમાં પડતાં હતાં, અને બારણાની નીચેનો ભાગ લગભગ એક એક તસુ જેટલો ઉંચો રહેતો હતો. મારી ગોઠવણ એવી હતી કે, નજર ચુકાવીને તે ચીઠ્ઠી બારણાંની નીચેથી સેરવી દેવી. સલુનમાં જમવા બેસવાની મારી બેઠકની બરાબર પછવાડેજ મુસ્તફા પાશાની કેબીન હતી. તેથી જમતી વખતેજ એ કામ કરી લેવાનું મેં નક્કી કર્યું.

હવે નાસ્તાના વખતની રાહ જોતો હું બેઠો. બરાબર ટાઇમે મારી કેબીનનું બારણું ઉઘાડવામાં આવ્યું અને હું બહાર નીકળ્યો.

એ વખતે દરીયો શાન્ત ન હોવાથી અમારૂં બારકસ આમથી તેમ ડોલાં ખાતું હતું. કડોડા પકડીને ચાલતાં મુસ્તફા પાશાની કેબીન આગળ એક આબાદ યુક્તિથી હું જાણે પડી ગયો હોઉં તેમ નીચે પડયો, અને તરતજ પેલી ચીઠ્ઠી તે બારણાની અંદર સેરવી દીધી. હવે મને માથામાં લાગેલું હોવાથી હું માથું દાબતો દાબતો ઉઠયો અને બેઠક લીધી. મારી યુક્તિ કોઇએ જોઈ નથી એમ તે વખતે મેં ખાત્રી કરી લીધી.

નાસ્તો પુરો થયા પછી હું લુડસ પાશા જોડે પાછો તુતક પર ગયો. ઉપર પહોંચતાંજ મેં પુછયું, " કેમ શું વિચાર કર્યો ? "

" કંઈ નહીં. " તેણે જવાબ આપ્યો. " આખી રાત વિચારમાંજ વિતાવી પણ મને કંઈ સુજતું નથી. જો મુસ્તફા પાશા જોડે સંદેશા ચલાવી શકાય તો મને લાગે છે કે તે કંઇ યુક્તિ શોધી કાઢે !"

" તે તો હું કરી ચુકયો છું. " મેં કહ્યું, " આજે સહવારે મેં એક ચીઠ્ઠી પહોંચાડી. "

" ખરેખર ! " તે લગાર શંકાની નજરે બોલ્યો; " પણ તે શા રીતે ? મારી તો અકલ પણ એમાં કામ કરતી નથી. "

" આ મારા માથામાં ઢીમણું થયું છે તે જોયું કે ? " મેં કહ્યું, " તને યાદ છે કે, સલુનમાં હું પડી ગયો હતો ? "

" હા મને યાદ છે. " તે બોલ્યો. " પણ તેની સાથે આ ચીઠ્ઠી પહોંચાડવાને શું સંબંધ ? "

"બધો" હું બોલ્યો, "તમે યાદ લાવો તો જણાશે કે હું પડી ગયો તે બરાબર મુસ્તફા પાશાની કેબીનના બારણાં આગળજ પડયો હતો. એજ વખતે મેં ચીઠ્ઠી તળીએથી સેરવી દીધી. હવે તમારા બોલવા પરથી મને ખાત્રી થાય છે કે, તમારા માફક બીજા કોઇએ પણ મારૂં આ કામ જોયું ન હતું, એટલે હવે આપણને કંઇ બ્હીક જેવું નથી."

"કામીલપાશા, ખરેખર તારૂં ભેજું ચાલાક છે." વુડસ પાશા હસીને બોલ્યો.

"બહુ મહેરબાની થઈ," મેં કહ્યું. "પણ હવે જે કરવાનું રહ્યું તે એ કે, મુસ્તફાપાશા તેનો જવાબ શી રીતે વાળશે?"

"તેની કંઈ ફીકર કરવા જેવું નથી." વુડસ પાશાએ કહ્યું, "એ કંઇ ઓછો ચાલાક નથી, તેથી કોઇપણ રીતે સંદેશો તો પહોંચાડશેજ. હું એટલીજ આશા રાખું છું કે, તે કંઇ રસ્તો બતાવે. આપણે જો કેબીનમાંથી બહાર નીકળી શકીએ તો કંઇપણ કરી શકીએ. પરંતુ અહીં જે અડચણ છે તે બહાર નીકળવાનીજ છે. વળી તેં જોયું હશે કે એ લોકો આપણી કેબીનને બીજું તાળું મારવા માટે સાંકળો જડે છે."

"ના, મેં નથી જોયું," હું બોલ્યો. "પણ તેં કેમ જાણ્યું?"

"નાસ્તા પહેલાં તે મારા બારણાં પર કામ કરતો હતો તેથી." તેણે જવાબ આપ્યો.

પ્રકરણ બાવીશમું.

મોતના ડાચામાં.

યુડસ પાશાની એ ધારણા જો ખરીજ હોય તો ખરેખર અમારૂં આવીજ બનેલું સમજવું. કદાચ અમે કેબીનનાં બારણાંની કળ તોડી નાખવાને શક્તીવાન થઇએ, પણ બહારની સાંકળો ઉખેડવાનું તો બની શકેજ નહીં. જ્યારે અમે કેબીનમાં પાછા ફર્યા ત્યારે જોયું કે, યુડસ પાશાનું કહેવું ખરૂં હતું. અમો પૈકીની ત્રણ કેબીનને તો સાંકળો મરાઇ ચુકી હતી, અને છેવટ મારી કેબીનના બારણાં પર સુતાર કામે લાગેલો હતો. એ વખતે મારી કેબીનના બારણાંમાંથી એ તસુને છેટે ગીરમીટ અથવા છીદ્રો પાડવાનું હથીયાર પડેલું મેં જોયું. તેજ વખતે તે ચોરી લેવાની મારી ઇચ્છા થઈ, કારણ એ ગીરમીટ અમોને બહુજ ઉપયોગી હતી. હવે જો તે મારે લેવીજ હોય તો વખત ગુમાવવાનો ન હતો, તેથી તેજ પળે મેં એક યુક્તિ રચી. મારા ખીસ્સા માંહેનું ઘડીયાળ મેં છુપા ઝટકાથી પાડી નાખ્યું, જે ગબડીને પેલા માણસના પગ આગળ ગયું. જેવો તે ઘડીયાળ ઉંચકી આપવા ઉભો થયો કે, મારા પગની ઠોકરે પેલી ગીરમીટને કેબીનમાં સેરવી દીધી. પેલાએ મને ઘડીઆળ આપ્યું અને તેના બદલામાં ખીસ્સામાંથી થોડા પૈસા આપી ઉપકાર માની હું અંદર ગયો. બીજીજ પળે તે ગીરમીટ જાણે કેવી એક દોલત હોય તેમ ઉંચકી લીધી, અને મા

રા બિછાના નીચે સંતાડી દીધી. ચીન્તા એટલીજ હતી કે આ ચોરી જણાઈ આવશે કે કેમ? જે થાય તે થોડા વખતમાંજ માલુમ પડશે એમ વિચારી હું કાન ઉઘાડા કરી બેઠો. જ્યારે મારાં બારણાં પર તાળું દેવાતું સાંભળ્યું ત્યારેજ મને ધીરજ આવી કે, ગીરમીટની ચોરી પકડાણી નથી. આ હથીયાર મને એટલું બધું વહાલું એટલા માટે લાગ્યું કે, વખત આવે બારણું તોડવામાં તે બહુ ઉપયોગી થાય તેમ હતું.

જ્યારે બપોરના જમી રહ્યા પછી અમે તુટક પર ગયા, ત્યારે મારા સાથીને મેં ગીરમીટની વાત કરી. તે મારા જેટલોજ ખુશી થયો. તે વખતે મારાં માથાં પરની ટોપી કંઈ અડચણ કરતી હોવા નું લાગ્યાથી, મેં કાઢીને અંદર જોયું તો, તેની ચામડાની પટ્ટીમાં એક જગોએ કંઇ ગોટોપોટો વાળેલો કાગળ દેખાયો. હું તરતજ પા મી ગયો કે આ કંઇ છુપો સંદેશો હશે. એ ટોપી તુટક પરજ રહેતી હતી, અને હું ફરતો ત્યારે હું પહેરતો અને મુસ્તફા પાશાનો વારો આવતો ત્યારે તે પહેરતો હતો. તેણે એ ચીઠ્ઠી મારા હાથમાં આ-વ્યા વગર રહેશે નહીં એવા વિચારથી મુકી હતી. હવે બીજો કોઇ જોવા ન પામે તેમ એ ચીઠ્ઠી ઉખેડીને મેં વાંચી. તે નીચે મુજબ હતીઃ—

“ **વ્હાલા ભાઇ કામીલ પાશા,** તમારી ચીઠ્ઠીએ મને અજા-યબીથી ગરક કરી દીધો છે. તમો જે કાવતરાં વીશે લખો છો, તે પરથી સાફ જણાય છે કે, આપણે એક સેતાનીયત ખસલતના માણ-

સને પાસે પડયા છીએ. તમારી ચીઠ્ઠી મળવા પછી મેં ઘણો વિચાર કર્યો, પણ હજુ સુધી હું કંઇપણ ઉપાય શોધી શકયો નથી. વળી તમે જાણ્યું હશે કે દુષ્મનો હવે સાવચેતીના બેવડા ઇલાજ લે છે. જો આપણે છેલ્લી ઘડીએ કેબીનમાંથી બહાર નહીંજ નીકળી શકીશું તો આપણું આવીજ બનેલું સમજવું. જો હજુ પણ કંઈ ઉપાય ધ્યાનમાં આવશે તો આ ચીઠ્ઠીની માફક જણાવીશ. છેવટે ખુદા આપણી મદદે થાય એવી દુવા માગતો તમારો દોસ્ત, મુ. પા. ”

વાંચી રહીને મેં તે ચીઠ્ઠીના બારીક કટકા કરી પાણીમાં ફેંકી દીધા. અરધે કલાકે અમે કેબીનમાં ગયા ત્યાં એ ચીઠ્ઠીનો જવાબ લખી કાઢયો. તેમાં મેં તેઓને હિંમત આપી કે, મેં એક યોજના ઘડી છે; અને તે ફાયદા ભરેલી હોવાની દરેક વકી છે. ફરી તુટક પર ગયા ત્યારે એ ચીઠ્ઠી પેલી ટોપીમાં મુકી, અને સવારે તે નહીં જોવાથી મેં ધાર્યું કે તે ધારેલે ઠેકાણેજ પહોંચી હતી.

જે દિવસે અમારે માટે આવો એક ગંભીર બનાવ બનવાનો હતો, તે દિવસની સવાર અમોએ કેવી રીતે પસાર કરી, તે વર્ણવવું મુશ્કેલ છે. શું થશે તેનો વિચાર કરવો એ પણ મહાભારત થઇ પડયું. તે ખ્યાલજ ભયંકર હતો, પણ તેના અચોકસ પણાને લીધે અમે બહુજ મુંજવણમાં પડયા. મેં જે યોજના ઘડી કાઢી હતી તે એ કે, પેલી ગીરમીટ વડે બારણાંની કળ અને સાંકળની આસપાસ કાણાં પાડવાં, જેથી અંદરથી જોર કરતાં બારણાંનો તેટલો ભાગ તુટી જઇ

બારણું ઉઘડી જાય. હવે એમ કરવાનું જો છેક છેલ્લી ઘડી પર રાખ વામાં આવે તો ઘણાં કાણાં પાડવાનાં હોવાથી તેટલો વખત રહે નહીં. બીજી તરફ બહુજ વહેલાં કાણાં પાડવાનું શરૂ કરવામાં આવે તો શત્રુઓને વહેમ પડે. એ બે વિચારોને લીધે મને બહુજ મુંઝવણ પડી, પણ અંતે મેં એક રસ્તો શોધી કાઢયો. બારણાના પાટીયાંની જાડાઇ તપાસી લઇને કાણા પાડતાં ગીરમીટ બહાર ન નીકળી જાય તેમ સહેજ રહેવા દઇ કાણાં પાડવાં. ગીરમીટ કંઇ મોટી ન હતી, અને તેની અણી પણ બરાબર તેજ ન હોવાથી મેં ઉઠાવેલું કામ કેટલી મહેનતનું હતું તે સહેલાઇથી સમજાશે. મેં મારૂં કામ શરૂ કર્યું. મારા હાથ પર ફોલ્લાઓ ઉઠયા, તે છતાં મેં એ કામ શરૂજ રાખ્યું. મારી અને મારા દોસ્તોની જીંદગી ફક્ત મારાં આ કામ પરજ લટકેલી હોવાથી દુખનો કોઇપણ જાતનો વિચાર કર્યા વગર હું જીવતોડ મહેનત કરવા લાગ્યો. કાણાંઓ પાડતાં જે વેર પડતો તે બહુ સંભાળથી ઉચકી લઈ મારી નાની બારી વાટે બહાર પાણીમાં ફેંકતો ગયો. લગભગ એંસી કાણાંઓ પાડવાનાં હતાં જેનો પોણો ભાગનો બપોરનાં ખાણાં પહેલાં મેં પુરો કર્યો. બાકીનો થોડો રહેલો ભાગ જમ્યા પછી પુરો કરવાનો ઠરાવ કર્યો.

જમતી વખતે કંઇ નહીં સમજી શકાય તેવી ગરબડ થતી અમોએ સાંભળી. અમારા પરના પહેરેગીરો ઉશકેરાયલા લાગતા હતા, અને જમતી વખતે અમારી સાથે એક પણ શબ્દ બોલ્યા નહીં. ફક્ત કોકરેન એકજ વધુ ખુશાલ હતો. અમે જોયું કે પહેરેગીરો અ-

વાર નવાર તુટક ઉપરથી કંઈ ખબરની રાહ જોતા હતા. જમી રહ્યા છતાં કંઈ ખબર ન મળવાથી અમે હમેશ મુજબ તુટક પર જતા હતા, એટલામાં ઉપરથી કંઇ સંદેશો આવ્યો અને તરતજ અમને કેબીનમાં પાછા ફરવાનો હુકમ થયો. હું સમજી ગયો કે જે બારકસની તેઓ રાહ જોતા હતા, તે નજરે પડેલું હોવું જોઇએ. હવે તેઓ અમને કંગાલ મોતે મરતા મુકીને બારકસ ઉપર જવાની તૈયારી કરવામાં પડયા હશે.

તેઓનું કાવતરૂં અમો જાણી ગયા છીએ, એવો જરા પણ ઇશારો તેઓના જાણવામાં આવે તો કાલનો દુકાળ આજેજ પડવા જેવું થાય. કાં તો તે અમોને પુરાજ કરી નાખે, અને તેમ ન કરે તો પછી એટલી મજબુતીથી બંધ કરી જાય કે, અમે છુટા થવા પામીએ નહીં, તેથી બની શકે તેટલો બે ફીકરાઈ અને અજાણપણાનો દેખાવ કરી અમે કેબીનમાં ગયા. કેબીનમાં બંધ થયા પછી મેં બારીમાંથી જોયું તો, એક ઝડપી ચાલનું બારકસ અમારી તરફ આવતું દેખાયું. મેં જોયું કે અમારાં બારકસનો વેગ એકદમ કમતી થઇ ગયો હતો. હવે વખત ખોવાનો નહતો. મેં તરતજ પેલી ગીરમીટ કાઢી અને અજબ ઝડપથી હું બાકી રહેલાં કાણાં પાડવા લાગ્યો. મારા હાથ ફોલ્લાઓ છોલાઇ જવાથી એવા થઇ ગયા હતા કે, જાણે એકદમ ગીરમીટ ફેંકી દઇ જે બને તે બનવા દઉં. પણ નહીં; મારા એકલાની નહીં પણ મારા સાથીઓની જીંદગીનો આધાર પણ મારા એકલા પર હોવાથી થતી વેદના ખમીને પણ મેં કામ ચાલુ રાખ્યું.

અંતે ફક્ત છ કાણાં પાડવાનાં રહ્યાં. તુટક ઉપર અને સલુનમાં સઘળે ચુપકીદી પથરાઈ રહી. મેં અટકળ કરી કે, યાતો તેઓ પેલો નાશકારક સંચો ગોઠવતા હશે અથવા તો આગબોટ છોડી જવાની તૈયારી કરતા હશે. આમ વિચાર કરતાં મને ધાસ્તી લાગી કે, રખેને તે સંચો ચાવી આપીને ગોઠવી દેવામાં આવ્યો હોય ? અને મારૂં કામ પુરૂં થતા પહેલાં તે હોનારત બની જાય ! મેં હવે બહુ ઝડપથી કામ કરવા માંડયું. પેલું નવું બરાકસ પણ સાફ દેખાવા માંડયું. લગભગ તે એકાદ માઇલને છેટેથી કંઈ નિશાની કરતું હતું તુટક પરથી એક મછવો નીચે ઉતારવામાં આવતો હોય એવો અવાજ આવ્યો. એક પળ સુધી તે મછવો મારી નજરે પડયો અને પાછો તરતજ ખેંચી લેવામાં આવ્યો.

તે વખતે મેં જરા બેદરકારીથી કામ કરવા માંડયું, અને બાર ણાંની આરપાર જોય તેમ કાણાં પાડવા લાગ્યો. ફક્ત એકજ કાણું પાડવું રહ્યું હતું તેટલાં ગીરમીટ એકાએક હાથમાંથી તુટી ગઇ. એ નાનું હથીયાર જે ફક્ત એકજ મીનીટમાં અમને જીવતદાન આપવાનું હતું તે હવે કોડીનું થઇ પડયું. નાસીપાસી અને બેહદ નીરાશા વચ્ચે મેં તે જમીન પર પટકયું. જો અત્યાર સુધી મેં કરેલું કામ પુરતું ન હોય તો મારી મહેનત બરબાદ હતી. એકાએક તુટક ઉપરથી કોઇનો અવાજ સંભળાયો, " કોકરેન. "

બાજી તરફથી તુરત તેનો જવાબ આવ્યો, " કેમ શું છે ? "

"તારૂં મગજ ઠેકાણે છે કે નહિ? તું હજુ આવતો કેમ નથી? તને ખબર નથી કે અરધો કલાક તો થઈ ચુક્યો છે."

આ સાંભળી મારા હોશ ઉડી ગયા. હું નીચે ફસડાઇ પડયો. મારો શક ખરો હતો. તે સંચાને ચાલુ થયે અરધો કલાક થયો હતો. થોડી પળ પછી કોઇનાં પગલાં તુટક પર જતાં સંભળાયાં. મેં હવે બારીએથી જોયું તો ત્રણ મછવાઓ માણુસોથી ભરેલા આગબોટ છોડી જતા હતા. એકમાં કોકરેન વિગેરે હતા, જેઓ મશકરીની રૂપે ટોપી ઉતારી અમને સલામ કરતા હતા. હું હવે કુદયો અને બારણાંના હાથો પકડી ખેંચવા લાગ્યો. મેં ઘણું જોર કર્યું પણ કંઈ વળ્યું નહીં. આખરે નીરાશ થઈ બેઠો. જો કે પેલાઓને જવાને બે મીનીટ થઇ હશે, પણ તે વખત મને બે કલાક જેટલો લાગ્યો. વળી હું ઉઠયો અને મારૂં સઘળું જોર એકઠું કરી હાથો ખેંચ્યો. જરા કડકડાટ થઈ અને બીજા એક આંચકા સાથે બારણું કળમાંથી તુટી ઉઘડી ગયું, અને તેના ઝપાટાથી હું નીચે પડયો. હા! ખુશાલી! હું છુટો થયો હતો, પણ એક જરૂરનું કામ, જે પેલો સંચો પોતાનું કામ કર્યે જતો હતો, તેનો નાશ કરવાનું હજુ બાકી રહ્યું હતું.

પ્રકરણ ત્રેત્રીશમું.

આશાનું એક કિરણ.

હું તરતજ જમીન ઉપરથી ઉઠયો, અને અગાઉથી બધો વિચાર ગોઠવી રાખેલો હોવાથી મને બીલકુલ વખત રોકવો પડયો નહીં. ઉઠીને પહેલું કામ મેં મારા સાથીઓને ચેતાવવાનું કર્યું. મેં બુમ પાડીને ચેતાવ્યું કે હું થોડી મીનીટમાં તેઓને છોડાવીશ. તરતજ હું દોડતો તુટક પર ગયો અને ત્યાંથી એન્જીન વાળા ભંડારમાં ઉતર્યો. હું એટલુંજ ઇચ્છતો હતો કે પેલાઓએ એ નાશકારક સંચો ભંડારમાં ગોઠવવાનું છેલ્લી ઘડીએ ફેરવ્યું ન હોય. હું એન્જીનના આગવાળા ભાગ તરફ દાખલ થયો.

જોયું જાણ્યું જતું નથી. એ પ્રમાણે થોડા વખત અગાઉ એક સ્ટીમરના કેપટને મને એક નવીન સ્ટીમરના જુદા જુદા ભાગો દેખાડયા હતા તે જોયેલું મને આ વખતે બહુ ઉપયોગી થઇ પડયું. બાઇલરની ભઠ્ઠી હજુ ગરમ હતી. મેં થોડી શોધ કરી, પરંતુ જોઇતી ચીજ જડી નહીં. હું નિરાશ થઈ પાછો ફરતો હતો, એટલામાં એક ખુણામાં મારી નજર ગઇ. તે ખાણા ખરાબીનું હથીઆર ત્યાં પડેલું મેં જોયું. તેમાંથી ઘડીઆળના જેવો ટીક-ટીકનો અવાજ નીકળતો હતો. જો વખત પુરો થઇ ગયો હોય, તો કોઇપણ વખતે ધડાકો થાય, તેવા જોખમમાં છતાં હું તે સંચાને બગલમાં મારીને એકદમ તુટક પર

દોડયો. ઉપર જતાંની સાથેજ બારકસના દક્ષીણ ભાગ તરફ જઇ, જોરથી એ સંચાને પાણીમાં ફેંકયો. પાણીની સપાટી સાથે અથડાતાં જરા અવાજ થયો, થોડા પરપોટા ફુટયા અને એ સંચો તળીયે બેઠો. એ રીતે એ નાશકારક સંચાના ભયમાંથી તો અમે છુટા થયા.

મારે હજી ઘણું કામ કરવાનું હોવાથી હું પાછો સલુનમાં ગયો. મારા સાથીઓ મારી ગેરહાજરીમાં કેવા વ્યાકુળ બન્યા હશે, તેનો વિચાર મને આવતો હતો. શું બને છે તે તેઓ જાણતા ન હોવાથી વધારે ફીકરમાં પડે તેમાં નવાઇ ન હતી. હવે હું કેપટનની કેબીનમાં દોડયો, ત્યાં કેટલાક કાગળો, ચોપડીઓ અને કપડાં વેર વીખેર પડયાં હતાં. હું જે ચાવીના ઝુમખાની શોધમાં હતો, તે ઝુમખો ત્યાં ટેબલ પરજ પડેલો હતો. તે લઇને હું પાછો સલુનમાં ધુસ્યો અને થોડીવારમાં મારા સાથીઓને છુટા કર્યા.

" પણ પેલો સંચો ? " વુડસ પાશાએ અધીરાઇથી પુછયું.

" પાણીને તળીએ. " હું બોલ્યો, " તમોને છુટા કરવા પહેલાં હું તેને દરીયામાં ફેંકી આવ્યો છું. "

" ખુદા તારૂં ભલું કરે કામીલ પાશા, " મુસ્તફા પાશા બોલ્યો, " તેં અમારો જીવ બચાવ્યો છે. "

" બીન શક ! " ફતહી બેએ કહ્યું, " પણ હવે શું કરવું ? "

" પેલાં બારકસથી જેમ બને તેમ જલદી દુર નાસવું જોઇએ." મેં જવાબ આપ્યો, " મુસ્તફા પાશા, તમે જરા મીકેનીકલ લાઇનનો

શોખ ધરાવતા હતા, તેથી મને લાગે છે કે તમે એન્જીન ચલાવી શકો ? ”

“ મને લાગે છે કે આવે વખતે હું તેમ કરી પણ શકું.” મુસ્તફા પાશાએ જવાબ આપ્યો, “ કંઈ નહીં તો અજમાયશ તો કરી જોઉં. પણ તમે ? ”

“ હું સુકાની થઇશ. ” મેં કહ્યું, “ હવે તે થાય પણ આપણે નાસવું તો જોઇએજ. ચાલો ત્યારે હવે આપણે કામ પર લાગીએ, પણ સંભાળજો તુટક પર ચડતાં પેલાઓની નજરે ન પડાય. તેઓ તો ધડાકાની વાટ જોતા હશે. ”

“ ત્યારે તો ખુદાના શુકરાના કરીએ છીએ કે, તેઓ નાસીપાસ થયા વિના રહેશે નહીં. ” વુડસ પાશાએ જવાબ આપ્યો.

“ હવે મુસ્તફા, ” હું બોલ્યો, “ જો આ બારકસને તમે ચાલુ કરશો તો ઉપકારી થઇશું. ” પછી કમાન્ડર ઇન ચીફ વુડસ પાશા તરફ ફરીને ઉમેર્યું, “ મારી ખાત્રી છે સાહેબો કે તમે બેઉ અનુક્રમે કોલસા મારવાનું અને આગવાળાનું કામ કરતાં અચકાશો નહીં. ”

બેઉએ તે બાબતમાં પોતાથી બનતું કરવાની ખાત્રી આપી. અમે વાંકા વાંકા ચાલીને મધ્ય ભાગમાં આવ્યા. એન્જીનના દાદર આગળ આવતાં કંઇપણ બોલ્યા વગર મુસ્તફા પાશાએ પોતાનો હાથ લાંબો કર્યો. અને મેં તે લાગણી દેખાડવા દાબ્યો, બીજાઓએ પણ તેમજ કર્યું. હું તેઓને ત્યાં છોડી સુકાન તરફ ગયો. થોડીવારે ઈજીનના

માણસો સાથે વાત કરવાની, તુટક પર જોડેલી નળી આગળ જઇને મેં બુમ પાડી પુછ્યું, " કેમ ક્યારે ચાલશે ? "

" હું હમણાં જરા આગ તેજ કરૂં છું. " પાછો જવાબ આવ્યો, " પણ મને ભય છે કે પંખા ફરતાં હજુવાર લાગશે. "

" સેજ વારમાં પંખો ફરવાનો અવાજ આવ્યો; અને બારકસ બહુજ ધીમી ઝડપે ચાલુ થયું. સુકાનનું ચક્કર પકડી હું ઉભો હતો, ત્યારે સામેના બારકસ તરફ મારી નજર ગઇ. તેની પાડોશમાંજ નાહની બોટો પડેલી હતી, તેમાં બેઠેલાઓ કેવા અજબ થતા હશે તે હું બરાબર સમજી શકયો. તેઓ અજબ થયેલા હોવાજ જોઇએ, કારણ અમારૂં બારકસ છોડી ગયા ને અરધો કલાક થઇ ગયો હતો, તે છતાં ધડાકો ન થયેલો જોઇ તેઓ વિચારમાં પડે તો કંઇ નવાઇ જેવું ન હતું. એજ વખતે મને વિચાર આવ્યો કે જો તેઓ તપાસ કરવાની મતલબથી પાછા ફરે તો અમારૂં શું થાય ? આ ધાસ્તી ભર્યો વિચાર મેં તરતજ એન્જીન વાળા ભાગમાં જણાવ્યો અને કહ્યું કે, " ખુદાને ખાતર ઝડપ વધારો ! મને લાગે છે કે તેઓ પાછા આવશે ! "

" અમે બનતું કરીએ છીએ. " જવાબ મળ્યો, " અને ધીમે ધીમે સ્ટીમ આવતી જાય છે. "

અહીં મને કુદરતી વિચાર એવો આવ્યો કે, અમે કઇ જગ્યાએ હતા તેની તપાસ કરવી. મને લાગ્યું કે વખતે કેપટનની કેબીનમાં

અમારી ચાલને લગતો નકશો હોવો જોઇએ; તેથી હું સુકાન છોડી ત્યાં ગયો. મારા ધારવા મુજબ નકશો મળ્યો, અને તેમાં જોતાં અમે આર્કીપેલેગોના સમુદ્રમાં ગ્રીકના પૂર્વ કિનારા આગળ હતા એવું માલુમ પડ્યું. એ વીશેની મારી ખાત્રી થતાં મેં બારીમાંથી બહાર જોયું, અને તેજ ઘડીએ હું પાછો વાત કરવાની નળી આગળ દોડ્યો. મેં ત્યાં જઇને બુમ મારી કે, મછવાઓ પાછા આવે છે, તમે કંઇ કરી શકો તેમ નથી ?"

ફરીને બહાર જોતાં બે મછવા અમારી તરફ આવતા જણાયા દેખીતું હતું કે અમો છટકી ગયા હોવાનો તેઓને વહેમ પડયો હશે, વખતે આગબોટનો પંખો ફરતો દેખાયો હશે, અથવા તો ભુંગળાંમાંથી કંઈ ધુમાડો નીકળતો તેઓએ જોયો હોય.

પોતાની નીચ ધારણામાં નીષ્ફળતા મળવાને લીધે એ લોકો બહુજ ખીજવાયા હશે, એ વિચાર આવતાં મને કુદરતી ખુશાલી લાગી, પણ તે ખુશાલી બહુ થોડાજ વખતની હતી. જો તેઓ બારકસની નજીક આવવા પામ્યા તો ઉઘાડું હતું કે અમો તેઓને ઉપર આવતા અટકાવી શકીએ તેમ હતુંજ નહીં. જો તેમજ થાય તો અમારી સ્થિતી દયાજનક થઈ પડે તેમ હતું. મેં ફરીને બહાર જોયું તો નજીકનો મછવો ફક્ત પા માઇલ જેટલેજ દુર હતો, અને હલેસાંના દરેક જોરે તે નજીક આવતો હતો. તેમાંના બે માણસો તો અમારાં બારકસને પકડવા માટે આંકડ વાળી લાંબી લાકડીઓ લઇને

તૈયાર પણ થયા હતા અને બે ત્રણ મીનીટમાં તેઓ પકડી પાડે તેમ હતું. મેં ફરી બુમ પાડી, " ખુદાને ખાતર જલદી ચલાવો, મછવા નજીક આવી પહોંચ્યા."

તરત જવાબ આવ્યો. " બહુ સારૂં. હવે ફીકર નથી. "

હું વળી આગળથી ખમું તેટલામાં આગબોટમાં એક આંચકો લાગ્યો, અને મારી અપાર ખુશાલી વચ્ચે બારકસ ઓછામાં ઓછા કલાકના આઠ નવ માઈલની ઝડપે ચાલવા લાગ્યું. હવે સાવચેતીની કંઇ જરૂર નહીં જોઇ હું પેલા મછવાની હીલચાલ જોવા ગયો, તો તે મછવાને બહુ દુર સ્થીર ઉભેલો જોયો. તેમાંનો એક જણ ઉભો થઇને દુરબીનની મદદથી અમારી હીલચાલ તપાસતો હતો. તેઓએ નાસીપાસ થઈ મછવા પાછા ફેરવ્યા. હવે તે પેલાં બારકસ સુધી જઈ બધી વાત કહે, ત્યાં સુધીમાં તો અમે બહુ દુર નીકળી જઇએ તેમ હોવાથી તે બારકસ પણ અમોને પકડી શકે તેમ ન હતું. વાત કરવાની નળી મારફતે મેં ઉત્તેજન આપવાનું ચાલુજ રાખ્યું, અને પાસેના યંત્રમાં જોતાં અમારી ઝડપ દર મીનીટે વધતીજ જતી જણાઈ. જો રાત સુધી આજ પ્રમાણે વધી શકીએ તો તેઓથી બચી જવાની અમારી લગભગ ખાત્રી હતી.

એ વખતે પાંચ વાગ્યા હતા અને અંધારૂં થવાને હજુ એક કલાકની વાર હતી, એટલો વખત અમે બચવા પામીએ તો કંઇ વધારે બહીક જેવું હતું નહીં. અમારો ખુદા મહેરબાન હતો, એટલે

અમોને ધાસ્તી ન હતી. અમારી લાચારીમાં ખુદાઈ મદદની અમોએ આશા રાખી હતી, અને બન્યું પણ તેમજ.

મેં હવે એક જણને મસલત કરવા ઉપર બોલાવ્યો. વુડસ પાશા તરતજ ઉપર આવ્યો. આ વખતનો તેનો દેખાવ જોઇ મારાથી આવા દુખના વખતે પણ હસાઈ જવાયું. ઉઘાડું માથું, પહેરણની બાંયો અરધી ઉંચી ચડાવેલા ખુલ્લા હાથ અને ચ્હેરા તથા કપડાં પર ઉડેલી કોલસાની ભુકીથી તેનો દેખાવ ફોટો પાડી લેવા જેવો થયો હતો!

" પેલું બારકસ કયાં છે ? " આવતાંની સાથેજ તેણે પુછ્યું.

જવાબમાં હું તેને બાજુએ લઇ ગયો, અને જ્યાં પેલું બારકસ ઉભું હતું તે તરફ આંગળી બતાવી મેં કહ્યું, " જુવો હવે મછવાઓ ઉપર લેવામાં આવ્યા છે, તેથી થોડીવારમાં તે આપણી પાછળ પડશે. હવે આપણે જલદી વંજો માપી જવો જોઇએ. શું આપણી ઝડપ તેના કરતાં નહીં વધારી શકીએ ? "

" નહીં. " તેણે જવાબ આપ્યો, " તમે જાણો છો કે અમે બધા અજાણ્યા છીએ. મુસ્તફા પાશાનો ચ્હેરો તમે હમણાં જુઓ તો તમને ખબર પડે કે તેના પર કેટલી ચીન્તા છે ? તે તો કહે છે કે, તે અજાણ્યો હોવાથી વખતે બળતીજ ચાવી ફેરવી હમેશને માટે તળીએ પણ બેસી જઇએ ? "

" હું આશા રાખું છું કે તેવું કંઇ બનશે નહિં. " મેં કહ્યું,

" આપણે બધા એટલું કબુલ કરીએ છીએ કે, તે ઘણું સારૂં કામ બજાવે છે. પણ ચાલો, આપણા પેલા દુષ્મનો શું કરે છે, તે તપાસીએ. પણ આ શું ? એ બારકસ દેખાતું કાં નથી ?" હું પોકારી ઉઠયો.

અમે ઘણો વખત આંખો તાણી જોયા કર્યું, પણ કયાંઇ એ બારકસનું નામ નીશાન પણ જણાયું નહીં. કુદરત અમારી મદદે આવી હતી. ગ્રીસના પુર્વ ભાગના કીનારા પર જે એકાએક અસાધારણ ધુમસ આવી પડે છે, તે ધુમસ અમારી મદદે આવ્યો હતો. બરાબર બોલું તો અમારા શત્રુઓને હંફાવવાને માટે ખુદાઈ શક્તિએ અમને ગેબી મદદ કરી હતી. યાદ રાખવાનું છે કે બરાબર અણીના વખતે અમારા દુષ્મનોની યોજનામાં ભંગાણું પાડી, ખુદાએ પોતાની ખુદાઈ શક્તિ જાહેર કરી હતી. અલ્લાહ રહીમ ! તારા ચમત્કાર અદભુત છે ! તારી શક્તિ અજગેબી છે ! ઇનસાનને બોધ લેવા જેવો આ બનાવ અમારાં જીગરમાં કોતરાઇ રહ્યો, અને મોઢેથી બોલીને નહીં પણ અંતઃકરણથી અમે તે કરીમે કારસાજનો આભાર માન્યો. અને તે મહાન પીતાની શક્તિની અચુક સાબીતી માટે અમે અમારાં સર ઝુકાવી થોડીવાર ખરાં જીગરથી બંદગી કરી.

પ્રકરણ ચોવીશમું.

છુટકારો.

ધુમસના લીધે હવે અમે જો કોઇના સાથે અથડી ન પડીએ, અથવા અમારી સામે કોઇ ન આવે, તો અમે દુષ્મનોના હાથથી ખરેખરો છુટકારો પામ્યા સમજીએ. હવે અમારે વિચાર કરવાનો રહ્યો તે એટલોજ કે કયે રસ્તે જવું ? હમણાં જે કીનારાની લાઇનમાં જઇએ છીએ તેજ ઠીક છે, કે સુકાન ફેરવી ખુલ્લા દરીયા તરફ જવું ?"

" ચાલુ સંજોગો જોતાં આપણી સલામતી માટે ખુલ્લો દરીયો વધારે ઉપયોગી કહેવાય." ડુડસ પાશાએ કહ્યું, " આ તરફનો કીનારો બહુ ખરાબ હોવાથી આવી ધુમસ વચ્ચે આપણે તેનાથી દુર રહેવું જોઇએ."

" હું એ બાબતમાં તમારા મતને મળતો થાઉં છું." મેં કહ્યું, " પણ આપણા બીજા દોસ્તોની ઇચ્છા શી છે ? "

" એમાં પુછવુંજ શું ? " તેણે કહ્યું, " આપણે બે મળી જે કરીએ તે તેઓને કબુલજ છે."

" ત્યારે ચાલો તેમ કરીએ." એટલું કહી મેં સુકાન ફેરવ્યું અને દરીયા તરફની વલાણ લીધી.

હવે સુકાન ડુડસ પાશાને સોંપી, શું કરવું તેની સમજ આપી હું નકશો જોવા પાસેની કેબીનમાં ગયો. નકશા ઉપરથી માલુમ પડયું

કે થોડા કલાક સુધી તો કંઇ ધાસ્તી જેવું હતું નહીં. જો કંઇ પણ ધાસ્તી હોય તો તે ધુમસના લીધે બીજા કોઇ બાગ્કસ સાથે અથડી પડવાની હતી, પણ અત્યાર સુધીનાં સારાં નસીબ ઉપર આધાર બાંધી અમો આગળ વધવા માંડયા.

મારા સાથીને મેં નીચે મોકલ્યો અને તેણે ફતહી બેકને જો કંઇ ખાવાનું મળે તો સ્ટીમર પરથી શોધી લાવવાનું જણાવ્યું. અ-મોને ભુખ કકડીને લાગી હતી, પણ હવે જીવનારજ કોણ હતું કે એ લોકો એક રોટલીનો ટુકડો પણ મુકતા જાય ? છેવટ ભુખે પેટે અમોએ અમારૂં કામ આગળ ચલાવ્યું.

રાત્રે કંઈ જાણવા જેવું બન્યું નહીં. ધુમસ પણ અમોને છોડીને ચાલ્યો ગયો. હવે ચોતરફ નજર ફેરવતાં આગબોટ કે વહાણ કંઇ પણ ન દેખાવાથી, સુકાન બરાબર બાંધી હું અમારાં બારકસની બા-જુની બતીઓ શોધવા ગયો, અને તે બેઉ બતીઓ તેની જગા પર મુકી સળગાવી. થોડીવારે કોલસાથી રંગાયલો એક આકાર મારી ત-રફ આવ્યો અને છેક પાસે આવતાં મેં તેને મુસ્તફા પાશા તરીકે પીછાણ્યો.

" કામીલ પાશા, અત્યાર સુધી તો બધું બરાબર ચાલ્યું છે. " તેણે ખુશી ભરેલા અવાજે કહ્યું, " પણ નીચેનું કામ ખરેખર વીકટ છે. હું હમણાંજ જરા ખુલ્લી હવા ખાવા અને તમે શું કરો છો તે જોવા ઉપર આવ્યો. મને લાગે છે કે તમે તો બહુજ થાકી ગયા હશો."

" અને તમે ક્યાં ઓછા થાક્યા હશો ? " મેં કહ્યું, ' હું હવે આપણી ચાલ જરા ઉત્તર ભણી ફેરવું છું, જેથી સહવાર પડતાં આપણે સ્ટીમરોના જતા આવતા રસ્તા પર પહોંચી જઇએ. મને લાગે છે કે એટલામાં આપણને મદદ મળી આવશે. હવે તમે એટલો વખત ટકી શકશો કે ? "

" એ સવાલજ કેવો ? " તે બોલ્યો, " એમ કરવા વગર છુટકોજ નથી. આજનો દિવસ ખરેખર બહુજ ભયંકર નીવડયો છે, પણ હવે મારે નીચે જવું જોઇએ. જરૂર પડે તો બોલાવજો."

" ઠીક છે. " મેં કહ્યું અને તેના જવા પછી સુકાન ફેરવ્યું. રાતનું આ કામ કેટલું મુશ્કેલ હતું તેનો ખ્યાલ વાંચનારાંએજ કરી લેવો. ચાલુ ચીન્તા અને ઉજાગરા સાથે ઠંડી રાતનું આ કામ બીજાને માટે ફાવે તેવું મુશ્કેલ હોય પણ મોત જીવીતનાં સાટાં વચ્ચે મને એ કશાંની દરકાર ન હતી. થોડી થોડી વારે હું ઉપર જઇ આસપાસ બારીક નજર ફેંકતો અને પાછો સુકાન આગળ આવતો. મારી ઉપર બેચાર વખત ઉંધે એટલો ગલબો કર્યો કે હું મહા મુશ્કેલીએ જાગૃત રહી શકયો. રાત પુરી થઈ અને સુર્યનાં કીરણ દેખાયાં. હવે મને જરા ધીરજ આવી અને હું ઉપર તપાસ કરવા ગયો. ચો તરફ નજર કરતાં કોઇપણ વહાણ કે સ્ટીમર કંઇ દેખાયું નહીં.

સાત વાગતાના સુમારે જ્યારે ભુખ સહન ન થઇ શકી, ત્યારે મેં નળી મારફતે પોકાર કરી એક જણને ફરી ખોરાકની શોધમાં જવા

કહ્યું. મુસ્તફા પાશાએ જવાબ આપ્યો કે હમણાંજ બુડસ પાશા ઉપર આવે છે. થોડી મીનીટમાં બુડસ પાશા ઉશ્કેરાયલી હાલતમાં મારી આગળ આવ્યો.

" આગબોટ ! આગબોટ દેખાય છે ! " તે બોલ્યો, " હું ભુલતો ન હોઉં તો તે એક મનવાર છે અને પાંચેક માઇલ દુર હશે."

તુરતજ હું દોડયો અને તેની સાથે બાજુ પર જઈ જોવા લાગ્યો તો ખરેખર એક મોટી મનવાર અમારાથી પાંચ માઇલ દુર માલુમ પડી. તેને અમારા તરફજ આવતી જોઈ, મેં નળી મારફતે અમારી આગબોટને થોભાવવાનો હુકમ આપ્યો. પછી બુડસ પાશાને સુકાન સોંપી હું વાવટા રાખવાની જગ્યાએ દોડયો. તેમાંથી ટરકીશ વાવટો શોધી કાઢી અરધી કાઠીએ ચડાવીને દુખની નીશાની કરી અને પાછો જઇ મનવારની હીલચાલ જોવા લાગ્યો. સવારની ખુશનુમા લહેરી વચ્ચે તે મનવારને પોતાનો રસ્તો દમામદાર રીતે કાપતી જોઇ, તેની મદદ અમને કેવી આવકાર દાયક હતી તેનો વિચાર આવતાં હું ખુશાલીથી અરધો દિવાનો થઇ ગયો.

પાછો ઉપરના ભાગ ઉપર જતાં મારા સઘળા સાથીઓને ત્યાં આતુરતાથી ઉભેલા જોયા. અમે બધા ગંભીર ચુપકીદી વચ્ચે તે મનવારની હીલચાલ તપાસતા ઉભા. થોડીવારે તે મનવાર પરથી કંઇ નીશાની થતી જોઇ, પણ અમે અજાણ્યા હોવાથી કંઇ સમજ ન પડવાથી ચુપ થઇ ઉભા રહ્યા. મનવારના કેપ્ટન તેની મતલબ સમજી

ગયેલો હોવો જોઇએ. કારણ તે અમારાથી લગભગ અરધો માઇલ દુર આવી ઉભી રહી, અને તેના પરથી એક મછવો ઉતારવામાં આવ્યો. જે અમારી તરફ આવવા ઉપડયો.

તે મછવામાં થોડાક ખલાસીઓ સાથે એક જુવાન અમલદાર પણ બેઠો હતો. થોડી મીનીટમાં તે મછવો અમારી નજીક આવ્યો અને પેલો અમલદાર અમે જ્યાં ઉભા હતા ત્યાં તુટક પર આવ્યો. તેણે અમોને બિલકુલ ઓળખ્યા નહીં. આવતાંની સાથેજ તે બોલ્યો, "કેમ ભાઇઓ, આ ભયની નિશાનીની મતલબ શું? તમારી આગબોટ તો સલામત લાગે છે!"

"આગબોટ તો સલામત છે," મેં કહ્યું, "પણ અમે અહીંથી ઉતરી જવા માગીએ છીએ. ચાર માણસથી કંઇ આગબોટ ચલાવી શકાય નહીં."

"પણ બીજાં માણસો કયાં ગયાં?" તેણે અજબ થઇને પુછ્યું.

"તે બધાં ગઇ કાલેજ આગબોટ છોડી ગયાં." તેને હજુ ભરમમાંજ રાખવા મેં ભળતો જવાબ આપ્યો.

"ત્યારે તમે ચાર જણા આ આગબોટ પર શું હોદ્દો ધરાવો છો?" તેણે અજાયબીથી પુછ્યું.

"અમે ઉતારૂઓ છીએ." વુડસ પાશાએ જવાબ આપ્યો, "અને મારા આ દોસ્ત કહે છે તેમ આ આગબોટ છોડીને તમારી મનવાર પર આવવા બહુજ આતુર છીએ."

" એ ઠીક છે." તે બોલ્યો, " પણ એમ કંઇ ચાલે નહીં. અમારો કપતાન કંઇ એમ કબુલ કરશે નહીં, પણ તમારાં નામ ? "

આ સવાલનીજ રાહ હું જોતો હતો, તેથી પુરતી ગંભીરાઇથી બોલ્યો, " આ ગૃહસ્થ તુરકીશ સંસ્થાન ખાતાના પ્રધાન લેફટેનન્ટ મુસ્તફા પાશા છે, આ બીજા ગૃહસ્થ ટરકીશ લશ્કરના વડા કમાન્ડર-ઈન-ચીફ઼ બુડસ પાશા છે, તમારી બાજુ પરના ગૃહસ્થ કરનલ ફતહી બેક છે અને હું ટરકીશ પ્રધાન મંડળનો સભાસદ કામીલ પાશા છું. "

" બસ, બસ. બકબક ન કરો ! મને કંઇ નાદાન સમજો છો કે ? " તે ગુસ્સાથી બોલ્યો, " તમે તમારા મનમાં શું સમજો છો ? "

આમ બોલતાં તે અમારા તરફ બહુ બારીકીથી જોતો હતો. પછી વિચાર કરી બોલ્યો, " અમે સારી રીતે જાણીએ છીએ કે એ ચારે જણા તો મરણ પામ્યા છે."

" પણ ભલા માણસ," બુડસ પાશા બોલ્યો, " જ્યારે અમોને બરાબર પીછાણશો ત્યારે સમજશો કે તમારૂં જાણવું ખોટું છે. કારણ કે તે ચારે જણા તો જીવતા જાગતા અત્યારે તમારી સામેજ ઉભા છે. "

" મને લાગે છે કે આપણામાંથી એક જણ આ મનવારના કેપટન ઉપર ચીઠ્ઠી લખીએ તો ઠીક." મુસ્તફા પાશા બોલ્યો, અને

પેલા અમલદાર તરફ જોઇને ઉમેર્યું, " મારા સાહેબ, અમારૂં કહેવું ખરૂં માનવામાંજ ફાયદો છે. જ્યારે તમે અમારી વીગત જાણશો ત્યારે તમોને ખાત્રી થશે કે અમારૂં કહેવું ખરૂં છે. તમે જરા અમારી સાથે કેબીનમાં આવશો ? "

તે અમારી સાથે આવ્યો અને કેબીનમાં ગયા પછી, મુસ્તફા પાશાએ તે મનવારના કેપટન ઉપર એક ચીઠ્ઠી લખી, જે તરતજ પેલા મછવા મારફતે મનવાર પર મોકલવામાં આવી. હવે અમે ચારે જણા હાથ મોહડું ધોઈ કપડાં પહેરી તૈયાર થયા અને તેજ વખતે પેલા અમલદારની પણ ખાત્રી થતાં, તેણે તરતજ પ્રથમ બતાવેલી તોછડાઇને માટે માફી માગી. અમે તેને ધીરજ આપી, તે માટે ફીકર કરવા ના કહી. તેણે અમોને ન ઓળખ્યા તેમાં કંઇ તેનો વાંક ન હતો. અરધા કલાકમાં મનવારનો કેપટન અમારી આગળ આવ્યો અને અમારી કહાણી સાંભળી અજાયબીમાં પડયો.

" તમારી આ કરૂણા રસીક કહાણી તુરકીમાં જાહેર થતાં કેવી જોસભર ચરચા ચાલશે, તે સમજી શકતો નથી." તે બોલ્યો. "પણ તે બારકસથી છુટા પડવાને તમોને કેટલો વખત થયો છે, તે જણાવશો ? "

તેને જોઇતી ખબર આપવામાં આવી અને વધુ ખાત્રી માટે પેલો નકશો પણ બતાવવામાં આવ્યો. તેણે તેમાંથી કંઈ નોંધ ટપકાવી લીધી, અને અમોને મનવાર પર લઇ ગયો.

થોડાક અમલદારો અને ખલાસીઓ અમારાં બારકસ ઉપર આ-વ્યા. અને થોડાજ કલાક પહેલાં જે બારકસ દરીયાને તળીએ જઇ અમારી કબર થઇ પડવાનું હતું તેને છેલ્લી સલામ કરી અમે નીચે ઉતર્યા.

મનવાર પર પહોંચતાંની સાથેજ કેપટને મસલત ચલાવા સારૂ અમલદારોની એક સભા બોલાવી, અને પરીણામમા અમે દુષ્મનના બારકસની શોધમાં નીકળ્યા. ત્યાર પછી અમોને કોઈ નજીકના બંદરે ઉતારવાનો ઠરાવ કર્યો.

" તેટલા વખતને માટે મહેરબાનો, " કેપટન બોલ્યો. " તમે મારા માનવંતા પરોણા તરીકે રહો. આખા દરીયા વરધી ખાતામાં આજે મારા જેટલો બાગ્યશાળી કોઈ નહીં હશે, કારણ કે તમારા જેવા ચાર રાજદ્વારીઓનો છુટકો કરવાનું મારા નશીબમાં હતું. ન-સીબ દેવી કંઇ હમેશાં એવી રીતે પ્રસન્ન થતી નથી. "

તેના આ શબ્દો ખરાજ હતા.

પ્રકરણ પચીસમું.

છેવટ-કર ને જો.

હવે મારી આ કરૂણા રસીક કહાણી લગભગ પુરી થઇ છે, તે છતાં થોડી બાબત આ જગ્યાએ જણાવવી ઉપયોગી હોવાથી ટપકાવી લઉં છું.

કેપટનની ગોઠવણ મુજબ અમે તે બારકસની ઘણી શોધ કરી; પણ બિલકુલ પત્તો મળ્યો નહીં. અમે ગાલીપોલીને બંદરે પહોંચ્યા, અને ત્યાં બહુજ અસાધારણ અને બીલકુલ વકી બહારની ખબર મળી. એ બારકસ તે બંદરેથી દસેક માઇલ દુર ખરાબે અથડાયું અને એક કલાકમાં તો ભાંગીને ટુકડે ટુકડા થઇ ગયું હતું.

હવે તે તુટેલું બારકસ અમારા દુષ્મનોનુંજ હતું તેની ખાત્રી કેમ થઇ તે હું જણાવીશ. બંદર પર ઉતરી તપાસ કરતાં એક બુઢા માણસે ખબર આપ્યા કે, ફક્ત એકજ લાશ અને તે પણ સ્ત્રીની ત્યાં તણાઇને આવી હતી. તે લાશ હજુ દફનાવેલી ન હોવાથી તેની અરજ ઉપરથી અમે જોવા ગયા. અમારી તો લગભગ ખાત્રી હતી કે એ લાશ કોણની હોવી જોઇએ ? અને લાશ જોતાં અમારી એ ખાત્રી સંપુર્ણ થઇ. તે લાશ પેલીજ કાઉન્ટેસ બીવ વેલેન્ટાઈનની હતી, જેણીએ અમારો નાશ કરવાનું ભયંકર કાવતરૂં રચ્યું હતું.

ત્યાંથી બહાર આવ્યા પછી મુસ્તફા પાશા બોલ્યો, " કામીલ પાશા, મહાન ફીલસુફોનાં વાકયો ખોટાં નથી. આપણે સ્વપ્ને પણ નહીં ધારી શકીએ તેવા બનાવો આ દુનીયાં પર બને છે, આ ઓરત કે જેણી હમણાં થોડા વખતમાં ધુળ સાથે મળી જશે, તેણીએ આપણો નાશ કરવાનું કાવતરૂં રચ્યું, પણ તે કરીમે કારસાજની મહેરબાનીથી ઉંધું વળ્યું. તેણી પોતાનાં નીચ કરતુકોનો જવાબ આપવા કયામતને વાયદે કબરવાસ થઈ છે, જ્યારે આપણે સહી સલામત બચવા પામ્યા છીએ. માણસને અહીં ધડો લેવા જોગ અને ગોખી રાખવા જોગ ધણું છે. "

" પણ તેણીના બીજા સાથીઓનું શું થયું હશે ? "

" તમારે ખાત્રી રાખવી કે તે પણ દરીયાને તળીયે ગયા. " મુસ્તફા પાશાએ કહ્યું, " જેઓ આપણો નાશ થયેલો જોવાને આંખો ફાડી રહ્યા હતા, તેજ ફના થઇ ગયા અને આપણે બચી ગયા. 'બંદા ચાહે શું અને ખુદા કરે શું.' એ કહેવત કંઈ ખોટી નથી. પોતાની નીચ યુક્તિમાં નાસીપાસ થઇ, જે મોત આપણે માટે ઉભું કરેલું તેજ મોતે તેઓ મુવા અને આપણે છટકી ગયા, એજ બનાવ તે પરવરદીગારની અદભુત સક્તીનો અચુક પુરાવો છે. "

અમે ઇસ્તંબુલ પહોંચ્યા. અમો જીવતા જાગતા પાછા ફરવાની, અને અમારા પર વીતેલ કહાણીનો હેવાલ જાહેર થતાં લોકોમાં જે

અંજબ જેવી ચર્ચા થઇ રહી, તેનું વર્ણન કરવાની મારી કલમમાં તાકાત નથી. ફક્ત તુરકીમાંજ નહીં પણ આખી દુનીયાંના દરેક ભાગમાં તે અસાધારણ બનાવનો હેવાલ અજાયબી અને આતુરતાથી વંચાયો અને-પણ બસ. આ બનાવને લગતા અસર કરનારા શબ્દો મને નહીં મળવાથી મારી વાત હું અહીંજ પુરી કરૂં છું.

હા ! ઇનિસાન ! પાક પરવર દેગારની અનેક પેદાશો પર હાકેમી ચલાવતાં ઇનિસાન ! જો કે તારો દરજ્જો હેવાન કરતાં તે કીરતારે ઘણી બાબતોમાં ચઢીઆતો કર્યો છે, તે છતાં ઓ માનવી ! તું સેતાનીયતનાં કામ કરવા હાથ ઉંચકે ત્યારે યાદ રાખજે કે 'કર ને જો' બધું અહીંનું અહીંજ છે. અને છેલ્લી ઘડીએ તે સર્વ શક્તીવાન કીરતારનો છુપો પણ લાંબો હાથ તારી દરેક ચાલાકીને તોડી પાડી તને ધુળમાં રગદોળશે !

સમાપ્ત.

ધી ન્યુ ફોનોગ્રાફ ગાયનમાળા

અથવા

રેકર્ડ ગાયન સંગ્રહ

ભાગ ૧-૨-૩-૪ ૫-૬-૭-૮.

કંપલીટ ૨૦૦૦ ગાયનોનો મોટો જથ્થો.

આ અમારૂં સ્પેશીયલ શીલેકશન ખાસ ચુંટી કાઢેલું છું ભરીને રૂપીઆ ખરચતાં એકઠું ન કરી શકાય તેવા પ્રમાણનાં ગાયનોના એક એકથી ચડતી ચીજોનો સંગ્રહ કરેલો છે.

કીંમત ફક્ત રૂપીઆ ત્રણ.

વી. પી. ખર્ચ જુદું.

આ શીલેકશન (સંગ્રહ) કચરાપટ્ટી નથી. એમાં પ્રખ્યાત નાટકો ગાંહેલા જાણીતા માનીતા અને લોકપ્રીય ચુનંદા એક્ટરોએ ગાયલા ગાયનો, પ્રખ્યાત ગવૈયાઓ અને ગાનારીઓના મીઠા કંઠ સ્વરમાંથી ગવાયલા દીલપસંદ, રાગ રાગણી સાથેના ભરપુર મધુર ગાયનો ભરેલા છે. તેમજ ભાવનામય ગાયનો ભજનો, કાવ્યો વીગેરેનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે.

મેસર્સ લલ્લુભાઇ નારણદાસ એન્ડ સન્સ.

લીમડાચોક-સુરત.